વર્ષ ૧૪ : અંક ૧૨ : ફેબ્રુઆરી ૧૯૫૮ :

# કલ્યાણ

## વિનાશની હોળી

શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી.

ઘણા માણસો એમ માનતા હોય છે કે નાતજાત કે સમાજના વાડાઓ તોડયા વગર મુક્ત હવા મળી શકતી નથી....પ્રગતિ સાધી શકાતી નથી અથવા તો જડતા દૂર થતી નથી.

પરંતુ આવું કહેનારા માણસો પોતાના પગ તળે જલતી આગ જોતા જ નથી.... કારણ કે આવું કહેનારા વર્ગે પણ એક વાડો રચ્યો હોય છે. પછી એ વાડો રાજનૈતિક હોય, સાંસ્કારિક હોય, સામાજિક હોય કે ગમે તે પ્રકારનો હોય અને એ રીતના અદ્યતન વાડામાં શિસ્ત નામની જે સોનેરી જંજીર બિછાવવામાં આવી હોય છે તે માનવીના મુક્ત મનને પણ ઝકડી લેતી હોય છે. માનવી પોતાના પ્રામાણિક વિચારોથી વિરુધ્ધ કાર્ય કરવા માટે તૈયાર થતો હોય છે. શિસ્તના સુંવાળા નામ પાછળ છુપાયેલી માનસિક ગુલામી એ વાડામાં ભળેલા માનવી માટે કાતિલ વિષ બની જાય છે. માનવીના મનમાં જુદું હોય છે, ને જીભ પર પણ જુદું હોય છે.

સત્ય, પ્રેમ અને અહિંસાના ખુલ્લા અપમાન જેવા આજના અદ્યતન વાડાના નાયકો જો આર્યોએ રચેલી સમાજવ્યવસ્થાને તોડવાનો બકવાદ કરતા હોય તો તે કેવળ પોતાની નિર્બળતા છુપાવવા ખાતર અથવા તો પોતાના સ્વાર્થને પોષવા ખાતર જ કરતા હોય છે.

જે સમાજરચના હજારો વર્ષથી સ્થિર થયેલી છે, જે સમાજરચનાએ કદીપણ માનવીના આધ્યાત્મિક, નૈતિક અને સાંસ્કારિક વિકાસમાં અવરોધ કર્યો નથી, જે સમાજ-રચનાએ ભારત જેવા વિરાટ દેશની વિધવિધ ભાષા, પ્રજા, ધર્મ વગેરેને પ્રેમના એક જ સૂત્ર તળે બાંધી રાખેલ છે, જે સમાજરચના આર્થિક ઘટકોના સુંદર ગણતંત્ર સમી સફળ બની છે, જે સમાજરચનામાં દેહવિજ્ઞાનનો ઉચ્ચતમ ગણાતો રક્તશુદ્ધિ અને પ્રજાશુદ્ધિનો આદર્શ સફળ રૂપે પુરવાર થઈ શકયો છે.

જે સમાજરચનાએ રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, મનુ, સીતા, અહલ્યા, ચંદનબાળા જેવા એક નહિં પણ અસંખ્ય રત્નો યુગેયુગે આપ્યાં કર્યાં છે.

જે સમાજરચના કદીપણ ઘર્ષણ રૂપ કે માનવી પર માનસિક ગુલામી લાદવા જેવી ભયંકર બની શકી નથી.

આવી ભવ્ય સમાજરચનાનો વારંવાર નાશ કરવાની વાતો કરનારાઓ પોતે કેવી વાડાબંધી, દલબંધી, ગુટબંધી અને કાયમી ઝઘડાની જડ જેવી ઇમારત ખડી કરી રહ્યા હોય છે ?

અને આ દીવા જેવી વાત તેઓની પરાયા દોષ જોવા ટેવાયેલી આંખોને કદીપણ દેખાતી નથી.

અદ્યતન વાડાબંધીએ ભાષાવાદનો ભડકો જલાવ્યો હતો....એમાંથી ગોળીબારો સરજાયા હતા, ધરપકડો સરજાઇ હતી, આંદોલનો ઉભાં થયાં હતાં, એક બીજા પ્રાંતોએ પરસ્પરના પ્રેમભાવને નેવે મૂકી જાણ્યે સમરાંગણ સરજ્યું હતું.... પ્રાચીન સમાજરચનાનો નાશ કરવાની વાહિયાત વાતો કરનારાઓને હું પ્રશ્ન કરૂં છું કે ઇતિહાસમાં એવો એક પણ પ્રસંગ છે કે આર્યોની સમાજરચનાએ ભાષાવાદ જેવા ક્ષુદ્ર પ્રશ્નો ખાતર અદ્યતન વાડાઓ જેવી સંહારલીલા ઉભી કરી હોય !

ઇતિહાસમાં એકપણ પ્રસંગ નહિં મળે !

આજનો વાડાવાદ પ્રતિપક્ષીને જરાયે સહી લેતો નથી. આર્યોની સમાજરચનાએ કોઇનો તિરસ્કાર કર્યો નથી.

આજનો વાડાવાદ કેવળ ભૌતિક અને રાજકીય લાલસાનો કિચડ બિછાવતો હોય છે.

આર્યોની સમાજરચના માનવીના પ્રાણમાં પ્રેમ, ત્યાગ, અહિંસા અને સત્ય જેવા તત્ત્વો જળવાઇ રહે તેની જાગૃતિ રાખે છે.

આજનો વાડાવાદ માનવી માનવી વચ્ચે હિંસા, દ્વેષ, સ્વાર્થ, સંગ્રામ અને કલહની ચિનગારીઓ પાથરતો હોય છે.

આર્યોની સમાજરચનાએ તો વિધર્મીઓ, વિદેશીઓ કે આક્રમકોને પણ પોતાના ઉદાર અંતરમાં સમાવી લીધા છે.

આજનો અદ્યતન ગણાતો વાડાવાદ વિલાસ, લાલસા, અનીતિ અને એવાજ કુસંસ્કારોને જીવનની કલા અથવા તો વિશેષતાના નામે બિરદાવી એક નૈતિક અધઃપતન સર્જતો હોય છે.

આર્યોની સમાજરચનાએ કદીપણ આવું પાપ કર્યું નથી. એણે ત્યાગને જ વરદાન માન્યું છે. એણે સમભાવના આદર્શને વિશ્વશાંતિનો મંત્ર માન્યો છે.

આર્યોની સમાજરચનાને તોડવા માટે વારંવાર ગર્જનાઓ કરી રહેલા આપણા રાજદ્વારી આગેવાનો કે સામાજિક આગેવાનો કે બીજા આગેવાનો જો પોતાના હાથે સર-જાઇ રહેલા શ્મશાનઘાટને મધ્યસ્થ દષ્ટિથી નિહાળવા જેટલું ધૈર્ય રાખતા હોય તો સંભવ છે કે, તેઓ કદીપણ વિનાશની મશાલ હાથમાં લઇને ઘુમતા ન હોત પરંતુ શુદ્ધિ અને સંસ્કારની મશાલ લઇને એક નવો પ્રકાશ પાથરવાનો પ્રયત્ન કરતા હોત !

પણ રાષ્ટ્રના કહો કે આ દેશની માનવજાતના કહો, એવાં દુર્ભાગ્ય બેઠાં છે કે આજના આગેવાનોના અંતરમાં ધૈર્ય નામનો અથવા તો સમીક્ષા કરીને વિચાર કરવાનો કોઇ ગુણ ભાગ્યેજ દેખાતો હોય છે !

અને આવા અનધિકારી માણુસો આજ આર્યોની સમાજરચનાના વિનાશના ગભારા ચડાવતા હોય છે.

શા માટે ?

અજ્ઞાન અને અસંતોષની ઘેરી છાયાનો આ પ્રભાવ છે.

રાજકીય સ્વાર્થો અને બીજાના અહિતથી પોતાનું હિત કરવાની ઘેલછાનું આ પરિણામ છે.

ગઇકાલે જે હતું તે ખરાબ જ હતું એ વાત સિધ્ધ થઇ શકતી નથી. આજે જે રચવામાં આવે છે તે ગઇકાલ કરતાં ઉત્તમ બનશે એવી કોઇ આશા ઉભી થતી નથી. અને માત્ર વિનાશની હોળી ચગાવવામાં આવે છે.

આર્યોની સમાજરચના એ વાડાબંધી નથી.... માત્ર આર્થિક ઘટકો અને સામાજિક ઘટકો સુમેળપૂર્વક રહી શકે એવી એક નક્કર ભૂમિકા છે. આ નક્કર ભૂમિકાનો નાશ કર્યા પછી ભારતીય જનતા સામે એવી કોઈ નક્કર ભૂમિકા નહિં મૂકી શકાય કે જે ભારતીય જનતાના ધર્મને, સંસ્કારને, નીતિને અને ચારિત્ર્યને ટકાવી રાખવામાં સહાયક બને !

રાજકીય મદથી દિવાના બનેલા માણુસો ગમેતેવો બકવાદ કરે તો પણ લોકોએ તેના શબ્દો સામે જરાયે ધ્યાન ન આપવું જોઈએ. લોકો આટલું કરશે તો વિનાશની હોળીને આપોઆપ વિદાય લેવી પડશે.

❀


## ‘કલ્યાણ’ માસિકની ફાઈલો

‘કલ્યાણ’ને આજે ચૌદ વર્ષ પુરાં થયાં છે. તેમાં પહેલા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી. બાકીના વર્ષની ફાઇલો પણ જુજ છે. પાછળથી વધુ કિંમત ખર્ચતાં પણ મળવી મુશ્કેલ છે.

દરેક ફાઇલમાં ધાર્મિક કથા-વાર્તાઓ, શંકા-સમાધાન, જ્ઞાન-ગોચરી, મધપૂડો, વહેતાં વહેણો, સમયનાં ક્ષીર-નીર વગેરે વિભાગોથી સમૃદ્ધ અવનવું સાહિત્ય પીરસવામાં આવ્યું છે હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય.

દરેક બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂા. પાંચ. પોસ્ટેજ અલગ. જે ફાઇલો હશે તેજ રવાના થશે.

કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વ પરિચય:** રાજકુમારી કલાવતીનું પાણિગ્રહણ શંખપુરના રાજા શંખસેનની સાથે થાય છે, રાજા શંખસેને કલાવતીની પ્રતિજ્ઞા પૂરીને મહોત્સવપૂર્વક પાણિગ્રહણ કર્યું, ને નવપત્નીને લઇને રાજા પોતાના નગરભણી વિદાય લે છે. શંખરાજાનાં રાજ્યમાં તથા રાજકુલમાં કલાવતીના ધાર્મિક જીવનના સંસ્કારોનું સુંદર પ્રતિબિંબ પડે છે. મહારાણી ગર્ભવતી બને છે, દેવશાલ નગરથી કલાવતીને લેવા પરિવાર સાથે મંત્રીને મોકલવાનું વિજયસેન રાજા નક્કી કરે છે. યુવરાજ જયસેન તે વેળા ગેરહાજર છે. કાપાલિક તામ્રચૂડ પોતાના સ્વાર્થને વશ થઇ સાત કુમારિકાઓનું બલિદાન આપવા તૈયાર થયેલ છે. તેમાં પાંચ કુમારિકાઓનું તેણે અપહરણ કરાવેલ છે, જેમાં યુવરાજ જયસેનના મિત્ર આર્ય પ્રફુલ્લની બ્હેનનું પણ અપહરણ થયેલ છે. આ કારણે યુવરાજ અને પ્રફુલ્લ તામ્રચૂડની ગુફામાં માયાવી રીતે પ્રવેશ કરી, તામ્રચૂડના બે શિષ્યોને ઉઠાવી જાય છે. હવે વાંચો આગળ

## પ્રકરણ ૧૬ મું

## શાપિત કંકણ

આર્ય પ્રફુલ્લ જરાયે પદસંચાર ન થાય તે રીતે ગુફામાં ફરીવાર દાખલ થયો અને લપાતો છૂપાતો મહાકાળીની મૂર્તિવાળા ખંડ પાસે પહોંચ્યો.

તેણે જોયું તો યુવરાજ જયસેન સાથે તામ્રચૂડ ખુશ મિજાજથી વાતો કરી રહ્યો હતો, તામ્રચૂડ અપંગ બની ગયો હતો, છતાં તેના ચહેરા પરની ભયંકર રેખાઓ જરાયે ઝાંખી નહોતી પડી, તેની વિશાળ આંખો એવી ને એવી તેજસ્વી હતી. તેના ભવ્ય કપાળ પર કુમકુમનું વિલેપન એની ભયંકર મુદ્રાને વધારે ભયંકર બનાવવામાં સહાયક જણાતું હતું.

એ પળ જોયા કરી આર્ય પ્રફુલ્લે સાંકેતિક ખોંખારો ખાધો. ખોંખારો સાંભળતાં જ જયસેન સમજી ગયો કે બંને શિષ્યો પકડાઇ ચૂકયા છે. પરંતુ તામ્રચૂડે દ્વાર તરફ નજર કરતાં પ્રચંડ સ્વરે કહ્યું: "કોણ આવે છે?"

જયસેને ઉભા થઇ દ્વાર તરફ જોતાં કહ્યું: "કોઈ દેખાતું નથી મહારાજ!"

"હમણા જ કોઇનો ખોંખારો મને સંભળાયો... જરા તપાસ તો કર!" તામ્રચૂડે જયસેનને કહ્યું.

પરંતુ જયસેન તપાસ કરવા ન ગયો. તેણે તરત તામ્રચૂડના બંને હાથ પકડી લીધા.

તામ્રચૂડ ચમકયો અને બોલ્યો. "અલ્યા વનવાસી, મને શા માટે પકડે છે? મૂર્ખના સરદાર! હું તને તપાસ કરવાનું કહું છું."

ઉત્તરમાં જયસેન ખડખડાટ હસી પડયો અને પ્રફુલ્લ પણ આવી ગયો. પ્રફુલ્લે જરાયે વિલંબ કર્યા વગર તામ્રચૂડના મોઢામાં કપડાનો ડૂચો ઠસાવી દીધો.

તામ્રચૂડ ધુંવાં ફુવાં થઇ રહ્યો હતો. પણ થાય શું? જયસેને એના બન્ને હાથ એક રેશમી દોરી વડે પીઠ પાછળ રાખીને બાંધી દીધા.

અકળાયેલો તામ્રચૂડ કાળઝાળ થઇ ગયો હતો પણ બોલે કેવી રીતે? વકરેલા વાઘ માફક તે શરીરને હલાવવા લાગ્યો.

યુવરાજ જયસેને કહ્યું: 'તામ્રચૂડ, અમે કોઇ વનવાસી નથી પણ તારી પાપલીલાનો અંત લાવવા આવ્યા છીએ. ધર્મના નામે અને મેલી વિદ્યાના જોર પર તું માનવરક્તનું પાન કરી રહ્યો છે, નિર્દોષ કન્યાઓને ઉઠાવી લાવી એના જીવન બરબાદ કરી રહ્યો છે અને ધર્મના ઓઠા પાછળ તારી પાપલીલાઓ પોષી રહ્યો છે તારા બંને શિષ્યોને મારા સૈનિકોએ પકડી લીધા છે. આજ અમે આ તારા પાપસ્થાનનો નાશ કરવાના છીએ."

તામ્રચૂડ ઘણો વ્યાકુળ બની ગયો હતો......

મારણ મંત્ર વડે બંનેનો નાશ કરવાની પણ તેના પ્રાણમાં ભાવના જાગી હતી... પણ મોઢું બંધ હતું... હાથ બંધાયેલા હતા. મારણમંત્રનું આરાધન જે મુદ્રા વડે થવું જોઇએ તે થઈ શકે તેમ નહોતું.

આર્ય પ્રફુલ્લે કહ્યું: તામ્રચૂડ ! તું મેલી વિદ્યાના બળ વડે કશી ધમાલ ન મચાવે એટલા ખાતર જ તારા હાથ બાંધ્યા છે ને તારા મોઢામાં ડૂચો ભરાવ્યો છે." ત્યારપછી તેણે જયસેન સામે જોઇને કહ્યું: "મિત્ર, આ ગુફા અંદર મોટી હોય એમ લાગે છે. અંદર ગુપ્ત ખંડો પણ હશે અને એ બધી તપાસ આપણે કરી લેવી પડશે. હું આપણા સૈનિકોને બંને કેદીઓ સાથે અહીં લઇ આવું."

તરત પ્રફુલ્લ ગુફા બહાર નીકળી ગયો. બહાર નીકળ્યા પછી તેણે પોતાની ભેટમાં છૂપાવેલો શંખ બહાર કાઢીને શંખનાદ કર્યો.

શંખનાદ સંભળાતાં જ બધા સૈનિકો જે આસ-પાસ છૂપાયા હતા તે બહાર નીકળ્યા.

આર્ય પ્રફુલ્લે એક સૈનિક સામે જોઇને કહ્યું: "તમે બધા ગુફામાં આવો. પેલા બંને કેદીઓને પણ સાથે જ લેતા આવજો."

આટલું કહીને આર્ય પ્રફુલ્લ પાછો ગુફામાં ચાલ્યો ગયો અને થોડી જ વારમાં બંને કેદીઓ સાથે સૈનિકો પણ ગુફામાં દાખલ થયા.

પોતાના ગુરુદેવને આ રીતે બંધનાવસ્થામાં પડેલા જોઇને નંદક અને શ્રીપદ ભારે વિહ્વળ બની ગયા... પરંતુ તેઓ નિરુપાય હતા. તેઓના મોઢામાં ડૂચા ભરાવેલા હતા. હાથ પગ મજબુત બાંધેલા હતા.

જયસેને પોતાના સૈનિકો સામે જોઇને કહ્યું: "અહીં ત્રણ જણ રોકાય. આ નરાધમો કંઈ પણ ધમાલ કરે તો તરત તેઓનાં મસ્તક ધડથી જુદાં કરી નાખજો."

ત્યારપછી પ્રફુલ્લ અને અન્ય સૈનિકોને લઇને જયસેન ગુફામાં અન્ય ખંડો તપાસવા ગયો.

ગુફામાં અન્ય ખંડો માત્ર ચાર જ દેખાયા અને એ ચારે ય ખંડો સાવ ખાલીખમ હતા. જયસેને કહ્યું: "મિત્ર, આ ગુફામાં કોઇ ભેદી ખંડો ને ગુપ્ત માર્ગો હોવા જોઈએ. આપણે હમણાં જ સાંભળ્યું હતું કે બલિદાન માટે પાંચ કન્યાઓ એકત્ર કરવામાં આવી છે. તો તે ગમે તે ગુપ્ત ખંડમાં જ હોવી જોઇએ."

"આપની વાત સત્ય લાગે છે. પરંતુ ગુપ્ત ખંડો કે એનો માર્ગ આપણને મળે કેવી રીતે ?"

તામ્રચૂડ એટલો ખંધો છે કે કશું નહિં બોલે પરંતુ એમના શિષ્યોને ચૌદમું રત્ન દેખાડવામાં આવશે તો જરૂર સફળતા મેળવી શકાશે." યુવ-રાજે કહ્યું.

બંને મિત્ર મુખ્ય ખંડમાં આવ્યા.

તામ્રચૂડ અને તેના બંને શિષ્યો બંધનાવસ્થામાં પડ્યા હતા અને મનથી ભારે વ્યાકુળતા અનુભવી રહ્યા હતા. આર્ય પ્રફુલ્લે નંદક પાસે જઇને પ્રશ્ન કર્યો. "પાંચે ય કુમારિકાઓને કયાં છૂપાવી છે ?"

નંદક સળગતી આંખે જોઈ રહ્યો.

પ્રફુલ્લે ફરીવાર કહ્યું: તું અમારી આગળ ચાલ અને અમને માર્ગ બતાવ."

નંદક અચળ રહ્યો.

જયસેને કહ્યું: "મિત્ર, આ બધા લાતોના અધિકારી છે... વાતોથી કદી નહિ માને. નિર્દોષ કન્યાઓનાં અપહરણ કરનારા અને માનવજાતના મોટામાં મોટા શત્રુ છે. ધર્મશાસ્ત્ર પણ આવા શેતા-નોને શિક્ષા કરવાનું ફરમાન કરે છે." ત્યારપછી એક સૈનિક સામે જોઈને કહ્યું: માધવ, સાધુ પુરુષોને વંદના કરવી જોઈએ અને સાધુના વેશમાં છૂપાયેલા શેતાનોને શિક્ષા કરવી જોઈએ. જો તારું હૃદય અચ-કાતું ન હોય તો હું તને આજ્ઞા કરું..."

"યુવરાજશ્રી, આપની આજ્ઞા હું મસ્તકે ચડાવીશ." માધવે કહ્યું.

યુવરાજે ચારે તરફ નજર કરી. એક ખુણામાં તામ્રચૂડનો મજબુત કોરડો પડયો હતો. તેના તરફ આંગળી ચીંધતા જયસેને કહ્યું: "જો માધવ, સામે આ શયતાનોનો જ કોરડો પડયો છે. એ કોરડાનો ઉપયોગ આ લોકોએ આજ સુધી અનેક નિર્દોષ પ્રાણીઓ ઉપર કર્યો હશે... આજ એ કેટલો અગ્નિ

ભર્યો છે એનો પરિચય બંને શિષ્યોને કરાવવાનો છે... તું કોરડો ઉઠાવીને બંનેની પીઠ પર નિર્દયતાથી વિંઝવા માંડજે. એ નાલાયકો જ્યાં સુધી ગુપ્તગૃહનો માર્ગ ન બતાવે ત્યાં સુધી તારે ફટકા માર્યા કરવાના છે... જરા યે દયા રાખીશ નહિં."

યુવરાજની આજ્ઞા મસ્તકે ચડાવીને માધવ અગ્રસર થયો. તેણે ચર્મગુંફિત કોરડો હાથમાં લીધો. પ્રથમ તો તામ્રચૂડના બંને શિષ્યો ધ્રૂજી ઉઠયા... માધવ બંનેની સામે આવ્યો. યુવરાજે બંને શિષ્યો સામે જોઇને કહ્યું: "આ કોરડાથી તમારી ચામડી છતરી જશે... એ સ્થિતિમાં ન મૂકાવું હોય તો તમે આગળ થાઓ અને જ્યાં પાંચ કન્યાઓને રાખવામાં આવી છે તે સ્થળ અમને બતાવો."

તામ્રચૂડના બંને શિષ્યોએ નીચે પડેલા ગુરુ સામે જોયું. તામ્રચૂડે આંખ વડે ઇશારો કરીને ના કહી. બંને શિષ્યો એમ ને એમ ઉભા રહી ગયા.

જયસેન સમજી ગયો આ લોકો કોઇ પણ ઉપાયે દમદાટીથી વશ થાય તેમ લાગતા નથી. તેના મનમાં એમ જ હતું કે કોઈને પણ કશી ઈજા કર્યા વગર જો સરલતાથી કાર્ય પતી જાય તો ઉત્તમ. પણ સરલતા અહિં ચાલે તેમ નહોતી.

માધવ પોતાનું કાર્ય શરૂ કરે તે પહેલાં જ જયસેને પોતાના મિત્ર પ્રફુલ્લ સામે જોઇને કોઇ ન સાંભળે તે રીતે એક તરફ લઇ જઈ ધીમા સાદે કહ્યું: "મિત્ર, આપણી મનોભાવના મારવાની છે નહિં અને સરલતાથી આ લોકો સમજી શકે તેમ લાગતું નથી. શું કરશુ?"

પ્રફુલ્લે કહ્યું: "મને એક સંશય થયો છે."

"શું?"

"આ કાળ ભૈરવીની મૂર્તિ ઘણી વિશાળ છે... કદાચ એ મૂર્તિ પાછળ માર્ગ હોય અથવા ગુપ્ત દ્વાર હોય... આવું ઘણાં મંદિરોમાં હોય છે." પ્રફુલ્લે કહ્યું.

"તો આપણે તપાસ કરીએ. છેલ્લે કંઈ નહિં મળે તો ચૌદમા રત્નનો પ્રયોગ કરીશું." કહી જયસેને માધવ સામે જોઇને કહ્યું: "માધવ, આ દુષ્ટ લોકોની ચામડી બરબાદ કરતાં પહેલાં આપણે એક વાર તપાસ કરી લઇએ."

"જેવી આજ્ઞા." કહીને માધવ ઉભો રહી ગયો.

યુવરાજ જયસેન અને આર્ય પ્રફુલ્લ કાળભૈરવીની વિરાટ પ્રતિમા તરફ ગયા.

જૈનોના પ્રાણમાં સુદેવ, સુગુરુ અને સુધર્મ પ્રત્યે ભક્તિ હોય છે. અન્ય દેવી દેવતાઓ પ્રત્યે શ્રદ્ધા હોતી જ નથી... તેમ છતાં અન્ય દેવ-દેવીઓની હિલના કરવાની કે અપમાન કરવાની પણ વૃત્તિ નથી હોતી.

યુવરાજ જયસેન સમજતો હતો કે હિંસાના આવા અત્યાચારો બંધ કરવા જોઈએ. પણ આ કાર્ય જ્યાં સુધી અજ્ઞાન પડયું હોય છે ત્યાં સુધી થઈ શકતું નથી.

બંને મિત્રો કાળભૈરવીની વિરાટ પ્રતિમા સામે ઉભા રહીને બારીકાઇથી જોવા લાગ્યા.

દેવીની આઠ ભૂજાઓ હતી અને આઠે ય ભૂજાઓમાં વિધવિધ પ્રકારના શસ્ત્રો શોભી રહ્યાં હતાં. દેવીના ચરણ પર અલતો પુરેલો હોવાથી સુંદરતામાં રાગ ચડી હોય તેમ જણાતું હતું. દેવીના બંને નેત્રો અતિ તેજસ્વી રત્નના બનાવેલાં હતાં અને ખૂબ જ પ્રકાશ આપી રહ્યાં હતાં, દેવીના ગળામાં સુવર્ણ અને રત્નના અલંકારો હતા, એક બાળમુંડની માળા છેક પગ સુધી ઝૂલી રહી હતી. દેવીની લાલ લાલ જીભ બહાર નીકળેલી હતી એથી એનું રૌદ્ર સ્વરૂપ વ્યક્ત થતું હતું.

તામ્રચૂડ અને તેના બંને શિષ્યો ફાટી આંખે જોઈ રહ્યા હતા. તામ્રચૂડના મનમાં થતું કે જો મારા મોઢામાં ડૂચો ન માર્યો હોત અને હાથ મુક્ત રાખ્યા હોત તો આ પળે જ મારણ મંત્ર વડે બંનેને ખતમ કરી નાખત. પણ તે લાચાર બની ગયો હતો.

નિરીક્ષણ કરતાં કરતાં યુવરાજની દૃષ્ટિ દેવીના ત્રિશુળવાળા હાથ પર સ્થિર થઇ અને તે આસ્તેથી બોલ્યો: "પ્રફુલ્લ, ત્રિશુલવાળો હાથ અન્ય ભૂજાઓ કરતાં જુદો પડે છે. જો કોણી પાસે આછો સાંધો દેખાય છે... કદાચ તે વળી શકતો હોય અને..."

વચ્ચે જ પ્રફુલ્લ બોલ્યો: "બરાબર છે. એ હાથમાં કંઇક કરામત લાગે છે.

આપ આ બાજુ આવો... હું તપાસ કરી લઉં." કહી પ્રફુલ્લ પીઠિકા પર ચડી ગયો અને એક પળનો યે વિલંબ કર્યા વગર તેણે કાળભૈરવીનો ત્રિશુળ-વાળો હાથ પકડયો...

તામ્રચૂડ ગભરાયો. તે રાડ નાખવા ગયો પણ મોઢામાં ડૂચો હોવાથી કશું બોલી શકયો નહિ. ચોકી કરતા સૈનિકો જોઈ શકયા કે તામ્રચૂડ ભારે અકળા-મણ અનુભવી રહ્યો છે. માધવ હર્ષ ભર્યા સ્વરે બોલી ઉઠયો: "મહારાજ, ત્યાં જ કંઇક કરામત લાગે છે. તામ્રચૂડ અકળાય છે એ પરથી લાગે છે કે..."

માધવનું વાકય પુરૂં થાય તે પહેલાં જ પ્રફુલ્લે દેવીનો ત્રિશુળવાળો હાથ જે વક્ર હતો તે સીધો કરી નાખ્યો હતો અને સહુના આશ્ચર્ય વચ્ચે કાળભૈરવીના જમણા પડખા પાસે પડેલો એક મોટો કુંભ આપોઆપ અદૃશ્ય થઈ ગયો અને તે સ્થળે એક માણસ સહે-લાઈથી નીચે ઉતરી શકે એવો માર્ગ જણાયો.

યુવરાજે હર્ષ ભર્યા સ્વરે કહ્યું; "પ્રફુલ્લ, ગુપ્ત માર્ગ ખુલ્લી ગયો લાગે છે... તું ફરીવાર હાથ વાંકો વાળ એટલે ખાત્રી કરી લઇએ."

પ્રફુલ્લે ત્રિશુળવાળો હાથ પુન: હતો તેમ કર્યો એટલે અંદર ઉતરી ગયેલો કુંભ તરત પાછો બહાર આવી ગયો.

તામ્રચૂડની અકળામણ વધી રહી હતી. તે ધ્રુજી રહ્યો હતો અને આમ તેમ થઈ રહ્યો હતો.

પ્રફુલ્લે ફરીવાર હાથ સીધો કર્યો અને તરત કુંભ અંદર ચાલ્યો ગયો.

જયસેને કહ્યું: "પ્રફુલ્લ, એ હાથ એની મેળે તો વળી જતો નથી ને ?

પ્રફુલ્લે દેવીનો હાથ એમ ને એમ સીધો રહેવા દઇને કહ્યું: "ના..."

"તો તું અહીં ધ્યાન રાખજે. હું બે સૈનિકો સાથે અંદર ઉતરૂં છું." કહી યુવરાજે માધવ સામે જોઇને કહ્યું: "માધવ, તમે બે જણ મારી સાથે આવો."

પ્રફુલ્લે કહ્યું: "આપ રહેવા દો. મને અંદર જવા દો."

ઉત્તરમાં જયસેન આછું હસ્યો અને પીઠિકા પર ચડીને દેવીના જમણા પડખે મુક્ત થયેલા માર્ગ તરફ ગયો.

માધવ અને બીજો એક સૈનિક પીઠિકા પર ચડી ગયા હતા.

તલવાર ખુલ્લી કરીને જયસેન અંદર ઉતરવા માંડયો... તેણે જોયું અંદર સોપાન શ્રેણી છે, પરંતુ અંધકાર પુષ્કળ છે. તેણે પાછળ ઉતરી રહેલા માધવને કહ્યું: "માધવ, મશાલ કે એવું કંઈક મળશે ?"

"દેવી પાસે એક દીવો બળે છે."

"તો તે લઈ લે."

માધવની પાછળ જે સૈનિક હતો. તેણે દીપકની દીપદાની લઇ લીધી; અને માધવને આપી. માધવે યુવરાજના હાથમાં સોંપી.

થોડી જ વારમાં યુવરાજ બંને સૈનિકો સાથે લગભગ વીસ પગથીયાં ઉતરી ગયો. તે જોઇ શકયો કે નીચે એક સમથળ ચોક છે. એક તરફથી આછો પ્રકાશ આવી રહ્યો છે.

માધવે કહ્યું: "મહારાજ, ઘણું સુંદર અને સ્વ-ચ્છ ભોંયરૂં છે... આમ તો જુઓ, સામે બે ખંડ દેખાય છે."

"એ ખંડ ખોલવા પડશે." કહી જયસેન ખંડ પાસે ગયો. ખંડના દ્વારને માત્ર સાંકળ જ લગાવેલી હતી. જયસેને સાંકળ ખોલીને દ્વારને ધક્કો માર્યો. દ્વાર ખુલ્લી ગયું. અને દીવાના પ્રકાશમાં ત્રણેય માણસોએ જોયું, ખંડમાં ચારે તરફ નાની-મોટી પેટિકાઓ પડેલી છે... કોઈ માનવી ખંડમાં નથી.

જયસેને કહ્યું: "માધવ, સંભવ છે કે આ પેટિ-કાઓ ધનથી ભરેલી હોય! આપણે બીજો ખંડ તપાસીએ."

ત્રણેય ખંડ ખુલ્લો રાખીને બહાર નીકળ્યા. અને બીજા ખંડના દ્વાર ખોલ્યાં. એ ખંડમાં પણ વિધવિધ પ્રકારના વાસણો ને ઉપકરણો ગોઠવેલાં પડયાં હતાં.

કોઇ હતું નહિં.

જયસેને માધવ સામે જોઇને કહ્યું: "અહિં પણ કોઇ નથી... હવે?"

માધવે કહ્યું: "મહારાજ, આપણે પેલી તરફ જઇએ... ત્યાં કંઇક પ્રકાશ જેવું દેખાતું હતું."

"હા ચાલો..." કહી જયસેન આગળ થયો. જયસેને ખંડમાં જ્યાં પહેલા એક તરફ પ્રકાશની આછી રેખા જોઇ હતી, ત્રણેય તે તરફ ગયા.

પ્રકાશની આછી રેખા પત્થરની એક સાંધમાંથી આવી રહી હતી. પણ આ પત્થરની સાંધ પાછળ શું હશે?

માધવે કહ્યું: "મહારાજ, આ કોઇ ગુપ્ત દ્વાર લાગે છે."

"પરંતુ એને ખોલવું કેવી રીતે?" કહી જયસેન ચારે તરફ બારીકાઈથી જોવા માંડયો. લગભગ અર્ધ ઘટિકાના નિરીક્ષણ પછી તે જોઇ શકયો કે સામેની દિવાલના ખૂણામાં લોખંડનું એક ચક્ર ગોઠવેલું છે. તેણે માધવ સામે જોઇને કહ્યું: 'માધવ, આ દીપક પકડી રાખ..."

માધવે દીપક હાથમાં લઇ લીધો અને જયસેન તે લોહચક્ર પાસે ગયો. બે પળ વિચાર કરીને તેણે લોહચક્ર ફેરવવા માંડયું. અને થોડી જ વારમાં જે પત્થરની સાંધ સાવ ઝાંખી રેખા જેવી જણાતી હતી તે પહોળી થવા માંડી અને એક વિરાટ પત્થરની શિલા જાણે આપોઆપ એક તરફ ખુલતાં દ્વાર માફક ખસવા માંડી. માધવે હર્ષભર્યા સ્વરે કહ્યું: મહારાજ...આમ જુઓ... શિલા ખસી રહી છે."

જયસેને જોરથી ચક્કર ફેરવવા માંડયું અને થોડી જ વારમાં બે માણસો જાય એટલી જગ્યા થઈ ગઇ.

તરત જયસેન પોતાના બંને સૈનિકો સાથે અંદર દાખલ થયો. અંદર દાખલ થતાં જ તેઓ જોઇ શકયા કે એક વિશાળ પ્રસ્તર ખંડમાં તેઓ આવી ગયા છે. એક તરફની દિવાલમાં સળગતી મશાલ ભરાવેલી છે અને તેનો પ્રકાશ સારાયે ખંડમાં બિસ્તરી રહ્યો છે.

અને સામેના ખૂણામાં પાંચ બાળાઓ પોતપોતાની શય્યા પર બેઠી છે... ભયથી જાણે ધ્રૂજી રહી છે... પરંતુ પ્રફુલ્લની બહેન યુવરાજને ઓળખી ગઈ અને એકદમ બોલી ઉઠી: "મહારાજ..."

જયસિંહ હર્ષમાં આવી ગયો.

પ્રફુલ્લની બહેન તેને વળગી પડી અને ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડી.

જયસેને કહ્યું: "બેન, રડીશ નહિં... પ્રફુલ્લ પણ મારી સાથે છે... અમે તને શોધવાજ આવ્યા હતા."

થોડી જ વારમાં જયસેન પાંચેય બાલિકાઓને લઇને બહાર નીકળ્યો અને જે રસ્તેથી તે અંદર દાખલ થયો હતો તે રસ્તેથી બધાને લઇને બહાર નીકળ્યો.

બહાર નીકળતાં જ પ્રફુલ્લની બહેન પોતાના મોટા ભાઇને એકદમ વળગી પડી.

જયસેને તામ્રચૂડ સામે જોઇને કહ્યું: "નરાધમ, આવી કુમળી બાલિકાઓનો વધ કરવાની કલ્પના પણ તને કેમ કંપાવી શકતી નથી? આવી નૃશંસ હત્યા એ ધર્મ છે? "ત્યારપછી તેણે માધવ સામે જોઇને કહ્યું: "માધવ, પાંચ સૈનિકો સાથે અંદર જા અને જે ખંડમાં આપણે પેટિકાઓ ને ઉપકરણો જોયાં હતાં તે બધો સામાન બહાર કાઢી લાવો."

તામ્રચૂડ માથું પછાડવા લાગ્યો. વરસો સુધી એકત્ર કરેલી સંપત્તિ પોતાની આંખ સામે જ શું ચાલી જશે? એ પેટિકાઓમાં સુવર્ણ છે, રત્નાલંકારો છે અને જગતમાં અપ્રાપ્ય ગણાય એવા બહુમૂલ્ય અલંકારો પણ છે. તામ્રચૂડ કંઈક કહેવા માટે આકુળવ્યાકુળ બનીને કાયાને આમતેમ કરવા માંડયો. જયસેને તેના સામે જોઇને કહ્યું: "કાંઇ કહેવું છે?"

તામ્રચૂડે માથું ધુણાવ્યું... હા જણાવી.

જયસેને માધવને કહ્યું: "માધવ, એના મોઢા પરનું બંધન ખોલી નાખ..."

તરત પ્રફુલ્લ બોલ્યો: "યુવરાજ. એ સાહસ કરવા જેવું નથી. આ શેતાન તરત કંઇક મંત્રપ્રયોગ કરશે."

( અનુસંધાન પેજ [redacted] )

# અંધાપાનો વૈભવ કયાં સુધી માણવો છે ?

## શ્રી ગુણવંતરાય આચાર્ય

❀

**ભારતમાં ચોમેર પંચવર્ષીય યોજનાની વાતો વહેતી મૂકાઇ રહી છે, પણ આજે તેના નામે જે કાંઇ ખર્ચાઓ પ્રજાના પરસેવાના પસાના થઇ રહ્યા છે, તે કેવા બીનજરૂરી ને વ્યર્થ છે, તે સમજવું 'કલ્યાણ'ના વાચકો માટે પણ જે દેશમાં રહ્યા છીએ તે દૃષ્ટિએ ઉપયોગી છે, તેથી ગૂજરાતી સાહિત્યના પ્રસિદ્ધ ઐતિહાસિક કથા લેખક ભાઇ શ્રી આચાર્યની રમૂજી તથા હળવી શૈલીમાં અહિં પંચવર્ષીય યોજનાના અંધાપાના વૈભવની હકીકત રજૂ થાય છે.**

❀

કાઠિયાવાડમાં એક કાઠી દરબાર એક તાલુકાના ધણી. બાર મહિને લાખ રૂપિયાની ઉપજ આવે. એના કામદાર નામે માવજીભાઈ. માવજીભાઈ જાતના હજામ, પગાર રૂપિયા પંદરનો. પણ રાજને જોઇએ ત્યારે નાણાં ધીરે એવા.

રાજના કામદાર, એટલે દરબારના ખાસ સલાહકાર. રાજખરચ બધું એમને પૂછીને થાય.

દરબારના એક ખાસ સંબંધી એવા સરકારી અમલદાર, રાતદિવસ બાપુને એ અમલદારનું કામ પડે. બાપુ, ને એમાં કાઠી. એટલે એમને લફરાં હજાર હોય. એમાંથી પોણા ભાગની પતાવટ આ અમલદાર મારફત થાય.

આ અમલદારે એકવાર એમના કોઇક દૂરના સગાને ભલામણ ચીઠ્ઠી આપી. બાપુ ઉપર બાપુના તાલુકામાં એને કયાંક કોઇક નોકરી આપવાની.

ચિઠ્ઠી લઈને એ સગો બાપુ પાસે ગયો. બાપુ તો ડેલીએ ડાયરામાં બેઠા હતા. કસુંબા ઘુંટાઇ રહ્યા છે. દુંગાપાણીનાં પડીકાં ઉખળી રહ્યાં છે. હજામ બાપુના હોક્કા ભરે છે ને ડાયરામાં બેઠેલા બીજા ખવાસો હોંકારા ભણે છે.

પેલો અમલદારી સગો બાપડો દરબારી રસમનો જાણકાર તો નહિ જ. એણે તો ડાયરામાં જઈને ચિઠ્ઠી આપી બાપુના હાથમાં. બાપુએ ચિઠ્ઠી વંચાવી.

અમલદારનું કામ રાત–દિવસ પડે તે એને ના કહેવાય નહિ. રાજખરચ માવજીભાઇને પૂછયા વગર ન થાય. એટલે હાયે ના પડાય. બાપુએ તોડ કાઢયો.

'ભા એમ કરોને સાંજે આવજોને ?

બાપુએ માવજીભાઇ વાત કરી. માવજીભાઇએ કહ્યું; 'બાપુ, એ અમલદારનો માણસ, એની આંખ કહેવાય.

બાપુને આ વાત ગળે ઉતરી. અમલદાર તો આઘા સારા ને એમની આંખો વળી ઘર આંગણે કયાં બાંધવી ?

બાપુથી હા તો કહેવાય એવું ના રહ્યું. પણ ના કહેતાં જીભ પણ ન ઉપડે. અમલદારની ગરજ પડે વારેવારે. એની ચિઠ્ઠી પાછી કેમ વળાય ?

એટલે બાપુએ કાઠીશાહી રીત ચાલુ કરી, 'સાંજે આવજો, સવારે આવજો, માવજીભાઇને કહીસ, આજ તો ઓસાણ ના રહ્યું. હવે કાલ વાત.'

આમ અમલદારના અરજદાર સગાને તો સવાર–સાંજના ધક્કા થયા ડાયરે.

આમ આઠ દિન વીત્યા .

ગામનો ગોર મહારાજ કરૂણો આ રોજની આવન જાવન જુએ. પેલો સગો રોજ જમે મહારાજને ઘેર. એ કાળમાં ગામમાં હોટેલો કે લોજો ઓછી. સારા માણસો મહારાજને ઘેર બંદોબસ્ત કરે, આ ભાઇ આ કરૂણા મહારાજને ત્યાં જમે. વાતચીતો કરે ને કરૂણા મહારાજને વાત સમજમાં આવી.

એણે પૂછયું', જયન્તીભાઈ? તમે માવજીભાઇને મળ્યા ?

'ના, બાપુ ઉપર ચીઠ્ઠી હતી તે એમને જ મળ્યો.

'અરે, ગાંડા ભાઈ, આમ તો વરસ ધક્કા ખાશો તોય નહિ પતે તમારૂં. અમારે ત્યાં માવજીભાઈને મળે નહિ ત્યાં સુધી રાજમાં ચકલું ય ઉડી નથી શકતું.

એ સગા-જયન્તીભાઇ તો માવજીભાઈને મળ્યો.

માવજીભાઇ કહે, 'આવો, શું આવ્યા છો ?'

'આ નોકરી માટે ભાઇ આવ્યો છું.

'તે તમે તો અમલદાર સાહેબની ચીઠ્ઠી લઇને આવ્યા છો ને, બાપુનેય મળ્યા છોને, તો આંહી મારી પાસે શું છે? જાવ બાપુ પાસે, એ દેશે નોકરી તમને?

જયન્તીભાઈએ કહ્યું, 'કામદાર સાહેબ, અમલદાર સાહેબ તો મારા દૂરના સગા થાય ને મને માંડ ચીઠ્ઠી આપી છે. હું તો ગરીબ માણસ છું. ને મારે કરવી છે નોકરી, મને ગરીબને ભાઈ સાહેબ ધકકે ન ચડાવો.'

'હં, તે એમ પહેલેથીજ સીધેસીધી મને વાત કરવી હતીને? શું પગાર લેશો ?

'બચરવાળ માણસ છું. વીસ રૂપિયા હોય તો ઠીક.

‌વીસ બીસ તો ઠીક જાણે સમજ્યા. પણ તમને મારો નિયમ ખબર છે?'

'જી, ના;

પહેલા વરસના પગારમાંથી અરધા મારી હક-સાઈના મને આપવાના.

'જી, એમ આપું, પણ મારી પાસે તો બાંધો રૂપિયો ય નથી. હવે તો સો સવાસો રૂપિયા મારી પાસે નથી.

'એ તો હવે જોશું. સારૂં સાંજે ડાયરામાં આવજો.'

જયન્તીભાઈ સાંજે ડાયરામાં ગયા. ત્યાં માવજીભાઇ બેઠા હતા.

જયન્તીભાઈને જોતાં જ માવજીભાઇ અરધા ઉભા થઈને આંખ કાઢતા તાડૂકયા.

એ મિસ્તર? આંહી સવાર-સાંજ સાંજ-સવાર હાલ્યા જ આવો છો તે તમારે કાંઈ કામ છે?

'જી નોકરી માટે આવું છું.'

'નોકરી ? નોકરી કેવી? આંહી નોકરી બોકરી કાંઈ ખાલી નથી.

'જી, અમલદાર સાહેબે બાપુ ઉપર ચીઠ્ઠી આપી હતી ને બાપુએ હા પાડી છે.

બાપુ સામે જોઇને માવજીભાઈએ પૂછયું.

'હેં બાપુ ? તમે આને હા પાડી છે?'

સાહેબની ચીઠ્ઠી એટલે જીભ કચરાઈ તો......

'તમે ય શું બાપુ, આ અમે તમારી નોકરી કરીયે જ છીએ ને. ને બાકી કામ હોય તો ગામના બામણ વાણીયા થોડા ના પાડવાના છે? અમલદાર તો કહે એને કયાં પગાર આપવો છે? ને તમારે તો બાપુ આખી વસતી નોકર. તમારે વળી શું કામ છે નોકરનું ?

જયન્તીએ કહ્યું, બાપુએ મને હા પાડી હતી.

'બાપુ અમારા ભલા અને દયાળુ માણસ. અર-જદાર કરગરતો આવે તો મોઢામાં ના જ નહિ. આ કાઠીઓમાં બાપુ એક છે, બીજા થાવા પહેલાં તો કાઠીયાણી જણવા જશે. બાકી બાપુને નોકરીની કયાં તાણ હતી? ને અમલદારનું ય કાંઈ ગયું. દેશમાંથી સગો આવ્યો તો કે લખો ચીઠ્ઠી, પણ હવે બાપુએ જીભ કચરી છે તે વળી તમારી સાથે વાત કરીએ. વાતનો પાડો ચડે તો ઠીક. ને નહિ તો બિસ્તરા પોટલાં લઈને માંડો હાલવા... કાં બાપુ બોલ્યા નહિ ?'

'સાવ સાચું, માવજીભાઈ સાવ સાચું!

'તો ભાઇ કેટલો પગાર લેશો ?'

'વીસ રૂપિયા.'

માવજીભાઈ અરધા ઉભા થઇ ગયા. અરધીચીસ જેવા અવાજે બોલ્યા: વીસ રૂપિયા ? મહિને ?

'જી.'

'એટલે કે જાણે આ મહિને તમને વીસ રૂપીયા દઈએ. ને બીજે મહીને બીજા વીસ દઈએ એમજ.

'જી.'

'ને ત્રીજે મહીને ત્રીજા વીસ...... ને ચોથે મહીને ચોથા વીસ... ને તમે નોકરી કરો ત્યાં સુધી અમારે તમને મહીને, ને મહીને મૂળાના પતીકા જેવા વીસ વીસ દેવાના ?

'જી...'

'અરે બાપુ, માવજીભાઇ તો જાણે નર્યો ત્રાસ અનુભવતા હોય એવા હાવભાવથી બોલ્યા. બાપુ આવું તે હોય ? મહિને... ને... મહિને... રૂપિયા વીસ દેવાનું બને કેમ ? માળું કોઇક મહીને ભૂલી ગયા ને કોઈક મહીને બમણા દઈ દેવાય. એવું તે કાંઇ હોય ? ને બાપુ. બીજી વાત સમજવા જેવી છે હો. આપણું તો રાજ કહેવાય. કોઇક વાર પૈસા હોય ને કોઇક વાર નયે હોય. કુબેરના ભંડાર આપણે ઘેર છે બાપુ.'

'હા ઇમ સાચું હો,' બાપુએ સુર પુરાવ્યો

જયન્તીલાલ સામે લાલઘુમ આંખ કાઢીને માવજીભાઈએ કહ્યું, 'એ...... ય......... ને જુઓ જયન્તીભાઇ. એ મહીના મહીનાનું અમને ના પોસાય. આ તો રાજ કહેવાય. પૈસા હોય પણ ખરા ને નયે હોય. આ જો બાર મહીને રૂપિયા પાંચસો લેવા હોય તો પાડો હા. ને નહિ તો માંડો હાલવા, કેમ બાપુ બોલ્યા નહિ?

'હા ઇ જ સાચું.'

'તો પછી બાપુ એને કરી દો નોકરીનો લેખ. ને બાર મહીનાનો પગાર આપી દો, એટલે એ કાલથી કામ કરતો થાય ને આપણે બાર મહીના સુધી એનું સાંભળવું નહિ ?

આમ જયન્તીલાલને એના મહીનાના વીસનો હિસાબ મળ્યો. માવજીભાઇને માવજીભાઇનો હિસાબ મળી ગયો.

❋

આજ કાલ ભારતમાં કયારેક કયારેક જાણે માવજીભાઇ કામદારૂં કરવા આવ્યા હોય એમજ લાગે છે. કયારેક કયારેક આપણે કોઇ કોઇ વાતો એવી તો સાંભળીએ છીએ ત્યારે એમજ લાગે કે આપણી વચમાંથી પાંચસોને બાસઠ રજવાડાં તો ગયાં પણ એને બદલે એક મોટું રજવાડું ઉભું તો થતું નથીને ?

ભારતમાં ઉડાઉગીરી ઘર તો કરી નથી જતીને ?

આપણા અર્થતંત્રની પાસે કોઇ સ્પષ્ટ મંઝીલ છે ? ને એ મંઝીલ હોય તો જેના જેના હાથમાં પૈસા વાપરવાના છે એ બધાને જ એ મંઝીલની ખબર છે ખરી ?

અલબત્ત આજકાલ ચોરે ને ચૌટે, વાટે ને ઘાટે સભામાં ને ઉદ્‌ઘાટનોમાં ચૂંટણીમાં ને ઉમેદવારીમાં. ધારાસભા ને પાર્લામેન્ટમાં બધે જ પંડિત જવાહરલાલ નહેરૂથી માંડીને ભાયલકા ગામનો પગી માવો શેઠ સુદ્ધામાં બધા પંચવર્ષીય યોજનાની વાતો કરે છે. એને માટે લોકોએ ભોગો આપવા જોઇએ. ભૂખ વેઠવી જોઇએ. લગ્નો ને સમારંભનો ખરચો ઓછો કરવો જોઇએ...... આમ બધા જ વાતો કરે છે. કોઇ પણ હોટેલ કે લોજ કે વીશીના ભોજનમાં હજી મીઠું ના હોય એ બને. પણ કોઈ જલસો, કોઇ સમારંભ કે કોઇ જાહેરાત પંચવર્ષીય યોજનાની વાત વગરની નથી હોતી.

અને છતાં... છતાં... કયારેક તો જાણે પંચવર્ષીય યોજના જેવી કોઈ વાત હસ્તીમાંજ ન હોય એમ જ લાગે છે.

રેલ્વેનાં જુનાં સ્ટેશનો ભાંગીને એમની જગ્યાએ નવાં સ્ટેશનો બાંધવાની વાત આવી છે. જાણે સૌથી પહેલાં કરવી જોઈએ એ વાત સૌથી છેલ્લી કરવી અને સદંતર બીન જરૂરી, સદંતર નિરાંતેજ કરવા જોગ વાતો સૌથી પહેલી જ કરવી એની તો જાણે દેશમાં શરત લાગી છે.

કયાંક નવાં પાટનગર બંધાય છે. કયાંક જુનાં મકાનો તોડીને નવાં થાય છે. જુના સિકકા બદલીને નવા સિકકાઓ દાખલ કરવામાં આવે છે. બહુજ નિરાંતે અને બહુજ ચીવટાઇથી શરૂ કરવા જેટલી આ સદંતર નિરુપયોગી નહિ તો છેલ્લી જરૂરતની વાત એટલી તો બેદરકારી, એટલી તો અવ્યવસ્થાથી શરૂ કરવામાં આવી છે કે એનાથી ભાવ વધારો થયો છે, એ તો જાણે મહત્ત્વની વાતજ નથી. બલ્કે સિક્કાની વારફેર દ્વારા લોકો ઉપર લાદવામાં આવેલી ઉઘાડે છોગે લૂંટમાં સરકાર પોતે જ મોખરે રહી છે.

ખરેખર આપણા પ્રધાનો અને ધારાસભ્યો જાણે જુના જમાનાના બાપુઓ ફરીને અવતાર લઇને આવ્યા હોય એવા જ લાગે છે. ને માવજીભાઈઓ એમને મૂર્ખા બનાવતા હોય એમ લાગે છે, માણસ

ધુતારાને હાથે મૂર્ખ બને એમાં અચરજ નથી. અચરજ તો પોતે મૂર્ખ બન્યા એટલે દેશમાં મૂંગો વિપ્લવ થયો છે. એમ દાવો કરવામાં આવે છે.

✤

પાંચ વરસની યોજનામાં પાંચ વરસની યોજનાને પાર ઉતારવાને ખાસ જરૂરતું એવું એક લોખંડનું કારખાનું નાંખવાનું છે. આને માટે બાસઠ કરોડ રૂપિયા જોઇએ છે એ આપણી પાસે નથી. એટલે એ માટે પરદેશમાં લોન મેળવવાની તજવીજ થઈ રહી છે.

ત્યારે એની સાથે મુંબઇમાં ચર્ચગેટ સ્ટેશનથી બોરીબંદર સુધી એટલે કે દોઢ માઇલના રસ્તામાં ભૂગર્ભ રેલ્વે નાંખવાના બાસઠ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યા છે.

અને બાસઠ કરોડ રૂપિયાની પરદેશમાં આપણે ભીખ માગવા નીકળ્યા છીએ. એનું નામ પંચવર્ષીય યોજના, ને જેની આજ તો શું પણ પચાસ વર્ષ પછી પણ જરૂર નથી એવી દોઢ માઈલની ભૂગર્ભ રેલ્વે યોજના, એનું નામ મુંબઈના સૌંદર્યમાં વૃદ્ધિ.

ઘેર ખીચડી ખાવાનેય વાંધા હોય, પુરૂષની કમાણી ઘરનું માંડ પૂરું કરતી યે ન હોય, ને ઘરની બાયડી પફ પાવડર લગાવી સેન્ટ લગાવી બે બે ચોટલા ઉછાળતી પરદેશી જ્યોરજેટની સાડી ને ઉંચી એડીના બૂટ પહેરીને શહેરમાં સૌન્દર્ય લલના થઇને ફરે એના જેવી આ વાત છે.

■

ભારતના અર્થતંત્રનો કોઇને ખ્યાલ હશે કે નહિ? મને તો બીક એ લાગે છે કે ખુદ પંચવર્ષીય યોજનાના ઘડવૈયાઓને પણ એ ખ્યાલ નથી લાગતો કે પછી ભારતનું અર્થકારણ પેલા માણેકચોકના ફકીર બાવાની સાદડી જેવું છે? અમદાવાદના સુલ્તાન રોજ આખો દિવસ કોટ બાંધે ને રાતે ફકીર પોતાની સાદડીમાંથી તરણાં કાઢે એટલે બાંધેલો કોટ પડી જાય. મને તો લાગે છે કે આપણી પંચવર્ષીય યોજના પણ માણેકનાથ બાવાની સાદડી જેવી બનતી જાય છે. આજે જેને આદર્શ ગણવામાં આવે છે, આઝાદીની મંઝીલ ગણવામાં આવે છે, જેને માટે ત્યાગ ભોગ માગવામાં આવે છે, તે કદાચ આવતી કાલે મૂર્ખાઓના સ્વર્ગ સમી હાસ્યાસ્પદ બનશે. ભારતના અર્થકારણમાં એ મોટામાં મોટી સિદ્ધિ નહિ મોટામાં મોટી હાંસી બનશે.

એક તરફથી નાની બચતોની ઉપયોગિતા સમજાવાય છે, ને ગરીબી સામે કોટ બાંધવાની વાતો થાય છે. બીજા તરફ માણેકનાથ બાવાઓ નિત્ય નવા તરણાંઓ કાઢીને કોટને ભાંગવામાં લગાતાર પડયા છે. નવા સિક્કાઓ શા માટે આ સમયે દાખલ થયા એનો ભેદ ભગવાન પણ નહિ જાણે. પણ એને એક વાત તો કરી. પંચવર્ષીય યોજના નીચેની નાની બચતોની વાતમાં તો સુરંગ ચાંપી દીધી છે.

કાઠી બાપુ ને માવજીભાઇ કામદાર જેવો આજકાલનો પંચવર્ષીય યોજનાનો વહીવટ સુધારવો હશે તો એમાં થોડીક વાતો ખાસ કરવાની રહેશે.

દેશભરમાં ખુદ સરકારને પોતાને પણ લાગુ પડે એ રીતનું ભાવતાલનું પાકું નિયમન કરવું જ પડશે. જ્યાં સુધી ચીજ વસ્તુના ભાવતાલનું નિયમન ન થાય ત્યાં સુધી પંચવર્ષીય યોજનાની વાતો કરવી એ કેવળ વાણીવિલાસ છે.

(સંદેશ)

✤

**ટીકાકારોની ટીકાથી વ્યથિત ન બનો, હતાશ ન બનો, એને પણ પ્રશંસાનું એક આગવું સ્વરૂપ માનો! કારણ કે ફોરમ વગરના પુલને કોઇ ભ્રમર સુંઘતો નથી. એટલે આ ભ્રમરોના ગૂંજારવને–પછી એનું સ્વરૂપ ગમે તેવું હોય અને એ એમની લાયકાતનો વિષય છે, તમારી નહિ. તમારા પુલમાં રહેલી ફોરમનો સચોટ પૂરાવો જ ગણો અને ટીકાના ગૂંજારવની પરવા કર્યા વગર સતત કર્તવ્યરત રહી તમારી નિષ્ઠાની ફોરમને પાંગરવા જ દો!–પમરવા દો! પ્રસરવા દો!....**

# દ્રવ્યાનુયોગની મહત્તા

( ગતાંકથી ચાલુ )

પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

## ભવ્ય સ્વભાવ, અભવ્ય સ્વભાવ, ચેતન સ્વભાવ અને અચેતન સ્વભાવ.

ભવ્ય સ્વભાવ અને અભવ્ય સ્વભાવનો વિચાર પરમભાવગ્રાહક નયથી કરવાનો છે. પરમભાવગ્રાહક નય પદાર્થમાં મૂળભૂત તાત્ત્વિક ભાવોનું પ્રાધાન્ય વિચારે છે. એ નયથી ભવ્ય સ્વભાવનો વિચાર કરીએ ત્યારે ભવ્યતા એટલે ભવન યોગ્યતા. જુદા જુદા સ્વરૂપે પરિણમન યોગ્યતા. કોઇ પણ મૂળભૂત પદાર્થ, પદાર્થાન્તર સ્વરૂપે પરિણમન પામતો નથી. જીવ અને પુદ્ગલ પોતાનું મૂળભૂત સ્વરૂપ ત્યજ્યા સિવાય વિવિધ પરિણામોને અનુભવે છે. એટલે ભવ્યતા એ સ્વભાવ નિરૂપિત છે પણ પરભાવ નિરૂપિત નથી. અભવ્યતા એ પરભાવથી વિચારવામાં આવે તો મૂળભૂત દરેક પદાર્થમાં છે કારણ કે કે કોઇ પણ પદાર્થ પોતાનું મૂળ સ્વરૂપ છોડીને અન્ય પદાર્થ પણે પરિણમતો નથી. સાથે આકાશાદિ પદાર્થોમાં સ્વભાવ નિરૂપિત અભવ્યતા પણ છે. કારણ કે તે પદાર્થોમાં પોતાના સ્વરૂપમાં પણ જીવ અને પુદ્ગલની જેમ પરિણમનની વિવિધતા ધારણ કરતા નથી. સિદ્ધાત્માઓમાં અભવ્યતા ઉત્પન્ન થાય છે. સિદ્ધ થયા બાદ એ આત્માઓમાં પણ પરિણમન થતું નથી.

આ ભવ્ય સ્વભાવ અને અભવ્ય સ્વભાવમાં અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવની જેમ સ્વ-પર-દ્રવ્યાદિ ગ્રાહકનય લાગુ પડતો નથી. કારણ કે જેમ દરેક પદાર્થો સ્વ-દ્રવ્યાદિ રૂપે અસ્તિ છે અને પરદ્રવ્યાદિ રૂપે નાસ્તિ છે એમ સ્વ દ્રવ્યાદિ રૂપે ભવ્ય છે અને પર દ્રવ્યાદિ રૂપે અભવ્ય છે એવું કહી શકાય નહિં.

શુદ્ધ અને અશુદ્ધ મિશ્રિત પદાર્થોમાં પણ પદાર્થનું શુદ્ધ સ્વરૂપ આગળ કરીને જે પરમભાવગ્રાહક નય પ્રવૃત્તિ કરે છે, તેની વિચારણા પ્રમાણે ચેતનસ્વભાવ આત્મામાં છે. આત્મા એથી ચેતન કહેવાય છે. પણ અસદ્ભૂત વ્યવહારનયની વિચારણાએ જ્ઞાનાવરણાદિક કર્મો અને મન-વચન-કાયારૂપ નોકર્મો પણ ચેતન કહેવાય છે. ચેતનના સંયોગથી ઉત્પન્ન થતા પર્યાયો એ સર્વમાં છે. કર્મો વિશ્વમાં એમને એમ પડયા હોય છે, ત્યારે પોતાનું કાર્ય કરી શકતા નથી. ચેતનબદ્ધ થાય છે ત્યારે જ તેનામાં ચૈતન્ય આવે છે. બળે છે તો અગ્નિ, છતાં 'ઘી બળે છે' એ પ્રમાણે જે ઉપચારથી કહેવાય છે તેમ 'આ શરીર આવશ્યક જાણે છે' વગેરે વ્યવહાર પણ અસદ્ભૂત વ્યવહારથી શરીરાદિને પણ ચેતનસ્વભાવ માનવાથી થાય છે. પરમભાવગ્રાહકનયથી કર્મ અને નોકર્મ એ અચેતન સ્વભાવવાળા છે. સામાન્ય રીતે જીવથી ભિન્ન અજીવ માત્રમાં અચેતન સ્વભાવ મુખ્યપણે રહે છે. જેમ ઘીમાં સ્વાભાવિકપણે અનુષ્ણ સ્વભાવ છે તેમ. અસદ્ભૂત વ્યવહારનયથી જીવમાં પણ અચેતન સ્વભાવ છે એમ કહી શકાય. જડના સમ્બન્ધથી ચેતન પણ 'જડ છે,' 'અચેતન છે' વગેરે વ્યવહાર પ્રવર્તે છે.

વેદાન્તીઓ 'જીવમાં કોઇ એવું અજ્ઞાન છે કે જેને કારણે જીવ 'હું મને જાણતો નથી' એવો અનુભવ કરે છે' એ પ્રમાણે માને છે. પણ તેઓની એ માન્યતા વ્યાજબી નથી, ઉપર જણાવ્યું એ પ્રમાણે જીવમાં જડના સમ્બન્ધથી અસદ્ભૂત વ્યવહારનય અચેતન-સ્વભાવ સ્વીકારે

# જૈનદર્શનનો કર્મવાદ

## સ્થિતિબંધ સ્વરૂપ ( ૩ )

શિક્ષક: **શ્રી ખુબચંદ કેશવલાલ—સિરોહી.**

આઠમા ગુણસ્થાનકથી આગળ વધેલો આત્મા ક્રમે ક્રમે બાકી રહેલાં દરેક કર્મોનો લઘુમાં લઘુ સ્થિતિએ બંધ કરી, અન્તે સર્વ કર્મોનો બંધવિચ્છેદ કરતાં મોક્ષસ્થાનને પ્રાપ્ત કરે છે. ગુણસ્થાનકમાં આગળ વધવાની તાકાત જેનામાં પ્રગટ થઇ હોય, તેજ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. તેવી તાકાતનું પ્રગટવું સંજ્ઞીપંચેન્દ્રિય સિવાય બીજી જાતિમાં થઇ શકતું નથી. એકેન્દ્રિયાદિ જાતિમાં સ્થિતિબંધ અંતઃકોડાકોડિ સાગરોપમથી તો કેટલોય ઓછો હોવા છતાં પણ મિથ્યાત્વ ગુણસ્થાનકથી આગળ વધવાની તેની તાકાત નથી. કારણ કે મિથ્યાત્વ મોહનીય કર્મ તેને આગળ વધવા દેતું નથી.

જ્યારે અંતઃકોડાકોડિ પ્રમાણ પણ લઘુ સ્થિતિ બાંધનાર સંજ્ઞીપંચેન્દ્રિય જીવો પૈકી કેટલાક જીવો પોતાને અનાદિકાળથી રોકી રાખનાર મિથ્યાત્વ મોહનીય કર્મના તીવ્ર રસ રૂપી ગાંઠને ભેદી નાખી આગળ વધે છે. આ ગાંઠ ભેદવાપણાને જૈન પારિભાષિક ભાષામાં ગ્રંથીભેદ કહેવાય છે. તે ગ્રંથીભેદ જે અધ્યવસાયોના બળથી થાય છે, તેનું નામ અપૂર્વકરણ કહેવાય છે. સંજ્ઞીપંચેન્દ્રિયથી નીચેની જાતિમાં ગ્રન્થિભેદ કરવા યોગ્ય અધ્યવસાયો થતાજ નથી. સંજ્ઞીપંચેન્દ્રિયમાં પણ તે જ જીવો ગ્રન્થિ ભેદી શકે છે કે જેઓએ આયુ સિવાય સાતે કર્મોની સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ પ્રમાણની કરી હોય. એટલે આત્મામાં દીર્ઘ સ્થિતિએ બંધાયેલ પૂર્વ સંચિત કર્મોની તે સ્થિતિ તોડી નાંખી ઉપર મુજબ ટુંકી કરી નાખે અને નવી સ્થિતિ તેથી વધુ ન બાંધે.

આ રીતનો લઘુસ્થિતિ બંધ સંજ્ઞીપંચેન્દ્રિય જીવોમાં જે અધ્યવસાયોના બળથી થાય, તેનું નામ યથાપ્રવૃત્તિકરણ કહેવાય છે.

યથાપ્રવૃત્તિકરણ કરનાર આત્મા, ગ્રન્થિદેશ સુધી પહોંચેલો કહેવાય છે. યથાપ્રવૃત્તિકરણ કરનાર આત્મા ગ્રંથીભેદ કરે જ એવી એકાંત વાત નથી. કેટલાક જીવોનું તે યથાપ્રવૃત્તિકરણ અસંખ્યાત વર્ષો પર્યંત ટકી રહે તોય પણ ગ્રન્થિભેદ કરવા રૂપ અધ્યવસાય તેનામાં નહિ થવાથી તે જીવો યથાપ્રવૃત્તિકરણથી પણ છેવટે પતિત થઇ, પૂર્વે કર્મોની જે દીર્ઘ સ્થિતિ બાંધતા હતા તે પ્રમાણે જ બાંધવાનું ચાલુ કરે છે, એટલે યથાપ્રવૃત્તિકરણ કરવા દ્વારા ગ્રન્થીદેશ સુધી પહોંચવા છતાં તે આત્મા ગ્રંથીભેદ કરે જ એવું એકાંતપણું નહિ હોવા છતાં પણ ગ્રન્થિભેદ તો યથાપ્રવૃત્તિકરણ કર્યા બાદ જ થઈ શકે છે. યથાપ્રવૃત્તિકરણ કર્યા વિના, આત્મા ગ્રન્થિભેદ કરી શકતો જ નથી. યથાપ્રવૃત્તિ કરણના યોગે ગ્રન્થિદેશ નિકટ આવે, વીર્યોલ્લાસ થાય, અને અપૂર્વકરણ આવે તો તે અપૂર્વકરણથી ગ્રન્થિ ભેદી ( મિથ્યાત્વના રસને ઓછો કરી ) અનિવૃત્તિકરણ કરીને સમ્યક્ત્વ પામે ત્યારે આત્માના સ્વરૂપની ઝાંખી થાય, અને હેય–જ્ઞેય–ઉપાદેયનો વિવેક આત્મામાં જાગે.

૬૯ કોડાકોડિથી અધિક સ્થિતિ ઉડાડી દઈ ગ્રન્થિ સુધી આવેલ આત્મા અપૂર્વ વીર્યોલ્લા-

---

છે. જ્યારે જીવમાં અચેતન સ્વભાવ કાર્ય કરતો હોય ત્યારે જીવ–'હું મને જાણતો નથી' એવો અનુભવ કરે એ સ્વાભાવિક છે.

( ચાલુ )

સથી ગ્રન્થિને ભેદી એકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી કદાચ તે આત્મા મિથ્યાત્વી થઇ જાય, નરકે જાય, અરે નિગોદમાં ઉતરી જાય તો પણ તેનો સંસાર અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત-નથી વધુ નહિ રહેવાથી અંતઃ કોડાકોડિ સાગરોપમથી વધારે સ્થિતિબંધ તે આત્માને થતો જ નથી. અનાદિ કાળથી કર્મ સંતાનથી વેષ્ટિત આત્માઓને કર્મની જંજીરોથી મુક્ત થવા મોક્ષપ્રાપ્તિનું ધ્યેય જ સ્વીકારવું જોઇએ. મોક્ષ-પ્રાપ્તિ માટે સાચા સ્વરૂપે ધર્મની પ્રાપ્તિ કરવી જોઇએ, અને ધર્મને સાચા રૂપે પામવા માટે દુર્લભ એવા સમ્યક્ત્વને પામવું જોઇએ.

દુર્લભ એવા સમ્યક્ત્વની પ્રાપ્તિ કયા ક્રમે પ્રાપ્ત થાય છે, તે અંગેની હકિકત ઉપર દર્શાવી તેમાં પ્રથમ તો આયુ સિવાય શેષ સાતે કર્મોની સ્થિતિની પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ પ્રમાણ લઘુતા કરવી જોઈએ.

આટલી હદ સુધીની લઘુતાને પામેલો જીવ જ ગ્રન્થિદેશને પામી અનુક્રમે અપૂર્વ-કરણ અને અનિવૃત્તિકરણ કરી સમ્યક્ત્વને પામી શકે છે.

ગ્રન્થિદેશે પહોંચવા યોગ્ય કર્મસ્થિતિની લઘુતા જીવને પોતાના ઇરાદાપૂર્વકના પુરૂ-ષાર્થ વિશેષથી પ્રાપ્ત ન થતાં નદી-ઘોલ-પાષાણ ન્યાયે અકસ્માત યોગે પામે છે. નદીઓમાંથી કેટલીકવાર બહુજ સુંદર આકારવાળા અને અતિશય લીસા એવા પાષાણો મળી આવે છે. એ પાષાણોને કોઈ કારીગરે કંઇ એવો સુન્દર આકાર આપેલો હોતો નથી; અથવા તો એ પાષાણને કોઈ કારીગરે એવું અતિશય લીસા-પણું પણ આપેલું હોતું નથી. આમથી તેમ અથડાતે કુટાતેજ એ પાષાણો એવા સુંદર આકારવાળા અને એવા અતિશય લીસા બની ગયેલા હોય છે. પાષાણને એવા આકાર આપ-વાની સાથે એવું લીસાપણું આપવું, એ કારી-ગરને માટે ય સહેલું તો નથી જ; જ્યારે કુદ-રતી રીતે એ પાષાણો અથડાતે કુટાતે એવા બની ગયેલા હોય છે. જીવને ગ્રન્થિદેશ સુધી પહોંચાડનારી જે કર્મસ્થિતિની લઘુતા થાય છે, તે લઘુતા પણ એ જ રીતે યથાપ્રવૃત્તિકરણ દ્વારા એ કર્મસ્થિતિ ખપતે ખપતે થઇ જવા પામે છે; અભવ્ય જીવો અને દુર્ભવ્ય જીવો પણ ગ્રન્થિદેશ સુધી પહોંચી શકે છે, છતાં તેઓ આગળ વધી અપૂર્વકરણ દ્વારા ગ્રન્થિ-ભેદ કરી શકતા નથી.

અહીં ખાસ સમજવું જરૂરી છે કે, ઉપર મુજબ કર્મસ્થિતિની લઘુતા થવી એ ખુબ જ મહત્ત્વની વસ્તુ છે. કારણ કે જેમ ગ્રન્થિને ભેદવાનો પુરૂષાર્થ તે ઉપર મુજબ કર્મસ્થિતિની લઘુતાને પામ્યા વિના કરી શકાતો નથી, તેમ શ્રી જિનેશ્વર મહારાજે મોક્ષ માટે જણાવેલી ક્રિયામાં એક નમસ્કારનો (નવકારમંત્રનો) પહેલો અક્ષર નકાર કે કરેમિભંતેનો પહેલો અક્ષર કકાર તે પણ ઉપર મુજબ કર્મસ્થિ-તિની લઘુતા પામનાર ભાગ્યશાળીઓને જ પ્રાપ્ત થાય છે. આ-જે નમસ્કારના નકાર અને કરેમિ-ભંતેના કકારની વાત તે યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાન રૂપ સમ્યક્ત્વ ન પામેલો હોય તેવાઓને ય માટે પણ સમજવી.

સમ્યક્ત્વ રહિત જીવો તો શું, પણ અભવ્ય જીવો કે જે કોઇ કાળે મોક્ષ માનતા જ નથી, અને માનવાના પણ નથી, અને જેને મોક્ષની ઇચ્છા થઇ નથી, અને થવાની પણ નથી, તેઓને પણ નવકાર મહામન્ત્ર, અથવા શ્રી નવકાર મહામન્ત્રનું

'નમો અરિહંતાણં' એવું પહેલું પાદ, અથવા તો 'નમો અરિહંતાણં' એ પાદમાંનો પ્રથમ અક્ષર 'ન' 'નમો અરિહંતાણં' એ પદના 'ન' તરીકે ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે તે જીવો ગ્રન્થિદેશને પામવા જોગી કર્મ-સ્થિતિની ભાવથી લઘુતાને પામેલા હોય. કરેમિ ભંતેના કકારની પ્રાપ્તિ અંગે પણ એ રીતે જ સમજવું. આ સિવાય કર્મની ઉપર મુજબ લઘુતાની આવશ્યકતા જણાવતાં વળી પણ શાસ્ત્રો કહે છે કે, 'ભગવાન શ્રી જિનેશ્વર-દેવોએ ફરમાવેલ શ્રુતધર્મ અને ચારિત્રધર્મની દ્રવ્યથી પણ આંશિક આચરણા ગ્રન્થિદેશે પહોંચવા જોગી કર્મસ્થિતિની લઘુતાને પામેલા આત્માઓ જ કરી શકે છે.

કર્મસ્થિતિની લઘુતાને અંગે ઉપર મુજબ નવકારમંત્ર–કરેમિભંતે અને શ્રી જિને-શ્વરદેવકથિત શ્રુતધર્મ અને ચારિત્રધર્મની દ્રવ્યથી પણ આંશિક આચરણા આચરનારાઓમાં એ પણ ચોક્કસ છે કે, 'એ જીવોમાં કોઇ પણ કર્મ એક કોડાકોડિ સાગરોપમની સ્થિતિનું કે એથી અધિક સ્થિતિનું બંધાય તેવા તીવ્ર ભાવના અશુભ પરિણામો પ્રગટતાં જ નથી.'

ગ્રન્થિદેશે આવવા જોગી કર્મસ્થિતિની લઘુતાને પામેલા બધા જીવો જેમ ગ્રન્થિભેદ કરી, સમયકૂત્વને પામી જ જાય એવો નિયમ નહિ હોવા છતાં પણ જીવ જ્યાં સુધી ગ્રન્થિદેશે આવવા જોગી કર્મસ્થિતિની લઘુતાને પામે નહિ, ત્યાં સુધી તે જીવ ગ્રન્થિભેદ કરી સમ્યકૂત્વ પામી શકતો જ નથી, તેવી જ રીતે નવકાર–કરેમિભંતે અને શ્રી જિનેશ્વરદેવ કથિત શ્રુતધર્મ અને ચારિત્રધર્મની દ્રવ્યથી પણ આંશિક આચરણા અંગે સમજવું.

ઉપર મુજબ લઘુ સ્થિતિબંધ હોય, તે પણ જો સમ્યકૂત્વની પ્રાપ્તિ ન થાય તો તેમની એ સ્થિતિ કાયમ ટકી રહેનારી કહેવાય નહિ. વધુમાં વધુ અસંખ્યાતા કાળ પછી તો એ જીવ ગ્રન્થિદેશથી કાં તો આગળ વધીને સમ્યગ્દર્શનાદિ ગુણોને ઉપાર્જે અને કાં તો એ પાછો હઠી જવા પામે.

સમ્યકૂત્વ—દેશવિરતિ—સર્વવિરતિ-ઉપશમ-શ્રેણિ અને ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ આત્માના તેવા પ્રકારના પુરૂષાર્થના યોગે છે, જ્યારે આ ગ્રન્થિદેશની પ્રાપ્તિ ભવિતવ્યતાએ જ છે: એટલે આ સ્થિતિથી પતિત થયા બાદ પુનઃ આ સ્થિતિની પ્રાપ્તિ આપણી સ્વાધીનતાને આધિન નહિ હોવાથી ગ્રન્થિદેશને પામેલ આત્માએ ગ્રન્થિભેદ કરી, સમ્યકૂત્વ પ્રાપ્ત કરી ક્રમે ક્રમે દેશવિરતિ–સર્વવિરતિ આદિ ગુણોને પ્રાપ્ત કરવામાં પ્રયત્નશીલ બની રહેવા જાગૃતિ રાખવી જોઇએ. તો જ કર્મસ્થિતિની લઘુતાની પ્રાપ્તિ સાર્થક છે.

સ્થિતિબંધના આ સ્વરૂપને સમજી સ્વહિત-કામી આત્માઓએ એટલી કાળજી તો અવશ્ય રાખવી જોઈએ કે પોતાના આત્મામાં અશુભ પરિ-ણામ નહિ પ્રગટવા દેવા માટે તદ્યોગ્ય નિમિત્તોથી દૂર રહેવું જોઇએ. કદાચ નિમિત્તવશાત્ અશુભ પરિણામ પ્રગટી જાય તો પણ તેને તીવ્ર નહિ બનવા દેવાની કાળજી રાખવી જોઇએ. આત્મા જેમ ગુણ–સમ્પન્ન બનતો જશે તેમ તેમ તેને થતો કર્મબંધ અશુભ રૂપે થતો અટકી જઇ શુભ રૂપમાં થતો જશે. અને જેમ જેમ આત્માના પરિણામ વિશુદ્ધ થતા જશે તેમ તેમ ક્રમે ક્રમે નિર્જરા કરતો તે આત્મા પરિણામે સર્વ કર્મથી રહિત મોક્ષદશાને પ્રાપ્ત કરી શકશે.

# વિદ્વત્તાની વિટંબના!

પૂ૦ મુનિરાજ શ્રી મૃગેંદ્રમુનિજી મહારાજ

❀

**જૈન સમાજમાં જન્મ લઇ, સમાજના આશ્રયે આગળ વધેલા સુધારક (?) પંડિતો, જૈન સિદ્ધાંતો, આગમો તથા દેવાધિદેવ ભગવાન શ્રી મહાવીરદેવ પ્રત્યે અને પૂર્વકાલીન સુવિહીત આચાર્યદેવો પ્રત્યે શબ્દપ્રયોગનો વ્યવહાર પણ કેટ-કેટલો વિવેકહીન તથા મર્યાદા રહિતપણે કરે છે અને પોતે જેને પોતાના માન્યા હોય તેવા વર્તમાનકાળના સામાન્ય માનવો પ્રત્યે પણ કેવા શબ્દાડંબર પૂર્વકના વ્યવહાર કરે છે? નથી તેમાં ભગવાન પ્રત્યેનો કે પૂર્વાચાર્યો પ્રત્યે વિનયભાવ, તો બહુમાનભાવની વાત જ કયાં?**

**આવા પંડિતો (?) જ્યારે ગાડરીયા સમાજમાં વાહ-વાહ થતા હોય, ત્યારે સમાજના ધર્મશીલ વિચારકોને તેઓના ભ્રામક વિચારોની જાળથી સાવધ રહેવા માટે અવસરોચિત ચેતવણી આપવી એ જરૂરી છે, આવી ચેતવણી આ લેખમાં આપવાની ફરજ પૂ૦ મહારાજશ્રીએ અદા કરી છે.**

**સર્વ કોઇ સહૃદય વિચારકો આ લેખનાં હાર્દને વાંચે, વિચારે એ આશા અસ્થાને નહિ ગણાય!**

❀

**'મહાવીરવાણી' પુસ્તક જે તાજેતરમાં પ્રસિદ્ધ થયું છે, તે પુસ્તકના લેખક પં૦ બેચરદાસ દોશીએ 'ભ૦ મહાવીરનું જીવન અને તેનો મહિમા' એ વિષય પર તે પુસ્તકમાં જે લખ્યું છે, તે કેવલ તેઓના માનસનું મલિન પ્રતિબિંબ જ કહી શકાય. તેમાં તેઓએ દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવનાં લોકોત્તર જીવનને પોતાની સ્થૂલ બુદ્ધિના ગજથી માપવાનો બાલિશ પ્રયત્ન કર્યો છે, તેના પરિણામે અનેક ભ્રામક વિચારો કે જે ભયંકર અનર્થ કરનારા છે, તે રજૂ કર્યા છે, જેનો પ્રતિકાર કરવો જરૂરી લાગે છે કે જેથી કોઇ તેમના વિચારોથી ભૂલે ચૂકે દોરવાઇ ન જાય!**

સુધારક શબ્દના વિકૃત અર્થમાં જેને ઓળખી શકાય એવો આજનો વિદ્વદ્ વર્ગ (?) ભાષાની ઠેઠ નીચી પાયરીએ પહોંચતો જાય છે, એનો અર્થ એ નથી કે તેઓની ભાષાશુદ્ધિ નથી કે વાકયરચના બરોબર નથી, વસ્તુત: માનવ જેટલી જ્ઞાનોપાસના કરતો જાય છે, ત્યારબાદ જ્ઞાનનું પરિણમન તેના આત્મામાં કેવું થયું છે? એ એની ભાષા ઉપરથી નક્કી કરી શકાય છે, ભાષા એ ભાવનાને પ્રદર્શિત કરવાનું મુખ્ય સાધન છે. ને માનવ કોઇપણ રીતે અંતરની ભાવના બહાર ઠાલવતો જ હોય છે. આ રીતે ભાષાની અનિવાર્યતા હોઈ તેને જ્ઞાનોપાસના દ્વારા સાધ્ય તથા સંસ્કારિત કરી શકાય છે, પણ ભાષા અને ભાષાનું ઉર્ધ્વીકરણ એ બન્ને અલગ વસ્તુ છે.

ભાષાના ઉર્ધ્વીકરણમાં હંમેશાં પૂજ્ય પરમોપકારી મહા-પુરૂષો પ્રત્યે શ્રદ્ધાના અર્ધ્યની જરૂર રહેતી આવી છે. પૂજ્યો એટલે કે બહુશ્રુતો તરફના કૃતજ્ઞભાવને હૃદયમંદિરમાં નિરંતર સતત જીવતો જાગતો રાખવો જરૂરી છે. આ રીતે જ આપણા જ્ઞાની મહા-પુરૂષો ભાષાના ઉર્ધ્વીકરણ કરવા સાથે જ્ઞાનની સાચી ઉપાસના કરી ગયાના દૃષ્ટાંતો રૂપ આજે પણ તેમના સેંકડો ગ્રંથો મોજુદ છે. જેની પાસે શ્રદ્ધાનું અર્ધ્ય નથી, કૃતજ્ઞતાનો પ્રકાશ જેના અંતરના ઓરડામાં નથી, તેવા સાક્ષરો શું લોકોત્તર પુરુષના અદ્દભુત વ્યક્તિત્વની ઝાંખી શબ્દરૂપમાં કરાવી શકશે? આજે તો ભાષાને શાબ્દિક આડંબરોથી શણગારી તેને નવચૈતન્ય અપાય છે. શ્રેષ્ઠ કૃતિ તરીકે મનાવાય છે. પણ પ્રાણતત્ત્વવિહોણી એ ભાષાથી જગતનું કે પોતાનું અજ્ઞાન ટાળી શકાતું નથી.

શ્રદ્ધા અને કૃતજ્ઞભાવ એ ભાષાનો પ્રાણ છે. ભાષાની સાચી ઉત્ક્રાન્તિના મૂળભૂત સાધન છે. કેટલીક વાર તો અલંકારના અંચળા નીચે પૂજ્યવર્ગનું થતું ઘોર અપમાન સામાન્ય સમજુ વર્ગ દેખી પણ શકતો નથી, કારણ એની મતિ સાચા-ખોટાનું પૃથ-

ક્રરણ કરવા અસમર્થ હોઇ તે છાપેલી પંક્તિઓને જ વધુ મહત્ત્વ આપી દે છે. આમ જનતામાં અજ્ઞાનતાનું જોર વધુ સજ્જડ બને છે. આમાં જો જોઇશું તો તેમાં બહુધા ફાળો ભ્રામક ને મન-ઘડંત વિચારોને ફેલાવનારા પોથી-પંડિતોનો જ જણાઈ આવે છે. જેને સર્વજ્ઞશાસનને વફાદાર નથી રહેવું તેને શાસ્ત્ર-વચનોની સાથે સાથે પોતાના અંગત વિચારોને ઘુસાડવાનો કશોય હક્ક નથી. જે સંપૂર્ણ વફાદાર છે તે તો સ્વપ્નમાંય એવી બાલિશતા આદરતો નથી. આવી અનધિકારી ચેષ્ટા આત્માને ઘણી જ ખતરનાક છે. ખુદ ભ૦ શ્રી મહાવીરદેવના જીવને પોતાના ત્રીજા મરીચિના ભવમાં કરેલી થોડીશી પણ ઉત્સૂત્ર પ્રરૂપણાથી કેટલો સંસાર વધ્યો ? તો પછી પાનાં અને પાનામાં પોતાના સ્વતંત્ર વિચારોને ભરવાથી આત્મા કેટલો કર્મથી ભારે બનતો હશે ? તેનો કરુણ અંજામ એ આત્માને કેવો ભોગવવો પડશે ? એ કલ્પનાથી પણ ધ્રૂજી જવાય એવું છે, માટે સર્વજ્ઞ-સિદ્ધાંતના એક એક અક્ષરની વફાદારી આત્માને અનેક દારૂણ દુઃખોથી દૂર રાખનારી છે. આ હકીકતથી સાક્ષરો અજ્ઞાત તો નહિ જ હોય. આજના પોથી-પંડિતો પોતાના લેખમાં જ્યારે તેઓ કોઇ અવતરણ ટાંકે છે ત્યારે જાણે શાસન પ્રત્યે પોતાની બેવફાદારી નીડરપણે પ્રગટ કરતાં હોય તેમ લાગે છે. અને પૂ૦ મહાપુરુષોને 'આ૦ હરિભદ્ર કિંવા આ૦ હેમચંદ્ર' આમ કહે છે. આ પૂજ્ય જ્ઞાની પુરુષો પ્રત્યેના શુષ્ક શબ્દો જ કહી આપે છે કે એને મન એ મહાન યુગપુરુષો અને આપણા જેવી સામાન્ય વ્યક્તિઓ બધી સરખી જ છે, એમાં પૂજ્યો પ્રત્યે કોઇ હાર્દિક ભાવનાસૂચક કે પૂર્વકાલીન આચાર્યદેવોના અદ્ભુત વ્યક્તિત્વનો દર્શક કોઈ પણ શબ્દ શોધ્યો મળે તેમ નથી. એ સ્પષ્ટ જોઈ શકાય છે.

જ્યારે બીજી તરફ તેઓ આ યુગની ગાંધીજી કે વિનોબાજી જેવી વ્યક્તિઓ માટે વિશેષણોનો બિનસંકોચે ઉપયોગ કરે છે. લોકસમૂહમાં પ્રિય બનવાની કે અન્ય કોઇ અંતરમાં રહેલી ઐહિક આકાંક્ષા જ આજના સુધારક સાક્ષર વર્ગને આમ કરવા પ્રેરતી હશે. (ફરજ પાડતી હશે.) આમ કરવામાં પોતે પૂજ્યોની ભારોભાર નાલેશી કરી રહ્યા હોય છે, એમ તેઓ શું નહિ સમજી શકતા હોય ? તેઓ કેટલી અઘટિત સરખામણી કરે છે તે માટે એક જ ઉદાહરણ પૂરતું છે. તેઓ આ પુસ્તકમાં લખે છે કે;

"મહાવીરે ચિંધ્યો માર્ગ, આજે તો અછતો બન્યો. આપીને પ્રાણ પોતાનો છતો જેણે ફરી કર્યો. એવા શ્રી ગાંધીજી સંત, આ કાલે **અરિહંત** શા. લાયક છો તમે પુત્ર, તેમના વારસા-રખૂ."

આ શબ્દો બેચરદાસ પંડિતે લખ્યા છે, શું આ શબ્દો જૈન કુલમાં જન્મેલા અને જૈન કહેવડાવનારને છાજે છે ? ગાંધીજીને સંત કહેવા માટે જેને શબ્દો મલે છે, **અરિહંત** શા કહેવાની જે અક્ષમ્ય ધૃષ્ટતા કરે છે, તે ભગવાન શ્રી મહાવીરદેવને ફક્ત 'મહાવીર' શબ્દથી સંબોધે છે !

વિદ્વત્તાની વિડંબના આના જેવી અન્ય કોઈ હોઈ શકતી હશે વારૂ ?

## (૨) સિદ્ધાંત-આગમવચનોને વિકૃતરૂપે રજુ કરવાનો બેહુદો પ્રચાર !

**(१) नो खलु मे कप्पइ अम्मापिऊहिं जीवंतेहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए "**

**श्री कल्पसूत्र ९४.**

ભાવાર્થ:- 'માતપિતાની હયાતિમાં મારે પ્રવ્રજ્યા-દીક્ષા લેવી યોગ્ય નથી. ગર્ભાવસ્થામાં શ્રમણ ભગવંત મહાવીરદેવે કરેલા આ અભિગ્રહથી લગભગ જૈન જનતા વાકેફ છે. અલબત્ત આ પ્રતિજ્ઞા દ્વારા ભગવાને (માતૃભક્તિ પ્રદર્શિત કરી.) માતૃભક્તિનો પાઠ આપણને શિખવ્યો છે. પણ તેનો અર્થ એ નથી કે માતૃભક્ત કિંવા પિતૃભક્ત થવા આપણાથી દીક્ષા ન જ લઈ શકાય. ખુદ ભગવાને આમ કર્યું તો પછી આપણને પણ તેમ કરવામાં શો વાંધો છે ? એમ જેઓની વિચારધારા પ્રવર્તે છે. તેઓ સાચે જ ભીંત ભૂલે છે. પછી ઉત્સૂત્ર પ્રરૂપણાની દહેશત રાખ્યા વિના તેઓ કેવો છબરડો વાળે છે, તે નીચેની પં૦ બેચરદાસની પંક્તિઓથી જોઈ શકાય છે

"જે પોતે તીર્થંકર થવાના છે, તેમણે પણ એજ

પ્રવૃત્તિ પ્રથમ સ્વીકારેલ છે. તો આ કાળના આપણે પણ તેમને જ અનુસરવું ઘટે. પરંતુ તેમનો એ તો રાગભાવ છે, માટે તેનું અનુસરણ નહિં કરી શકાય એમ કહીને તીર્થંકરની અવજ્ઞા ન કરવી ઘટે.''

(મહાવીર વાણી–પૃષ્ટ ૨૩)

ભગવાનની આજ્ઞાનું પાલન કરનાર સામર્થ્ય વગર કે સમજણ વગર ભગવાને કર્યું તેમ કરવા જાય તો આજ્ઞાપાલનને બદલે તેમની સ્પષ્ટ રીતે અવજ્ઞા કરી બેસે છે. તેઓ લોકોત્તર પુરુષ હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા. લાભાલાભ જાણી શકતા હતા. તેમનો આચાર (કલ્પ) લોકોત્તર હતો. માટે તેમના અનુત્તર જીવન પ્રસંગોની સાથે આપણા છદ્મસ્થ જીવનની તુલના કરવી એ તદ્દન અઘટિત છે. આપણું શ્રેય તેમણે ચીંધેલા પંથે પ્રયાણ કરવામાં સમાયેલું છે. શાસ્ત્રકારનું સ્પષ્ટ વચન છે કે 'दुष्प्रतिकारौ माता-पितरौ' અર્થાત્ માતા પિતા એ દુષ્પ્રતિકાર્ય છે. એટલે તેમના ઉપકારનો બદલો–(ઋણ) વાળવો મુશ્કેલ છે. વાળી શકાતો નથી. સંતાન હંમેશાં માતાપિતાનો ઋણી જ હોય છે. એમાં બે મત નથી. પણ એ વાતને થોડા ઉંડા ઉતરીને સમજશું તો જણાશે કે, મજકૂર વાક્ય માતાપિતા પ્રત્યે સંતાનની કર્તવ્ય-ભાવના પ્રદર્શિત કરે છે. પણ એનું તાત્પર્ય એ નથી કે–સંતાને આજીવન ધનોપાર્જન દ્વારા તેમની ઐહિક ઇચ્છાઓને તૃપ્ત કરવી. માતૃ–પિતૃ–ભક્તિનો જેઓ આટલો જ અર્થ કરે છે, તેઓ ભક્તિના સ્થૂલ રૂપને જ વળગી રહ્યા છે. તેના સૂક્ષ્મ અર્થથી તેઓ અજ્ઞાત છે. આગળ વધીને કોઈ માનવી પોતાના માતાપિતા માટે પોતાની ચામડીના પગરખા બનાવી તેમના ઉપકારનું રૂણ મીટાવવા ચાહે તો પણ તેમાં તે સંપૂર્ણ કામયાબ નિવડતો નથી. સંતાન જો સ્વ-પરનું હિત સમજતો હશે તો માતાપિતાને સદ્ધર્મ સન્મુખ બનાવશે. તે દ્વારા તેમનું ઋણ ટાળી શકશે. પછી તેવા માતપિતા ત્યાગ માર્ગે જતા પોતાના સંતાનને કદી નહિ અવરોધે, કારણ તેમાં તેઓ પોતાનો સંતાન પોતાની સાચા અર્થમાં ભક્તિ કરી જ રહ્યો છે, એવું સ્વયં સમજી શકતા હોય છે.

'સંતાન પોતાના વિરહ દ્વારા પોતે માતપિતાને ઉદ્વેગ ઉપજાવે છે.' એમ માનવામાં કશું એ કારણ નથી. દીર્ઘદૃષ્ટિથી જોતાં વ્યવહારમાં પણ માતપિતા પોતાના સંતાનને પરદેશ ધનોપાર્જન કિંવા અભ્યાસ અર્થે મોકલતાં દુઃખદ હૈયે પોતાથી છૂટો કરે છે. ત્યારે માત્ર બહારથી જોનારને તો એમ જ લાગે કે 'આમ ! આ લોકો હાથે કરીને વિરહવેદના ઉપજાવતા હશે?' પણ અંદરખાને તેઓ સમજતા હોય છે કે–આ વિરહદુઃખ ક્ષણિક છે. તેનાથી થનારો ભાવી લાભ ચિરસ્થાયી છે. આમ ત્યાગપંથે પ્રયાણ કરતો કોઇ પણ સંતાન સાચા અર્થમાં માતાપિતાને કિંવા કુટુમ્બને ઉદ્વેગ ઉત્પન્ન કરતો જ નથી, બલ્કે એ પોતાના ઉપકારી માતાપિતાનું સાચું હિત ચાહતો હોય છે સ્નેહાધીન માતાપિતા સંતાનનું સ્હેજ વિરહ-દુઃખ અનુભવે છે. પણ બીજી જ પળે એ દુઃખને શાશ્વત સુખમાં પલટાવવાની વિવેકપૂર્વકની અજબ તાકાત સંતાનમાં ભરી પડી હોય છે.

※

૨. પં૦ બેચરદાસ આગળ વધતાં લખે છે કે,

''અત્યાર સુધી પાર્શ્વનાથની પરંપરામાં બ્રહ્મચર્ય મુખ્યવ્રત ન હતું. પણ પેટાવ્રત હતું, તેને ખાસ જુદું મુખ્યવ્રત સ્વીકારી તેમણે (ભ૦ મહાવીરે) પાર્શ્વનાથની પરંપરામાં ચાલતો અનાચાર પ્રધાન સ્વચ્છંદ સદંતર બંધ કરાવી દીધો.

(મહાવીર–વાણી–પૃ૦ ૩૫.)

......એ બેચરદાસ દોશીને આ વાત ખ્યાલ બહાર તો નહિ હોય કે કાયદા–કાનુનો જીવોના યોગ્યતા–વિશેષને આભારી હોય છે. માત્ર શ્રી પાર્શ્વ-નાથ પ્રભુના સંઘ–તીર્થમાં જ નહિ, બીજાથી બાવીસ પ્રભુના સંઘમાં પણ બ્રહ્મચર્ય (મૈથુન વિરમણ) એ મુખ્ય વ્રત ન હતું. તેનું કારણ 'મૈથુન વિરમણ' એ મહાવ્રતનો સમાવેશ 'પરિગ્રહ વિરમણ' મહાવ્રતમાં થઈ જ જાય છે. (સ્ત્રી પણ પરિગ્રહમાં આવી જ જાય છે.) એમ તે તીર્થના જીવો ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી સુગમતાથી સમજી શકતા હતા.

જ્યારે પ્રથમ અને ચરમ તીર્થંકરનાં શાસનમાં જીવો તેવા ન હોઈ તેમને માટે બ્રહ્મચર્યને પેટાવ્રત ન રાખતાં મુખ્યવ્રત રાખ્યું છે. માત્ર પેટાવ્રતને કારણે

# સમતાનો મહિમા:

**શ્રી એન. એમ. શાહ—અમદાવાદ.**

"જ્ઞાન ધ્યાન મનોહારી, સમતા રસ ઉરધારી;
કર્મકલંકકું દૂર નિવારી, જીવ વરે શિવ નારી;"

Contentment is the happiness:-

"એક આંધળી વ્યક્તિનું કાવ્ય છે. એ ઘણું સુંદર છે. એ કહે છે.- 'મને દિવસ નથી, રાત નથી, અંધકાર નથી પ્રકાશ નથી, તારા નથી, ચંદ્ર નથી, સૂર્ય નથી, પણ મને મારી સ્થિતિમાં સંતોષ છે, કારણ કે ચક્ષુ ન હોવા છતાં મને હૃદય છે, મારું મન ખૂલ્લું છે, હું સુખી છું. શાથી? સમતાથી. કારણ કે સમતા વિના સંસારમાં કોઇ પણ જીવને સુખ નથી;"

આ સમતા એટલે શું?

"સમતા" નું યથાર્થ અને વાસ્તવિક રૂપ સમજતાં પહેલાં "મમતા" નું સ્વરૂપ સમજવું જરૂરી છે, કારણ કે મમતા છે, મોહ છે, માયા છે, ત્યાં "સમતા" નથી, અને "સમતા" છે, ત્યાં મમતને પ્રવેશ કરવાનો અધિકાર નથી....

વસ્તુતઃ અઢારે પ્રકારના પાપસ્થાનકો મમતાથી જ સેવવામાં આવે છે. એને લઈને જ ચારે પ્રકારની, નરક, તિર્યંચ માનવ, અને દેવ ગતિ છે. એથી જ રાગ-દ્વેષ છે, અજ્ઞાનનાં તે સ્પષ્ટ પરિણામ છે.

સામાન્ય રીતે આપણે સૌને એક જ પ્રકારનો ઉપદેશ-જે કિંમતી છે, તે આ રીતે આપવામાં આવે છે. "મનુષ્ય જન્મ કિંમતી છે, એમાં વેળાસર ચેતી, ધર્મ કરી લેવો સારો છે. નહિ તો એશઆરામથી આખરે પસ્તાવો થાય છે, અંતે જીવન હારી જવાય છે. પરંતુ માયાનું વાતાવરણ ઘણું સૂક્ષ્મ અને વિશાળ પટ પર પથરાયેલું છે. એટલે એની અસરમાંથી કેવળ વિમુક્ત રહેનારા તો મમતા મૂકનારા વિરક્ત સિવાય અન્ય કોઈ આવી શકે નહિ.

આમ છતાં માયા, પ્રલોભનો, મોજમઝાહ અને એશઆરામ સામે સંસારી જીવો માટે એક અત્યંત ઉત્તમ ગુણ 'સમતા" જ્ઞાનીઓએ રજુ કર્યો છે, અને એનું મહત્વ તો "પરમ-મોક્ષપદ" આપનાર છે, એમ પણ દર્શાવ્યું છે. જેને પોતાના જ્ઞાન-દર્શનાદિ સ્વભાવમાં મમતા છે, રટણ છે, તેની દશામાં મમતા હોય નહિ, અને તે જ સાચી સમતા છે, પણ આ વસ્તુ તો બહુ વિચાર વિના સમજાય એમ નથી.

એ માટે શ્રીમદ્ આનંદઘનજીએ એક પદમાં લખ્યું છે:-

"હે સાધુ પુરુષો! સમતાના સંગે રમો; મમતાનો સંગ પરિહરો. કારણ કે તેમાં લક્ષ્મી નથી, કાળાશ છે. આ સંસારને છોડીને મહારાજા ઈંદ્ર, નાગેન્દ્ર, ચક્રવર્તિઓ સર્વ ચાલ્યા ગયા, તો હવે એ છાંડો."

પરંતુ મમતાનું વિષ અત્યંત ફેલાયેલું છે, તે પુત્ર, પિતા, માતા, સ્ત્રી, માનપાન, વિદ્વત્તા, રૂપ, બળ એ બધામાં પથરાએલું છે, અને તે મારક છે, ડૂબાડનાર છે, રખડાવનાર છે, વધુ શું કહેવું? આમ છતાં "સમતા" ગુણ મનુષ્યને એના ભૂલેલા માર્ગેથી સન્માર્ગે લાવવામાં સહાયક છે.

---

જ લેખક મહાશયે શ્રી પાર્શ્વનાથ પ્રભુના સંઘમાં અનાચાર પ્રધાન સ્વચ્છંદની જે કલ્પના દોડાવી છે, તે તદ્દન પોકળ અને ગેરસમજ ભરેલી છે. અને કોઇ પણ પ્રકારના આધાર વિહોણી છે. એમ કોઇપણ સહૃદય સુજ્ઞને લાગ્યા વિના નહિં રહે, એટલું જ નહિં પણ આવું દોષારોપણ કરનારનું માનસ કેટલું દૂષિત છે એ પણ સ્પષ્ટ જણાશે.

અને એટલા માટે જ મૈત્રી, કરુણા, પ્રમોદ અને ઉપેક્ષા ભાવનાનો વારંવાર વિચાર કરવાની જરૂર છે. કારણ કે આ ભાવનાઓના નિરંતર વિચાર વડે જ અનેક પ્રકારના માનસિક કલહ, કંકાશ, દુર્ગચ્છા મટી જાય છે.

**સ્વલક્ષમાં વહેવું તે સમતા છે. પરલક્ષે વહેવું તે મમતા છે.** અથવા સઘળા આત્માઓ "સુખ" ને જ ઇચ્છે છે, માટે મારે કોઇનું પણ બુરું ન કરવું એ પણ "સમતા" છે. એટલા માટે જ કહ્યું છેઃ–

સમતા સંગે ક્ષણ ક્ષણ રહેના,
કરણી દુનિયાદારી દૂર.

"સમતા" ની સાથે રહેનારને તો નિત્ય મસ્તી છે, આનંદ છે. "સમતા" ગુણ તો હૃદયમાંથી જ ઊગે છે........

ભ્રમર આજે એક ફૂલ ઉપર તો કાલે બીજા ફૂલ ઉપર બેસે છે. એનો સંબંધ મધ લેવા પૂરતો છે. એ સંબંધ એના વિકાસ પૂરતો માને ત્યાં સુધી ઠીક છે, પણ જો એ ચોંટી જાય તો પુષ્પ બીડાઇ કદાચ તેનું મૃત્યુ પણ લાવે છે.

પરંતુ આમાં મૂળભૂત "સંતોષ" નો સિધ્ધાંત સમાયો છે. એને રૂપિઆ, આના, પાઈથી ન મપાય. દા. ત. માનવી પોતે જે નથી મળ્યું, તે મળશે, એવી કલ્પનાનું જ દુઃખ ભોગવ્યા કરે છે.

એટલે "સમતા" જે હૃદયનો ગુણ છે, હૃદયની પૂંજી છે, જેના આધારે અન્ય ગુણો વિકાસ પામી શકે તે માટે "જડ–ચેતન" ભિન્ન છે, તે તો ખાસ સ્મૃતિમાં રાખવા યોગ્ય છે.

જનક રાજાને અન્ય હિંદુ શાસ્ત્રોમાં "જનક વિદેહી" નામે સૌ પોકારતા. એક વાર પ્રધાને કારણ પૂછ્યું, તો મહારાજે કહ્યું જણાવીશ. થોડો સમય વીતી ગયો. પછી એક દિવસ પ્રધાનને અને સઘળા દરબારીઓને ભોજનનું નિમંત્રણ આપવામાં આવ્યું........ થોડી જ વાર પછી 'પ્રધાનને આજે ફાંસી આપવાની છે' એવું પણ એલાન કરવામાં આવ્યું. પ્રધાનનો રસ ઉડી ગયો, જમવામાં પણ કશાનું ભાન રહ્યું નહિ. મોતના સમાચારે કોણ નચિંત રહી શક્યું છે? છેવટે મહારાજે પૂછ્યું: "કેમ, મઝા આવે છે ના?" પ્રધાન શું જવાબ આપે? પછી મહારાજે કહ્યું "આ શરીર છે તે ક્ષણભંગુર છે, પછી મોહ શામાં રાખવાનો? એટલે "વિદેહી" સ્થિતિ આવે........"

આ દૃષ્ટાંત એક દેશીય છે, છતાં અત્યંત ઉપયોગી છે. કારણ કે પ્રતિ ક્ષણે 'મોત" ધસમસતું આવી રહ્યું છે. માનવી જેટલો જાગૃત બની, તરવૂરટણમાં રહે તેટલો તે નિજને પામવા ભાગ્યશાળી બને.

આમ "સહજ સ્વરૂપ" સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો સમતા–સંતોષ અનિવાર્ય છે. એમાં દયા, પવિત્રતા, ગુણોનું બહુમાન, સત્સંગ વગેરે પણ સમાઇ જાય છે. પારસમણિ સમાન આ જન્મને સફળ કરવા માટે 'સમતા"-ને દૃઢ કરવી બહુ જરૂરી છે, કારણ કે માયાનો વિસ્તાર ચારે બાજુ તમામ (મોક્ષ સિવાયની) ગતિમાં ફેલાએલો છે, સુખની સર્વને સમાન ઇચ્છા છે, છતાં પ્રયત્નના મૂળમાં સાચી સમજના અભાવની ખામી તો જરૂર રહેલ છે, પણ જ્ઞાનીના વચને નિવૃત્ત થઇ શકે.

આમ "સમતા" થી હૃદય ધર્મકાર્યમાં પુષ્ટ બને, ગુણો વિકસે, શુભાશયો દૃઢ થાય, હૃદય નિર્મળ બને, વીતરાગના ગુણોથી રંગાય, પાપ રહિત થાય, સમગ્ર જીવમાં સમાનતા ભાળે,

# અમીઝરણાં:

## પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

**અ**મે બળના, વિદ્યાના કે વિજ્ઞાનના વિરોધી નથી, પણ વિદ્યા, વિજ્ઞાન, ઉન્નતિ કે બળના નામે મનુષ્યને મનુષ્ય મટાડી રાક્ષસ બનાવતા હોય તો એના અમે કટ્ટર વિરોધી છીએ.

**જે** વિદ્યા, જે વિજ્ઞાન, અને જે બળ પ્રભુના માર્ગથી આત્માને પરાઙ્મુખ બનાવે તે વિદ્યાને, વિજ્ઞાનને કે બળને વખાણવા અમે હરગીજ તૈયાર નથી.

**જે** વિજ્ઞાન, જે વિદ્યા, જે બળ પાપભીરૂ બનાવવાને બદલે પાપમાં રક્ત બનાવે, આરંભ-સમારંભમાં થઇ જતી કંપારીને રોકી નાંખે, વીતરાગનાં વચન ઉપરની શ્રધ્ધાને નષ્ટભ્રષ્ટ કરી નાખે અને આત્માને ત્યાગમાર્ગ તરફ વળતો અટકાવી સંસારના રાગમાં મહાલતો બનાવે એ વિદ્યા, વિજ્ઞાન કે બળ જરૂરી કે હિતકર છે એમ તો અમારાથી કદી જ નહિ કહેવાય.

**જે** વિદ્યા અને જે વિજ્ઞાન સત્ય સાંભળવા જેટલી સહનશીલતા પણ ન બતાવી શકે અને માત્ર પોતાના જ કલ્પિત વિચારોના પૂજારી બનાવી સત્યની સામે, કલ્યાણમાર્ગની સામે બળવાખોર બનાવે એને વિદ્યા કે વિજ્ઞાન તરીકે કેમ જ ઓળખી શકાય ?

**ર**મા અને રામાની લાલસા મનુષ્યને પાગલ બનાવી દે છે.

**ત**મારામાં દયા હોય તો આધિ, વ્યાધિ અને ઉપાધિઓના યોગે પીડાતી દુનિયાને બચાવો. તન, મન અને ધન એમાં ખરચો!

**વિ**પરીત શિક્ષણ મનુષ્યને હેવાન બનાવે છે.

**પા**પ કરનારાઓ માટે દુર્ગતિરૂપ તિર્યંચગતિ અને નરકગતિ તૈયાર છે.

**ત**મારામાં દયા હોય તો દુનિયાને પાપમાં જતી બચાવો.

**ર**ત્નત્રયી સિવાય સંસારમાં કોઇ તારક નથી.

**સ**મ્યગ્દર્શનવાળો સંસારમાં રમે નહિ. સમ્યગ્ જ્ઞાનવાળો સંસારથી છૂટો થવા પ્રયત્ન કરે. સમ્યક્ ચારિત્રવાળો સંસારથી અલગો થઇ જાય. આ ત્રણ સિવાય દુઃખના દાવાનળથી કોઇની મુક્તિ થઈ નથી, થતી નથી અને થવાનીએ નથી. આ કીડને ન માને, આ કીડની નીચે સહી ન કરે તે જૈનશાસનના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા કહેવરાવવાને અધિકારી નથી.

**દ**રેક કાળમાં અને દરેક ક્ષેત્રમાં આ એકજ કાયદો છે કે—આરાધનાથી મુક્તિ અને વિરાધનાથી સંસાર. યોગ્ય વસ્તુના સેવનથી યોગ્યતાની પ્રાપ્તિ અને અયોગ્યના સેવનથી અયોગ્યતાની પ્રાપ્તિ.

**દા**ન એ લાંચ નથી. લાંચ માટે અપાયેલું દાન એ જૈનશાસનનું દાન નથી. દાન પણ ધનની મમતા છોડવા માટે છે. બધી ધર્મક્રિયાઓ પૌદ્ગલિક વાસનાઓ છોડવા માટે છે.

**દા**ન એ દાતાર તરીકે કીર્તિ મેળવવા માટે કે ખ્યાતિ માટે હોય તો એ સાચો ધર્મ નથી.

**સ**મ્યગ્દૃષ્ટિનું દાન દુનિયાને તારનારૂં છે. ડૂબાડનારૂં નહિ.

---

અને નિજપદ મેળવવામાં કટિબધ્ધ બને એવી સાચી "સમતા" આ જન્મે જેને પ્રાપ્ત થઇ ગઇ છે, તેના ભવો તો દૂર જ ગયા સમજજો !

સમ્યગદૃષ્ટિનું દાન દુનિયાને તારનારૂં દાન છે. ડૂબાડનારૂં નહિ.

મનમાં કાંઇ વચનમાં કાંઇ અને વર્તનમાં કાંઇ, એમ ન રાખો. ભાવના. વાતો અને વર્તન એક રાખો. કર્મવશ વર્તન જુદું હોય તો પણ ભાવના અને વાતો તો એક હોવી જ જોઇએ. આ દશા ન આવે ત્યાં સુધી જૈનત્વની વાતો દૂર છે.

જ્ઞાનીઓ તો કહે છે કે–અવ્યાબાધ પદ જોઇતું હોય તો તમે અવ્યાબાધ બનો. જે અવ્યાબાધ બને તે અવ્યાબાધ પદ પામે.

વ્યાબાધ ન હોય એવા સ્થલે જવું હોય તો આપણાથી કોઇને વ્યાબાધ ન પહોંચે એવા બનવું જોઇએ.

લાલ પીળાં પુદ્‌ગલ સામે સમ્યગ્દૃષ્ટિ આત્મા ઉદાસીન રહે, જરૂર પડે તો ઉપયોગ પણ કરે પણ તે ઉદાસીનપણે.

કલ્યાણકર કાર્યો ઘણાં વિઘ્નોથી ઘેરાયેલાં જ હોય છે. એવાં કાર્યોમાં વિઘ્નો ન આવે તો એ કાર્યોની કિંમત શી !

મુહૂર્ત મંગલ કામોમાં જોવાય છે, પણ અમંગલ કામોમાં જોવાતાં નથી. મંગલ કામોમાં વિઘ્નોની પરંપરા છે, માટે મુહૂર્ત જોવાય છે.

અમારી જાતને માટે અમારે કોર્ટે જવું એ માર્ગ નથી. અમને ગાળો દેનારને, અમારી ઉપર ગમે તેવાં કલંકો મૂકનારાને માટે પણ અમે ફરીયાદી બની કોર્ટે ન જ જઇએ, પણ અમને કોઇ કોર્ટે લઈ જાય તો 'શું થશે ?' એવી ભીતિ રાખીએ તો અમે અમારૂં ધર્મ જીવન જીવી શકીએ નહિ.

અમારી જાતને અમારા મોઢે સારી કહેવાને અમે સરજાયા નથી.

જો અમારી જાત સારી ન હોય, છતાં તમે સારી કહો એથી મુક્તિ મળવાની નથી. અને સારી હોવા છતાં કોઈ ખરાબ કહે એથી લાંછન પણ નથી.

અપકારી પર પણ ઉપકાર કરવો તે ધર્મ છે.

શ્રી જિનેશ્વરદેવનાં શાસનનાં મહર્ષિઓ સામે, શ્રી જિનેશ્વરદેવના માર્ગ સામે લક્ષ્મીના મદમાં આવી જઇ, યુવાનીના મદમાં છકી જઈ, ભણતરના મદમાં બહેકી જઇ, યદ્વા તદ્વા બોલનારાઓ માટે ભવિષ્ય ઘણું ભયંકર છે.

દરેક કાળમાં સમ્યકૃત્વ પ્રાપ્તિ જેટલી કઠિન હોય તેથી પામેલા સમ્યકૃત્વની રક્ષા કરવી એ કઇગુણી કઠીન છે.

આ જગતમાં તેઓ ધન્ય છે કે જેઓ અન્ય જીવોને કર્મબંધનના કારણરૂપ થતા નથી.

તરૂણ અવસ્થા અને રાજાની પૂજા એ બન્ને અનર્થના કરનારાં છે.

વિગઇઓ વિકારનું ઘર છે અને વગર કારણે તેના ભક્ષણને શાસ્ત્રે પાપ કહ્યું છે.

ડાહ્યો પોતાને અભિમાનથી ડાહ્યો કહે પણ બિરાગી દાંડી ન પીટે કે હું વિરાગી છું.

ગુણ દેખાય તેના પણ ગુણને વ્યક્તિની પરીક્ષા કર્યા વિના જાહેરમાં બોલતાં ના !

લોભી વેપારીની ક્ષમા કે સમતાના કદી વખાણ ન કરતા !

ગુણ જોતાં પહેલાં વ્યક્તિની પરિક્ષા કરવાનું ન ચૂકતા ! ઉઠાવગીરોને, ખોટું કહેનારાઓને કે નવું સ્થાપનારાઓને કુદરતી રીતે જ શાંતિ કેળવવી પડે છે.

# શંકા અને સમાધાન

-: સમાધાનકાર :-

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[ પ્રશ્નકારઃ- **પૂ૦ પં૦ શ્રી કનકવિજયજી ગણિવરના શિષ્ય મુનિ શ્રી મહિમાવિજયજી મ૦ ખંભાત** ]

**શં૦** શ્રી વજ્રસ્વામીજી મહારાજ જે નગરીમાં દુષ્કાળ પડયો હતો, તે નગરીમાંથી શ્રી સંઘને સુકાલ નગરીમાં આકાશમાર્ગે લઇ ગયા તો તે સંઘ ચતુર્વિધ સમજવો કે સાધુ-સાધ્વી રૂપ?

---

**બધામાં પોલ રાખે એ તો સ્યાદ્વાદ નહિ પણ પુદ્દડીવાદ કહેવાય.**

**જે વસ્તુ જે જે સ્વરૂપે હોય તે વસ્તુને તે તે સ્વરૂપે ઘટાવવી તેનું નામ સ્યાદ્વાદ છે.**

**જે વિદ્યા પાપના અખતરાથી પાછા ન હઠાવે તે વસ્તુતઃ વિદ્યા જ નથી.**

**આંબાને બદલે બાવળીયા થઈ, માર્ગને કંટકોથી દુર્ગમ બનાવી દે એવા જ્ઞાનને પોષવાને ઉદ્ઘોષણાપૂર્વક એકેએક શાસનપ્રેમીએ નિષેધ કરવો જ જોઇએ.**

**ગુણવાનની પ્રશંસા કરતાં ગુણવાન ગુણમાં આગળ વધે છે. અને દુનિયા ગુણને પામે છે.**

**અતિશય રસપૂર્વક ભોગવેલા ભોગનો વિપાક ભોગવવાનું મુખ્ય સ્થાન નરક છે.**

**શ્રી જિનેશ્વર દેવોનું જીવન તો શ્રી જિનેશ્વરદેવ જ જીવે. સાગરની શરખામણી સાગર સાથે જ થાય છે.**

**સ૦** શ્રી વજ્રસ્વામીજી મહારાજા ચતુર્વિધ શ્રી સંઘને દુષ્કાલ પ્રદેશથી સુકાલના પ્રદેશમાં લઇ ગયા હતા એમ સમજવું. કારણ કે શય્યાતરને પાછળથી તેમાં લીધો છે એટલે ફક્ત સાધુ-સાધ્વી રૂપ શ્રી સંઘ ન સમજવો.

**શં૦** ઘણા સ્થાનકોમાં શ્રાવકો પુલાવરના શાક કરે છે, તો તે સાધુ-સાધ્વીઓને લેવા કલ્પે કે નહિ? શ્રાવકોને આ શાક કરવામાં બીજી વનસ્પતિના શાક જેટલો જ દોષ કે વિશેષ?

**સ૦** પુલાવરમાં ઘણા ત્રસ જીવોના નાશનો સંભવ હોવાથી તે શાક સાધુ-સાધ્વીએ લેવું ન જોઇએ. ઉપરોક્ત લખાણથી સમજી શકો છો કે બીજા શાક કરતાં વધારે દોષ છે કે નહિ?

**શં૦** દીક્ષા વખતે ઉપકરણોની બોલી બોલાય છે તે દ્રવ્ય કયા ક્ષેત્રમાં જાય?

**સ૦** આ પદ્ધત્તિ નવી છે એટલે અમુકજ ક્ષેત્રમાં તે રકમ લઇ જવી જોઈએ એવો નિર્ણય કરી શકાય તેમ નથી.

**શં૦** પૂ૦ ગુરુ મહારાજના અગ્નિસંસ્કાર વખતે ઉછામણી બોલાય છે, એ કયા ખાતામાં વપરાય?

**સ૦** ઉપરોક્ત રકમ ગુરુના સમાધિસ્થાન બનાવવામાં, ગુરુમૂર્તિ કરાવવામાં તેમજ ગુરુનિર્વાણમહ આદિમાં ઉપયોગ કરાય છે.

શં૦ ગુરુમહારાજની સમક્ષ ગહુંલી કરીને જે દ્રવ્ય મૂકવામાં આવે છે તે કયા ક્ષેત્રમાં જાય ?

સ૦ ગુરુમહારાજની સમક્ષ ગહુંલી કરીને જે દ્રવ્ય મૂકાય છે તે દ્રવ્ય દેવદ્રવ્ય ખાતામાં જાય.

શં૦ ગુરુ મહારાજને ઘોળ ઉતારીને એટલે કે તેમની સમક્ષ તેમના શરીર પર ઉતારીને દ્રવ્ય મૂકવામાં આવે છે તે કયા ખાતામાં જાય ?

સ૦ ઉપરોક્ત વિધિ મુજબ ઉત્પન્ન થયેલ રકમ ગુરુની વૈયાવચ્ચાદિ કાર્યમાં વાપરી શકાય છે.

[ પ્રશ્નનારઃ- **ગુલાબચંદ નરશી હુબલી.**]

શં૦ શ્રી સ્થુલભદ્રસ્વામીનું નામ ૮૪ ચોવીશી બ્રહ્મચર્ય માટે અમર રહેશે. તેનો કયા પુસ્તકમાં ઉલ્લેખ છે ?

સ૦ શ્રી સ્થુલભદ્ર મહારાજના ચરિત્રમાં ઉપરોક્ત બીના સ્પષ્ટપણે છે.

[ પ્રશ્નકારઃ- **શીલા શાહ.** ]

શં૦ જેઓ શ્રી નવકારમંત્રની માળા ગણે છે તેઓમાંથી મોટે ભાગે શ્રી નવકારમંત્રના અર્થથી અજ્ઞાત હોય છે, તો અર્થના જ્ઞાન વગરના કાર્યનું ફળ શું ?

સ૦ સમળીના જીવે મરતી વખતે મુનિ મહારાજના મુખથી અર્થના જ્ઞાન વિના કેવલ શ્રી નવકારમંત્રનું શ્રવણ કરી સુદર્શના નામે રાજપુત્રીપણે જન્મ લઇ સમળી વિહાર નામનું જિનાલય બંધાવી કલ્યાણ કરી ગઇ. શ્રી પાર્શ્વનાથ ભગવાને પોતાના અંગરક્ષક મારફત સળગતા કાષ્ટથી નાગને બહાર કઢાવી શ્રી નવકારમંત્ર સંભળાવ્યો અને તે નાગ ધરણેન્દ્ર નામે દેવ થયો. સર્પ, વીંછી આદિના ઝેર ઉતારનારા મંત્રો, મંત્રવાદી હર્દીં પાસે જપે છે, મંત્રના અર્થનું જ્ઞાન ન હોવા છતાં વિષગ્રસ્તો સારા થઇ જાય છે. આથી સિદ્ધ થાય છે કે–અર્થના જ્ઞાન વગરની પણ મહાપુરુષોની વાણી ફલદાતા છે.

શં૦ નવકારવાલી ગણવી હોય તો કટાસણા ઉપરજ બેસીને ગણવી જોઇએ ? નવકારવાલી વગર નવકારમંત્રનો જાપ કરી શકાય ખરો ? ઇલેક્ટ્રીક આદિના અજવાળામાં બેસીને નવકારમંત્રનું ધ્યાન કરી શકાય ખરૂં ?

સ૦ શુધ્ધ ભૂમિ હોય તો કટાસણા વગર પણ નવકારવાલી ગણી શકાય. નવકારવાલી સિવાય હાથના વેઢાથી અથવા એકાગ્રતાથી પણ નવકારમંત્રનો જાપ કરી શકાય. સામાયિકમાં હોઇએ તો લાઇટના પ્રકાશમાં બેસીને નવકારવાલી ગણી શકાય નહિ.

[ પ્રશ્નકારઃ- **દેવચંદ રામજી શાહ ભૂજપુર (કચ્છ)** ]

શં૦ મુઠસી, ગંઠસી પચ્ચક્ખાણ કરનાર પાણી કાચું પી શકે કે ઉકાળેલું પીવું જોઇએ ?

સ૦ મુટ્ઠિસહિયં ગંઠસહિયં પચ્ચક્ખાણ કરનારે ઉકાળેલું અચિત્ત પાણી પીવું જોઇએ એવો નિયમ નથી, પણ આવા નિયમધારી આત્માઓ અચિત્ત પાણી પીયે એ અધિક શોભનીય તેમ લાભનું કારણ છે.

શં૦ ઉકાળેલા પાણીમાં ચુનો નાખ્યા પછી બીજે દિવસે તે ચુનાવાલા પાણીમાં આયંબિલ માટે કાચું અનાજ ધોઇ શકાય ? અને એ પાણીથી રસોઇ થઇ શકે ?

સ૦ ઉપરોક્ત જલથી તમો લખો છો તે થઇ શકે છે, પરંતુ શારીરિક નુકશાન આદિ

કારણે વાપરવું ઠીક નથી.

[ પ્રશ્નકારઃ- **દાંતરાઈવાલા છગનલાલ મનજીભાઈ અમદાવાદ.** ]

**શં૦** શ્રી જિનપ્રતિમાજીની સન્મુખ પૂજા ભણાતી હોય તો પૂ૦ મુનિરાજ પૂજાનું મહત્ત્વ ઉભા થઇ સમજાવી શકે ખરા ? અને સમજાવી શકે તો શ્રી જિનપ્રતિમાજીને પડદો કરીને કે પડદો કર્યા વગર ?

**સ૦** આ પ્રશ્નનું સમાધાન 'કલ્યાણ' માસિકના શંકા-સમાધાન વિભાગમાં પહેલાં આવી ગયું છે. જે જે પ્રશ્નોના સમાધાનો થઈ ગયા હોય તેનો ફરીથી જવાબ અપાતો નથી.

**શં૦** શ્રી ઉપધાનની આરાધના કરનાર આરાધકોને પ્રભાવનામાં તીર્થસ્થાનના શિખરનો ફોટો, શ્રી નવકાર મંત્રના પાંચ પદ અને પ્રભાવના કરનારના નામવાલા સ્થાપનાચાર્યજી આપવામાં આવે છે તો તે સ્થાપનાચાર્યજી ઉપયોગમાં લઇ શકાય ખરા ?

**સ૦** સ્થાપનાચાર્યજીની પુસ્તિકામાં સંપૂર્ણ નવકારમંત્ર હોય તો તે સ્થાપનાચાર્યજી ઉપયોગમાં લઈ શકાય છે. તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉપકરણો સ્થાપનાચાર્ય તરીકે પણ ઉપયોગ કરી શકાય છે.

[ પ્રશ્નકારઃ- **જવેરી વસંતરાય જગજીવનદાસ પાલીતાણા** ]

**શં૦** પ્રતિક્રમણની પ્રથા કયારથી શરૂ થઇ ?

**સ૦** પ્રતિક્રમણની પ્રથા તીર્થસ્થાપનાની સાથે છે.

[ પ્રશ્નકારઃ- **પૂ૦ પંન્યાસજીશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના** શિષ્ય મુનિ **શ્રી જયપદ્મવિજયજી ભૂજપુર (કચ્છ)** ]

**શં૦** શ્રી ચંદ્રકેવલી ચરિત્રનાં શ્લોક ૯ માં

एकैकवर्धमानाभिर्यावदष्टोत्तरं शतम् ।
आचामाम्लौलिकाभिस्तत्पारणैश्चोपवासकैः
(पारणेषूपवासकैः ।।१।।

यतः ऊक्तं सिद्धान्तेः—

एगाइयाणि आयंबिलाणि एकेकवुड्ढिमंताणि ।
पज्जंतं अट्ठुत्तरट्ठाणि, जाव पुण्णं सयं तेसिं ।।१।।
अयं आंबिलवद्धमाणं, नामं महातवचरणम् ।
वरिसाणि तत्थ चउदस, मासतिगं वीस दिवसाणि ।।२।।

પહેલા સંસ્કૃતમાં ૧૦૮ ઓળી અને મૂલમાં ૧૦૦ ઓળી લખે છે. બેમાંથી ખરૂં કયું ? ૧૪ વર્ષ, ૩ માસ અને ૧૦ દિનનો હિસાબ કરતાં ૩૬૦ દિનનું વર્ષ લેતાં ૫૧૫૦ થાય તો ૧૦૦ ઓળીઓમાં ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ ઉમેરતાં ૫૧૫૦ થાય છે. તો શ્રી વર્ધમાનતપ ૧૦૦ ઓળીઓએ કે ૧૦૮ ઓળીઓએ પૂરો થાય?

**સ૦** ૧૦૮ ઓળી અંગે જે લખાણ તે મતાન્તર સમજવું. પ્રચલિત તરીકે ૧૦૦ ઓળીએ એ તપની પૂર્ણાહુતિ થાય છે.

[ પ્રશ્નકારઃ- **છાણીવાલા અરૂણ શાંતિલાલ મહેસાણા** ]

**શં૦** પૂ૦ મુનિમહારાજાઓથી ટીનોપાલ વાપરી શકાય કે નહિ ?

**સ૦** સાધુઓ એવી વસ્તુ ન જ વાપરી શકે કે જેનાથી કપડાં ચકચકાટવાલા થાય.

**શં૦** કુલદેવીને શ્રાવકોએ માનવી કે નહિ ? અને કુલદેવી સર્વને હોય કે નહિ ?

**સ૦** કુલદેવીને શ્રાવકોએ માનવાની હોય નહિ. કોઇપણ જાતની મિથ્યાત્વી દેવ-દેવીની માન્યતા શ્રાવકધર્મને બટ્ટો લગાડનારી છે. ઘણા

# ધાર્મિક શિક્ષણક્ષેત્ર વિષે એક સૂચના

શ્રી રમણલાલ ભોગીલાલ પરીખ.

ધાર્મિક શિક્ષણનો જ્યારે વિચાર કરવા બેસીએ, ધાર્મિક શિક્ષણ કેમ સારી રીતે આપી શકાય? એનું જ્યારે મનન કરીએ, ત્યારે શિક્ષકો અંગે વિચાર કરવાનું પ્રથમ જરૂરી લાગે છે.

કેટલીક વખતે એવું બને છે કે, યોગ્ય શિક્ષકો મલતા નથી. શિક્ષકો શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા–મ્હેસાણામાં ખાસ કરીને અભ્યાસ કરે છે. અને તેમને ધાર્મિક સૂત્રોનું અર્થ સહિત જ્ઞાન આપવામાં આવે છે. આ શિક્ષકોને વ્યાવહારિક જ્ઞાન પણ તેટલું સંગીન આપવામાં આવે, વળી તેમને સંગીત અને શારીરિક તંદુરસ્તીને અંગે જરૂરી એવું પણ જ્ઞાન આપવામાં આવે તો આપણો શિક્ષક એકાંગી ન બનતાં તે સમાજની ઉગતી પેઢીને સાર્વદેશીય ધાર્મિક જ્ઞાન આપવામાં અસાધારણ સફલતા પ્રાપ્ત કરી શકે.

કેટલીક જગ્યાએ શિક્ષકને, ધાર્મિક જ્ઞાન આપવા ઉપરાંત સંઘના હિસાબો અને દહેરાસરના કાર્યો અંગે કામ કરવાનું હોય છે. વળી બાળકોને આકર્ષવા માટે સંગીત ખાસ જરૂરી છે, આથી આ જાતનું શિક્ષણ જરૂરી બને છે.

બીજું ઉપરોક્ત પાઠશાળામાં પસાર થવાથી શિક્ષક બની શકાય છે ખરૂં, પણ શિક્ષણ આપવાની પધ્ધતિ હજુ તેને શીખવાની બાકી રહે છે. ઉપરોક્ત પાઠશાળામાં શિક્ષકને પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓને શિખવવા માટે શિક્ષણપધ્ધતિ બતાવવામાં આવતી નથી, જેથી પાઠશાળાઓ પાંગળી બને છે, વિદ્યાર્થીઓ વેદિયા બને છે, થોડો વખત ઉત્સાહ દેખાય છે, પછી ઢીલાશ આવતી જાય છે. જેવી રીતે B. A. પાસ થયા પછી B. T. માટે બે વર્ષનો કોર્સ હોય છે, તે રીતે બે વર્ષ શિક્ષણ પધ્ધતિ માટે શિક્ષકોને રોકવા જોઇએ. બીજું જેવી રીતે ડોકટરોને અનુભવ જ્ઞાન (પ્રેકટીકલ નોલેજ) આપવામાં આવે છે, તેવું અનુભવ જ્ઞાન શિક્ષકોને આપવું જરૂરી છે.

સૂત્રો શીખી જવાથી પાઠશાળા ચલાવતાં આવડી જતું નથી, વિદ્યાર્થીઓને શિક્ષણ આપતાં આવડી જતું નથી.

શિક્ષકોનું ભવિષ્ય આર્થિક દૃષ્ટિયે અનિશ્ચિત હોય છે, એ પણ સારા શિક્ષકો મેળવવામાં અંતરાય કરે છે. આજે એક વિદ્યાર્થી

---

એવા છે કે જેમને પોતાની કુલદેવીની ખબર જ નથી. કુલ હોય ત્યાં તેના કુલની દેવી હોવી જ જોઇએ એવો કશોય ઉલ્લેખ નથી. કુલદેવી હોય અને આ અમારી કુલદેવી છે એમ માનવામાં મિથ્યાત્વ નથી પણ તેની મહત્તા કરે તો મિથ્યાત્વ લાગે.

શં૦ ચૌદ નિયમ પ્રથમ ધારવા કે સંક્ષેપવા? પ્રથમ સંક્ષેપીએ તો બીજા ન ધારીએ ત્યાં સુધી વચ્ચેનો કાળ નિયમ વગર રહે.

સ૦ ૧૪ નિયમનો સંક્ષેપ કરાય તેની સાથે જ ૧૪ નિયમ ધારવાના હોય છે એટલે વચલો કાલ નિયમ વગરનો રહેતો નથી.

[ પ્રશ્નકારઃ- **વી. પી. શાહ. જામનગર.** ]

શં૦ સ્વદારાસંતોષનો નિયમ લીધો હોય અને સ્વપ્નામાં પરદારનું સેવન થઇ જાય તો વ્રત ભાંગે ખરૂં?

**સ૦** કુસુમિણ દુસુમિણનો સાગરવરગંભીરા સુધી ચાર લોગરસનો કાઉસ્સગ્ગ કરવાથી અતિચાર હણાય છે. તે વ્રતનો ભંગ થતો નથી.

ધાર્મિક શિક્ષણ લે, સમાજ અથવા પાઠશાળા તેને માટે પૈસા ખર્ચે પણ ભવિષ્યમાં શું ? મારા અનુભવમાં છે કે ધાર્મિક શિક્ષકોનું ભવિષ્ય પૈસાની દૃષ્ટિએ નિશ્ચિંત નથી. એ સંસારી હોવાથી તેને પત્ની, પુત્ર પરિવાર હોય. તેમના ઉછેર, શિક્ષણ અને વ્યાવહારિક પ્રસંગો માટે તેને પૈસાની જરૂર પડવાની, તે સમાજ પુરી પાડી શકતો નથી અને આર્થિક રીતે ધાર્મિક શિક્ષક ઘસાતો જાય છે, અને રડતે દિલે, બીજો કોઈ ધંધો તેને સંઘરતો ન હોવાથી, નિરુત્સાહી બની પોતાનું જીવન તે ધાર્મિક શિક્ષણમાં વીતાવે છે.

સમાજમાં ધાર્મિક શિક્ષકનું સ્થાન, એક વ્યાવહારિક શિક્ષક કરતાં ઘણું ઉપેક્ષણીય આ દૃષ્ટિયે બની જાય છે. આ કારણથી સારા શિક્ષકો સમાજને મલી શકતા નથી.

ઉપરની પરિસ્થિતિનો ઉકેલ એ છે કે, પહેલું તો મ્હેસાણા પાઠશાળા જેવી સંસ્થા શિક્ષકોને સર્વાંગી શિક્ષણ આપવાની શરૂઆત કરે.

બીજું શિક્ષકોને શિક્ષણની તાલીમ આપે.

ત્રીજુ શિક્ષકોના આર્થિક પ્રશ્નના ભાવિને અંગે સમાજ ખાત્રી આપે કે સમાજ તેમની જીવતાં સુધી સેવા કરશે અને તેમના જીવનમાં આવતાં વ્યાવહારિક પ્રસંગો સમાજ પોતાના ગણી પાર પાડશે અને પૈસા બાબતની કોઇ ચિંતા તેના માથે નહિ હોય.

ચોથું સમાજમાં શિક્ષકનું સ્થાન જે ઉપેક્ષણીય છે તેને સમાજ એક ઉચ્ચ સ્થાન, ધર્મગુરુ જેવું નહિ તો છેવટે ગૃહસ્થ ગુરુ જેવું અથવા એક સમાનધર્મી જેવું ઉચ્ચ સ્થાન આપે અને એક વડિલ, મુરબ્બી, પૂજ્ય પુરુષની માફક તેમનો વિનય સાચવે.

જો આ પ્રમાણે ધાર્મિક શિક્ષણ માટે સમાજના ઉપલા વર્ગ તરફથી કાળજી લેવામાં આવે તો સારા શિક્ષકો મલે. ધાર્મિક અભ્યાસ જે કંટાળા ભરેલો છે, તે રસમય બને. અને ધાર્મિક સૂત્રોનું પઠન, પાઠન, ચિંતન, મનન અને ક્રિયાઓમાં ઓજસ્વિતા દાખલ થાય. ક્રિયાઓની શિથિલતામાં પ્રાણ પૂરાય ને તે ચેતનવંતી બને. વિચારો શુદ્ધ થાય અને ધાર્મિક શિક્ષણને મેળવનાર જીવનની ઉન્નતિને પ્રાપ્ત કરે !


## પ્રતિમાજી આપવાનાં છે

સિદ્ધપુર પ્રાચીન તીર્થ છે. હમણાં દેરાસરજીનો જીર્ણોધ્ધાર થયો છે, તે અંગે પ્રતિષ્ઠા થવાની છે. શ્રી જિનબિંબો શ્રી કુમારપાળ મહારાજા તથા શ્રી સંપ્રતિ મહારાજાના વખતનાં છે. ૧૦૦ જિનબિંબોમાંથી ૭૦-૭૫ જિનબિંબો નકરાથી બેસાડવા આપવાનાં છે. પ્રતિમાજી ૭ થી ૨૫ ઈંચ સુધીનાં છે. નકરો અનુક્રમે ૧૫૧ થી ૫૦૦ રાખવામાં આવ્યો છે. જેઓને બેસાડવાની ભાવના હોય, તેઓએ નીચેના સીરનામે પત્રવ્યવહાર કરવો.

**શ્રી જૈન શ્વે૦ મૂ૦ સંઘ.**
C/O દોલતરામ વેણીચંદ શાહ
ગંજ બજાર **સિદ્ધપુર** (ઊ. ગુ)

## जैन भाइओने खुशखबर

केशर [स्पेन, काश्मीर, इरान] कस्तुरी, (नेपाल-भूतान) मोती, अंबर, सोना-चांदीना वरख, बांदलुं तथा हींग व्याजबी भावथी मलशे.

मधुप्रमेह तथा पगना वा माटे अमारुं 'सुदर्शन शिलाजीत' वापरो. संथारीआ, कामळी वगेरे दरेक प्रकारनां जैन उपकरणो अमारे त्यांथी मळशे. अेक वखत मंगावी खात्री करो. केशरनां पेकींग अेक आनीथी १ तोला सुधीनां मळशे.

जमनादास इशरदास १८१/८३ सेम्युअल स्ट्रीट
मुंबइ-९

# જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ.

**નમસ્કાર મહામંત્રનો જાપ:**

પ્રિય કમલ,

વિચાર એક શક્તિ છે. પરંતુ આ શક્તિને વિકસાવવી કેવી રીતે? વધારવી કેવી રીતે? વિશુદ્ધ કરવી કેવી રીતે?

## વિચારોનું એકીકરણ

જેમ સૂર્યના કિરણોને બિલોરી કાચના એક બિંદુ પર કેન્દ્રિત કરવાથી ગરમી પ્રગટે છે, કિરણની શક્તિ વધે છે. પાણીના ઝરણા એક સ્થળે ભેગા થઇ મોટો ધોધ બને તો તેમાંથી વિજળી ઉત્પન્ન થઇ શકે છે. તેમ વિચારશક્તિનું એકીકરણ (Concentration of Thought કોન્સેન્ ટ્રેશન ઓફ્ થોટ) વિચારશક્તિ (Thought power થોટ પાવર) ને કેળવવાનું જબ્બર સાધન શ્રી નવકાર મંત્રનો જાપ છે.

આ સાધન દ્વારા વિચારો કેળવાય છે, વિશુધ્ધ બને છે તથા પવિત્ર થાય છે. શ્રી નવકાર મંત્રના જાપથી શ્રી પંચ પરમેષ્ઠીમાં મનનું એકીકરણ થાય છે. તેથી મનના મળો સ્વાભાવિક પણે ઓગળે છે.

જેમ અગ્નિ સુવર્ણની અશુધ્ધિઓ દૂર કરે છે તેમ શ્રી નવકાર મંત્રનો જાપ મનની અશુધ્ધિઓ દૂર કરે છે.

## પ્રાથમિક સાધના

આ મહામંત્ર સદ્દગુરુ પાસેથી ગ્રહણ કરીને વિધિપૂર્વક શુદ્ધિથી જાપ શરૂ કરવો.

અહિં નિયમિતતાનું મહત્ત્વ ઘણું છે.

જાપની શરૂઆતમાં વિચારોનું એકીકરણ શકય નથી. કેટલાકને એક સ્થાને બેસવાનો કંટાળો આવશે કેટલાકને પાંચ દસ મિનિટ માટે પણ કદાચ એક આસને બેસવામાં પરતંત્રતા લાગશે. કેટલાકનું મન અસ્થિર બની જશે. નિરર્થક વિચારોમાં મન જ્યાં ત્યાં દોડશે. કેટલાકમાં ચંચળતા પ્રગટશે. કેટલાક વ્યગ્ર બનશે. શરૂઆતમાં સાધકે બિલ્કુલ કંટાળવું નહિ. અનિયમિત થવું નહિ.

## નિયમિતતા

પ્રાથમિક સાધનામાં નિયમિતતાનું મહત્ત્વ ઘણું છે. જો બની શકે તો સમયની નિયમિતતા પણ જાળવવી.

નિયમિત સમયે જાપ કરનારને મનની ચંચળતા જલ્દીથી દૂર થાય છે. લાંબા અભ્યાસ પછી મન જ્યારે ટેવાઇ જાય છે, ત્યારે ચોક્કસ સમયે સ્થિરતા લાવવી સરળ બને છે. નિયમિતપણું મનને દૃઢ બનાવવા માટે અગત્યનું છે.

નિત્ય નિયમ પૂર્વક શકય એટલો ભક્તિભાવ પ્રગટાવીને જાપ ચાલુ રાખવો. કેટલાક મહિના નિયમિતપણાની ટેવ પાડયા પછી જાપમાં રસ પ્રગટશે.

મનની સ્થિરતા માટે આપણે ટેવાયેલા નથી એટલે કોઇ પણ શુભક્રિયા કરવાના સમયે અનાદિ કાળથી ન ટેવાયેલું મન વ્યગ્ર બને છે.

મનની ચંચળતા દૂર કરવાનું જાપ એક અમોઘ સાધન છે.

જ્યાં સુધી મનની ચંચળતા દૂર નહિ

થાય ત્યાં સુધી અંદરનો આનંદ નહિ પ્રગટે.

## શ્રદ્ધાનું બળ

ચંચળતા દૂર કરવા માટે, અંદરનો રસ જગાડવા માટે શ્રધ્ધાનું બળ જોઈએ. આ મહામંત્ર પ્રત્યે બહુમાન પ્રગટવું જોઈએ.

આ પરમ મંગલ મંત્ર મહાપુણ્યયોગે પ્રાપ્ત થયો છે અને આપણા સર્વ ભાવરોગોને દૂર કરવાની તાકાત આ નાના સરખા નવકારમાં ભરેલી છે. આ સત્ય સમજાવું જોઈએ.

નાના સરખા અણુબોમ્બથી જેમ લાખો માનવીઓનો સંહાર થાય છે તેમ નાના સરખા નવકાર વડે અનંતા કર્મો બળીને ભસ્મ થાય છે.

શ્રી નવકાર મંત્ર કર્મશત્રુઓના નાશ માટેનો આધ્યાત્મિક અણુબોમ્બ છે. શ્રી નવકાર મંત્ર દ્વારા પ્રગટતા ધ્યાનાગ્નિમાં આપણા સર્વ ચીકણા કર્મમળોને ભસ્મ કરવાની તાકાત રહેલી છે.

જેમ વિનાશક અણુબોમ્બની તાકાત માટે આપણને સંપૂર્ણ ખાતરી છે, તેમ આ મહામંત્રની આધ્યાત્મિક તાકાત માટેની શ્રેષ્ઠ શ્રદ્ધા આપણામાં જાગવી જોઈએ.

## સમ્યક્ શ્રદ્ધા

પરંતુ આવી શ્રધ્ધા કઈ રીતે જાગે?

વર્ષોની મથામણે અનર્ગળ દ્રવ્ય તથા અમૂલ્ય શક્તિ અને સમયના વ્યય પછી સંહારક અણુબોમ્બ તૈયાર થયો છે. આપણે પણ સમય અને શક્તિ શ્રી નવકાર મંત્રના જાપમાં આપવી પડશે.

પાણીમાં પડનાર કંઇ તરત જ તરી શકતો નથી. જાપના પ્રયત્નો કર્યા વિના શ્રી નવકારની તાકાતનો અનુભવ ઇચ્છવો નિરર્થક છે.

શ્રી નવકારની સાધનામાં સમ્યક્શ્રધ્ધાનું બળ ઘણું કામ કરે છે.

શ્રી પંચ પરમેષ્ઠી જેવા પરમ પવિત્ર આત્માઓને અત્યંત ભક્તિભાવપૂર્વક થતા નમસ્કારથી આપણો અહંભાવ ઓગળે છે. નમ્રતા પ્રગટે છે. ગુણગ્રાહકતા આવે છે. તેથી હૃદય પવિત્ર અને કોમળ બને છે અને આંતર સ્થિરતા પ્રાપ્ત થાય છે.

વિશેષ હવે પછી.

સ્નેહાધીન

કિ ર ણ.

## ચિંતન સૂક્તો

रे जीव सुहदुहेसु,
निमित्तमित्तं परं वियाणाहि ।
सकयं फलं भुंजंतो,
कीस मुहा कुप्पसि परस्स ॥

હે જીવ! સુખ અને દુઃખની અંદર અન્ય તો નિમિત્તમાત્ર છે, એમ તું જાણ! પોતાનાં કરેલાં કર્મના ફલને ભોગવતાં તું શા માટે બીજા ઉપર ગુસ્સે થાય છે?

दंसणभट्ठो भट्ठो
दंसणभट्ठस्स नत्थि निव्वाणं ।
सिज्झंति चरणरहिआ
दंसणरहिआ न सिज्झंति ॥

જે સમ્યક્ત્વથી ભ્રષ્ટ છે, તે જ ભ્રષ્ટ કહેવાય છે, દર્શનભ્રષ્ટને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. (દ્રવ્ય) ચારિત્ર રહિત સિધ્ધિપદને પામે છે, પરંતુ સમ્યક્ત્વ રહિત તો સિધ્ધિપદને પામતા નથી.

જં જં સમયં જીવો,
आविसइ जेण जेण भावेण ।
सो तम्मि तम्मि समये
सुहासुहं बंधये कम्मं

—ઉપદેશમાળા

—જીવ જે જે સમયે જેવા જેવા ભાવે વર્તે છે, તે તે સમયે તે તેવા તેવા પ્રકારના શુભાશુભ કર્મને બાંધે છે.

## હું ઇચ્છું છું

હું મુક્તિ ચાહું છું, તેનો અર્થ હું સર્વની મુક્તિ ચાહું છું, જીવમાત્ર આ સંસાર કારાગારમાંથી કઇ રીતે છુટે !

હું શક્તિ માગું છું, તેનો અર્થ હું સર્વનો સ્વામી થવા ઇચ્છતો નથી. મારામાં ભરેલી અનંતી આત્મ-શક્તિઓ પ્રગટ થાય, જેથી આ સર્વ જીવોને હું મોક્ષમાર્ગ સન્મુખ લાવી શકું.

—એક પ્રાર્થના.

## કોણ એ મૂર્ખ હશે ?

કોણ મૂરખ પોતાની આંખ લાલ કરવા માટે મરચા આંજશે ? કહેશો આપણામાંથી કેટલા જણ ક્રોધ કરતા નથી ?

રે ભાઇ, મરચા તારી આંખને નુકશાન કરશે. ક્રોધનું નુકશાન કેટલું છે તે કયારે ય વિચાર્યું છે ?

## એક પ્રશ્ન !

ન જાણે, સાકર પસંદ કરનાર જીભ વચન કડવું કેમ પસંદ કરે છે ?

માણસથી પોતાનું દુઃખ જ નહિ પણ બીજાનું સુખ પણ સહ્યું જતું નથી, એનું શું કારણ ?

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | જંગબાર |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૬ | થીકા |
| શ્રી મૂળચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાદીસ્કીઓ |

# સાધનામાર્ગની કેડી

### શ્રી પથિક

## શિક્ષણનું સાચું રહસ્ય

આજનું શિક્ષણ વિચાર વિકાસની કુંચી આપતું નથી, તેથી શિક્ષણ દ્વારા માનવીનો વિકાસ જેવો થવો જોઇએ તેવો થતો નથી.

અર્વાચીન શિક્ષણપધ્ધતિ બુદ્ધિની સામાન્ય કસરતો કરાવે છે. સ્મૃતિભંડારમાં વિગતોનો અવ્યવસ્થિત સંઘરો થાય છે.

સાચાં શિક્ષણનો ઉદ્દેશ માત્ર કોરૂં જ્ઞાન ન હોય, શિક્ષણ અવશ્ય જ્ઞાન પૂર્વકની ક્રિયા પ્રત્યે લઇ જાય.

શિક્ષણનું કાર્ય વિગતોનો ભાર લાદવાનું નથી, પરંતુ માનવીને માનવજીવનનું મહત્ત્વ સમજાવી પોતાની માનસિક અને આત્મિક શક્તિઓથી પરિચિત કરવાનું છે, સર્વ પ્રાપ્ત શક્તિઓનો સુયોગ્ય વિકાસ સાધવાનું છે, સક્રિય અને સર્જનાત્મક કલ્યાણકારી કાર્યોમાં પોતાના સમય અને શક્તિનો સદુપયોગ શિખવવાનું છે.

શિક્ષણનું કાર્ય માત્ર જ્ઞાનપ્રાપ્તિમાં પુરૂં થતું નથી, સાચું શિક્ષણ હેય, જ્ઞેય અને ઉપાદેયની સમજણ આપે છે.

શું તજવા યોગ્ય છે?

શું જાણવા યોગ્ય છે?

શું આચરવા યોગ્ય છે?

ક્રોધાદિ કષાયોનો કાબુ, વાસનાઓનું દમન, દુર્ભાવોનો ત્યાગ, સદ્દગુણોનું સેવન, ઉચ્ચ સંસ્કારોનું બીજારોપણ, ચારિત્રનું ઘડતર આ સર્વે શિક્ષણનાં કાર્યો છે, અને સંયમનાં પાલન દ્વારા આધ્યાત્મિક અનુભવ પ્રગટાવવા અર્થેની સ્વજાગૃતિ શિક્ષણનું મહત્ત્વનું કાર્ય છે.

શિક્ષણ સમગ્ર જીવનને કેળવવા માટે છે. સર્વ શિક્ષણો આધ્યાત્મિક શિક્ષણના હેતુભૂત હોવા જોઇએ.

આજે વાંચન વધ્યું છે, પણ વાંચનની કલા કયાં છે? શ્રવણની કલા આપણે શીખ્યા નથી. વિચારવાની કલા તો આજના શિક્ષણમાં કયાંય જડતી નથી.

આજનું શિક્ષણ પુસ્તકીયા જ્ઞાનમાં બંધિયાર બન્યું છે. સદ્દવિચાર દ્વારા સદાચાર વડે આંતર શક્તિઓને ફોરવવાની કલા આજના શિક્ષણમાં કયાંય દેખાતી નથી.

જ્યાં સુધી આપણે આપણી જાતને પ્રયત્ન પૂર્વક કેળવી નથી ત્યાં સુધી "માનવ" ગણાવવાની યોગ્યતા આપણે મેળવી નથી.

આરસના ટૂકડામાંથી જેમ શિલ્પી દેવપ્રતિમા બહાર લાવે છે, તેમ શિક્ષણ દ્વારા જીવનનું ઘડતર કરીને આપણે "માનવી" થઇએ. પૂર્ણ સંયમના પાલન દ્વારા માનવીમાંથી મહામાનવ થઇએ.

★

## ભક્તિ: અદ્દભુત રસાયણ

ક્રિયાનું મહત્ત્વ ઘણું છે અને જ્ઞાનનું મહત્ત્વ પણ ઘણું છે. પરંતુ એકલા જ્ઞાન કે એકલી ક્રિયાથી નહિ ચાલે. માત્ર બુધ્ધિનો વિકાસ માનવીને વિકૃત, ધૂર્ત કે અપ્રામાણિક પણ બનાવે તો નવાઇ નહિ. અર્વાચીન કાળમાં બુધ્ધિવિકાસ પર ઘણો ભાર મૂકવામાં આવે છે. આજે હૃદયવિકાસ એટલે સદ્દગુણોની

પ્રાપ્તિનું મહત્ત્વ ઘટ્યું છે. એકલા બુદ્ધિના વિકાસમાં સ્વાર્થ યા પ્રમાદની નિર્બળતા આવશે.

શાસ્ત્રકારોએ બુદ્ધિના વિકાસ પર ધ્યાન આપવાની સાથે હૃદયનાં આરોગ્ય અને વિકાસ પર વિશેષ ધ્યાન સ્થિર કરવાનું પસંદ કર્યું છે. કારણ કે માનવીની સારી-નરસી સર્વ ક્રિયાઓને પ્રેરનાર લાગણીનું સ્થાન તો હૃદય છે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીશું તો માત્ર કોરા જ્ઞાનથી કે શુષ્ક ક્રિયાથી નહિ ચાલે.

કહ્યું છે કે;–

हयं नाणं कियाहीणं
हया अन्नाणओ किया।
पासंतो पंगुलो दड्ढो
धावमाणो अ अंधओ ॥

(વિશેષાવશ્યક ભાષ્ય)

ક્રિયાહીન જે જ્ઞાન તે હણાયેલું છે, અને અજ્ઞાનપણાથી ક્રિયા હણાયેલી છે. પાંગળો દેખવા છતાં દાઝયો અને આંધળો દોડીને દાઝયો.

એકલું કોરૂં જ્ઞાન પાંગળા તુલ્ય છે, માત્ર શુષ્ક ચર્ચાઓથી કે વિગતોના સંગ્રહથી આંતર-પ્રકાશ નહિ પ્રગટે, એકલી યાંત્રિક ક્રિયા આંધળા તુલ્ય છે. જાણવા યોગ્ય, આચરવા યોગ્ય અને તજવા યોગ્યની સમજણ વિના કંઇક કરવા માત્રથી મોક્ષપ્રાપ્તિ નહિ થાય.

संजोग सिद्धि अ फलं वयंति
न हु एगचक्केण रहो पयाई।
अंधो य पंगू य वणए समिच्चा
ते संपणट्ठा नगरं पविट्ठा ॥

(વિશેષાવશ્યક ભાષ્ય)

પંડિત પુરુષો જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિ વડે જ મુક્તિ રૂપ ફળની પ્રાપ્તિ કહે છે. કારણ કે એક પૈડા વડે રથ ચાલતો નથી, પણ બે પૈડા વડે ચાલી શકે છે. આંધળો અને પાંગળો વનને વિષે એકઠા મળીને દાવાનળથી બચવા માટે નાઠા અને નગરમાં સુખ રૂપ પહોંચ્યા.

સમ્યગ્ જ્ઞાન અને સત્ક્રિયાના સુયોગ્ય સમન્વયમાંથી અવશ્ય ભક્તિ પ્રગટે છે.

શ્રી પંચ પરમેષ્ઠી પ્રત્યેનો ભક્તિભાવ મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે સમર્થ છે.

સંસારભ્રમણનું કારણ કેવળ અજ્ઞાન નહિ પણ અભક્તિ છે. ક્રિયા સરળ છે, પ્રયત્નથી જ્ઞાન પણ સરળ છે. ભક્તિ મુશ્કેલ છે. ભક્તિ અંદરથી પ્રગટવી જોઈએ. બહારથી લાવે આવતી નથી.

તત્ત્વવિષયક જ્ઞાન તે ભક્તિ નથી, પણ પ્રીતિ તે ભક્તિ છે.

ભક્તિ તે ક્રિયા નથી. ભક્તિ એ સમર્પણ (Surrender સરેંડર) છે. શ્રી નવકાર-મંત્રના णमो પદમાં ભક્તિ છે.

શ્રદ્ધા સાધારણ છે, જ્યારે ભકિત અસાધારણ છે. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં ભકિત પ્રગટે છે. થોડી પણ સાચી ભકિત ભયંકર પાપકર્મોનો નાશ કરે છે. ભકિતનું બળ ઘણું છે. ભકિતનો અગ્નિ ચીકણા કર્મમળોને ખેરવે છે.

ઉ૦ શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે–

નિરાગી શું રે કિમ મળે,
પણ મળવાનો એકાંત;
વાચક જશ કહે તુજ મિલ્યો,
ભગતિ તે કામણ તંત.
શ્રી શ્રેયાંસ કૃપા કરો.

(શ્રેયાંસનાથ સ્તવન)

ભકિત એક અદ્‌ભુત રસાયણ છે.

## તું અમારા દાસનો યે દાસ છે !

વિજયના મદમાં ઉન્મત્ત બનેલો રાજા સિકંદર (Alekxander the great એલેક્ઝેંડર ધી ગ્રેટ) પોતાની વિશાળ ચતુરંગી સેના સાથે ઇરાનના રાજમાર્ગ પરથી જઈ રહ્યો હતો.

ભયભીત નાગરિકો રાજાને ઝુકી ઝુકીને સલામ કરતા હતા.

સિકંદરના ચહેરા પર ગર્વભર્યું હાસ્ય ઝળકી રહ્યું હતું. સત્તાનો નશો તેની આંખોમાં વિલસી રહ્યો હતો.

એટલામાં તો જાણે તેના અભિમાનનું વહેણ થંભી ગયું.

રાજમાર્ગમાં સામેથી સંતોનું એક ટોળું આવતું હતું.

આ ટોળામાંથી કોઇએ આંખ ઉંચી કરીને તેની સામે પણ ન જોયું. કોઇના વદન પર ભય ન્હોતો. આંખેમાં ખુશામત ન્હોતી. અંગમાં ધ્રુજારી ન્હોતી. સિકંદરના ક્રોધનો પાર ન્હોતો. તેણે સંતોને રોકાવ્યા.

"અરે, મારૂં આવું અપમાન ! તમારો આટલો ઘમંડ ! શું તમને ખબર નથી કે હું સિકંદર મહાન છું ?"

ટોળામાંથી વયોવૃધ્ધ તેજસ્વી સંતે નેત્રો ઉંચા કરી સિકંદર સામે જોયું. આ દૃષ્ટિમાં તેજ હતું, પવિત્રતા હતી, કરૂણા હતી. તેમના વદન પર એક આશ્ચર્યભર્યું સ્મિત હતું.

અભય સ્વરે સંત બોલ્યા, "રાજન્! તું કયા ભ્રમમાં ભૂલો પડયો છે ? તને ખબર નથી કે તારી આ સર્વ સમૃધ્ધિ માત્ર તૃણ તુલ્ય છે, ક્ષણ ભંગુર છે. અસ્થિર છે."

'જે તૃષ્ણા અને લોભને વશ થઇ તું દિનરાત તેમની સેવા કરે છે, તે લોભ અને તૃષ્ણા બન્ને અમારી પાદસેવા કરનારા આજ્ઞાંકિત સેવકો છે. રાજા ! તું અમારા દાસનો ય દાસ છે."

❋

## ટેક્ષી ડ્રાઇવરની સાદી સમજણ

બીજા મહાયુધ્ધ પછી ભારતના એક પ્રતિષ્ઠિત સજ્જન ઇંગ્લેંડ ગયા. રેશનિંગના નિયમો અનુસાર તેમને પાંઉ વગેરેની કુપનો મળી.

પાછા ફરતા તેમની પાસે ચોકલેટની કુપનો બચી હતી. ટેક્ષીમાં બેસી વિમાનઘર પાસે આવતા ટેક્ષી ડ્રાઇવરના વ્યવહારથી પ્રસન્ન થઇ તેમણે પેલી કુપનો તેને આપવા માંડી, પરંતુ કુપનો પાછી આપતા ટેક્ષી ડ્રાઇવરે કહ્યું;

"મહાશય ! આ કુપનો લેવાનો મને હક્ક નથી. આ એક પ્રકારનો રાષ્ટ્રદ્રોહ છે. કૃપા કરીને આપ આ કુપનો વિમાનઘર પાસેની રેશનિંગ ઓફીસમાં પાછી આપો.

❋

## રાજ્યસંચાલન માટે મહત્ત્વની વસ્તુ !

એકવાર ત્જે કુંગે સંત કોન્ફ્યુશિયસને પૂછ્યું:–

"સુંદર રાજ્યસંચાલન માટે શું શું વસ્તુઓની આવશ્યકતા છે ?"

કોન્ફ્યુશિયસે કહ્યું; 'પૂરતું અન્ન, રક્ષણ કરનારૂં લશ્કર અને રાજા પ્રત્યે પ્રજાનો વિશ્વાસ !"

ત્જે કુંગે પૂછ્યું; "જો આ ત્રણ વસ્તુઓ એક સાથે પ્રાપ્ત ન થાય તો આમાંથી પહેલી કઈ વસ્તુ છોડી શકાય ?"

કોન્ફ્યુશિયસે કહ્યું; "લશ્કર !"

ત્જે કુંગે ફરીથી પૂછ્યું; 'હે ગુરુદેવ !

જો બાકીની બે વસ્તુમાંથી એકને છોડવી પડે તો કઈ વસ્તુ છોડવી ?"

કોન્ફ્યુશિયસે કહ્યું ! "અન્ન !" અનંત કાલથી મનુષ્ય મૃત્યુના મુખમાં તો જાય છે, પરંતુ જે રાજા ઉપર પ્રજાનો વિશ્વાસ નથી તેનું રાજ્ય કયારે ય નહિ ટકી શકે !"

## માલિકના હૃદયને જાણવા માટે !

એક છોકરો એક દુકાનમાલિકની રજા લઈ ટેલીફોન કરવા લાગ્યો. છોકરાનો વિનય જોઈ દુકાનદાર પ્રભાવિત થયો. અને ટેલીફોનની વાત સાંભળી રહ્યો.

છોકરાએ ફોન પર કહ્યું;

"હેલો, આપ ડોકટર બ્રાઉન છો ? ....

હાં, ડાકટર સાહેબ, આપના બગીચામાં માળીકામ માટે કોઇ છોકરાની જરૂર છે ?.... શું આપે રાખી લીધો ?

........જી, છોકરો કેવો છે ? બરાબર કામ કરે છે ?........ ઘણો સારો છે એમ ? વિશ્વાસ પાત્ર લાગે છે ?

........ભલે સારૂં.

છોકરાએ ટેલીફોન નીચે મૂકયો એટલે દુકાનદારે સહાનુભૂતિપૂર્વક પૂછયું. "કેમ બચ્ચા, તને કામ ન મળી શકયું ?"

છોકરાએ નમ્રતાથી જણાવ્યું "ડોકટરને ત્યાં કામ તો હું જ કરૂં છું, માત્ર આ કામને યોગ્ય હું છું કે નહિ તથા માલિકને અસંતોષ તો નથી ને ? તે જાણવા માટે મેં આપને તકલીફ આપી છે."

## સાચું માપ

માનવીના ગુણ અને અવગુણનું સાચું માપ માત્ર તેના પ્રસિદ્ધ જાહેર કાર્યોથી જ ના આંકો. પરંતુ એક નાનું કાર્ય એકાદ સાધારણ વાત, એક સામાન્ય પ્રસંગ, કદાચ એક નજીવી મજાકથી તેના અસલ ચરિત્ર પર પૂરતો પ્રકાશ પડે છે. —પ્લુટાર્ક.

## પુરુષાર્થની જરૂર

હે પૃથ્વી ! તું અત્યંત કૃપણ છે. ભારે પરિશ્રમપૂર્વકના પરસેવા પછી તું અમને અન્ન આપે છે. મહેનત કર્યા વિના જ તું અમને અન્ન આપે તો તારૂં શું ઘટી જશે ?

પૃથ્વીએ સ્મિતપૂર્વક કહ્યું;

"રે માનવી ! મારૂં ગૌરવ તો વધશે પરંતુ તારૂં ગૌરવ સર્વથા નાશ પામશે."

ટાગોર

પૃથ્વી પાસેથી અન્ન મેળવવામાં જેમ પરિશ્રમની જરૂર છે, પ્રયત્નની જરૂર છે, તેમ સદ્‌ગુણોની પ્રાપ્તિમાં પણ પુરુષાર્થની જરૂર છે.

મોક્ષની પ્રાપ્તિ પ્રયત્નપૂર્વક છે.

ભલે બુધ્ધિ કેળવો. પરંતુ સાથે સદ્‌વૃત્તિને પણ કેળવવાની જરૂર છે.

સદાચારનું જ્ઞાન અને સદાચરણની બુદ્ધિ એ બંને જૂદા હોઈ શકે. પણ બન્ને ભેગા મળે ત્યારે જ જીવનમાં દૈવી તત્ત્વ ભળે છે.

બાહ્ય યુદ્ધથી દેશ જીતાય છે આંતર યુદ્ધથી કાળ જીતાય છે.

વિજ્ઞાન કહે છે કે "કાળ" (Time ટાઇમ) "દેશ" (Space સ્પેસ) નું ચોથું પરિણામ (Fourth Dimension ફોર્થ ડાયમેન્સન) છે.

સર્વ મહાત્માઓ આંતરયુદ્ધ જીતે છે.

(અનુસંધાન ૮૧૦ મા પેજનું ચાલુ)

"નહિં મિત્ર, એને શું કહેવું છે તે આપણે સાંભળવું જોઇએ. જો તે મંત્રપ્રયોગ કરવાનો પ્રયત્ન કરશે તો પણ આપણને કશી અસર નહિ થાય. નવકારમંત્ર વિશ્વનો મહામંત્ર છે અને આપણે એ મહામંત્રના આરાધક છીએ. છતાં હું સાવધ છું... જો એ કંઈ પણ પ્રપંચ કરવા જશે તો એ જ પળે મારી તલવાર એની ગરદન પર ફરી વળશે."

માધવે તામ્રચૂડના મોઢામાંથી ડૂચો કાઢી નાખ્યો. તામ્રચૂડ ઘોઘરા સાદે બોલ્યો: "મહારાજ પાંચે બાલિકાઓને આપ લઇ જાઓ... પણ મારી વરસોની સંચિત કરેલી સંપત્તિને કૃપા કરીને બહાર કઢાવશો નહિ"

જયસેને કહ્યું: "તામ્રચૂડ, તારી સંપત્તિ લઇ જવાની મારી ઇચ્છા નથી. હું એને બહાર કઢાવી ગરીબોમાં વહેંચી દેવા માગું છું."

"મહારાજ, મારા પર દયા કરો... મેં ઘણા પરિશ્રમથી સંપત્તિ એકત્ર કરી છે."

"છતાં તું આવી નિર્દોષ બાલિકાઓનાં બલિદાન આપવા માટે તૈયાર થાય છે કેમ?"

"હવેથી હું આવાં બલિદાન નહિ આપું?"

"તારા પર વિશ્વાસ કેમ લાવી શકાય?"

"હું મારી ઇષ્ટદેવી કાળભૈરવીના સોગંદ ખાઇને કહું છું કે હવેથી હું આવી નિર્દોષ બાલિકાઓનો વધ નહિં કરું..."

"માત્ર બાલિકાઓ શા માટે? કોઈ પણ પ્રાણીનો વધ ન કરવાની પ્રતિજ્ઞા લે તો અમે તારી સંપત્તિ જોયા વગર ચાલ્યા જઈશું." જયસેને કહ્યું.

તામ્રચૂડે પોતાની ઈષ્ટ દેવી કાળભૈરવીના સોગંદ ખાઇને કોઈ પણ પ્રાણિનો વધ ન કરવાની ખાત્રી આપી.

જયસેને કહ્યું: "તારા પર વિશ્વાસ રાખીને હું વિદાય થાઉં છું."

તામ્રચૂડે કહ્યું: "મહારાજ, હું આપનો આ ઉપકાર કદી નહિં ભૂલી શકું... પણ આપે મારી એક વાત સ્વીકારવી પડશે."

"કહો..."

"મારી પાસે ઘણી અમૂલ્ય વસ્તુઓ છે... એમાંથી એક વસ્તુ આજના પ્રસંગની યાદ રૂપે આપને આપવા માગું છું."

જયસેને હસીને કહ્યું: "તામ્રચૂડ, તેં પ્રતિજ્ઞા લીધી એજ મને મહાન વસ્તુ મળી ગઇ છે..."

"ના મહારાજ, પ્રસાદી રૂપે આપ સ્વીકાર કરો..." તામ્રચૂડ કરુણ સ્વરે બોલ્યો.

યુવરાજ જયસેને કહ્યું: "ભલે..."

"મારા શિષ્યોને બંધન મુક્ત કરો. અમારા તરફથી આપ કશો ભય રાખશો નહિં." તામ્રચૂડે કહ્યું.

તરત માધવે બંને શિષ્યોને બંધનમુક્ત કર્યા અને તામ્રચૂડના હાથ પગ પણ છોડી નાખ્યા.

તામ્રચૂડે નંદક સામે જોઈને કહ્યું: "નંદક, તું નીચે જા અને અખંડ હીરાના કંકણની એક જોડી છે તે લઇ આવ."

નંદક તરત નીચેના ભોયરામાં જવા માટે દેવીની પીઠિકા તરફ ગયો. માધવ તેની પાછળ જવા તૈયાર થયો. જયસેને તેને રેકતાં કહ્યું: "નહિં માધવ, માનવીએ માનવીનો વિશ્વાસ રાખવો જોઇએ."

લગભગ અર્ધઘટિકા પછી નંદક સૂર્યના કિરણો જેવું તેજ રેલાવતા અખંડ હીરામાંથી કોતરેલાં બે કંકણ લઇને આવી પહોંચ્યો.

એ કંકણ જોઇને બધા સ્તબ્ધ બની ગયા.

તામ્રચૂડે એ બંને કંકણ યુવરાજના હાથમાં આપતાં કહ્યું: "મહારાજ, મારી આટલી પ્રસાદી સ્વીકારો... આ અમૂલ્ય અને અપ્રાપ્ય વસ્તુ છે."

જયસેને દિવ્ય જણાતાં બંને કંકણ સ્વીકાર્યાં. તામ્રચૂડે આશીર્વાદ આપ્યા.

અને પાંચેય બાલિકાઓને લઇને બધા ગુફા બહાર નીકળી ગયા.

તામ્રચૂડના બંને શિષ્યો બધાને વિદાય આપવા ગુફા બહાર આવ્યા.

સહુ અશ્વો પર બેસીને વિદાય થયા એટલે બંને શિષ્યો પોતાના ગુરુદેવ પાસે આવ્યા. નંદકે

# મધપૂડો

## આજનો માનવ

"આજે માનવ એટલો નિષ્ઠુર થઇ ગયો છે કે, તે જૂએ છે છતાં દૃષ્ટિ બંધ કરી દે છે. તે સાંભળે છે, છતાં સમજવાનો પ્રયત્ન સરખો કરતો નથી. આપણે માનીએ કે ન માનીએ પણ આજનો માનવ વસ્તુતઃ પોતાના અંતરાત્માની વિરૂદ્ધ જઇ રહ્યો છે. આજનું જીવન દંભ વિના ગુજારી શકાતું નથી. વ્યવહાર અને અંતરાત્મા વચ્ચે જેટલું અંતર વધતું જાય છે, એટલે દંભ વધતો જાય છે, પણ આ દંભને કોઈ ને કોઇ સ્થળે સીમા હશે ? મને એમ લાગે છે કે હવે હદ આવી ગઈ છે.

યૂરોપના તત્ત્વજ્ઞાની **આલ્બર્ટ સ્વાઇટ્ઝર**

卐

## રાષ્ટ્રીય ચારિત્ર્યમાં ઘટાડો.

"આજે આપણા દેશની રાષ્ટ્રીય આવક જેટલી વધી છે, તેટલોજ રાષ્ટ્રીય ચારિત્ર્યમાં ઘટાડો થયો છે."

ભારતના ઉપપ્રમુખ શ્રી **એસ. રાધાકૃષ્ણન.**

---

કહ્યું; "ગુરુદેવ, આ અમૂલ્ય પ્રસાદિ..."

તામ્રચૂડ હસી પડયો અને હસતાં હસતાં બોલ્યો: "વત્સ એ શાપિત કંકણ છે... જે પહેરશે તેના પર દુ.ખના પહાડ તૂટી પડશે."

બીજા શિષ્યે કહ્યું: "કૃપાવંત, આપે કોઈ મંત્ર પ્રયોગ..."

વચ્ચે જ તામ્રચૂડ બોલ્યો: "સંપત્તિને બચાવવી એ મારૂં પ્રથમ કર્તવ્ય હતું..."

"પણ આપે તો પ્રતિજ્ઞા..."

"પ્રતિજ્ઞા ! હા... દેવીના સોગંદ લીધા છે એટલે જીવનભર એને વળગી રહેવું પડશે." (ચાલુ)

## યુરોપના મહાન સાહિત્યકારની અંતિમ ઈચ્છાઃ

યૂરોપના સાહિત્યકાર વિશ્વવિખ્યાત લેખક બર્નાર્ડ શો જ્યારે ૯૨ મા વર્ષના તંદુરસ્ત જીવન પછી માંદગીના બીછાને પટકાયા, બાદ, તેમની ગંભીર શારીરિક સ્થિતિમાં ડોકટરોએ તેમને માંસ ખાવાનું કહ્યું હતું, જેણે જીંદગીમાં દારૂ કે માંસને હાથ અડકાડ્યો નથી, એ બર્નાર્ડ-શોએ તે સ્થિતિમાં મક્કમ મને જણાવ્યું હતું કે;

'મારી સ્થિતિ ઘણી ગંભીર છે, મને જીવિત-દાન ફક્ત એક જ શરતે મલી શકે છે, કે જો હું ગાયના વાછરડાનું માંસ ખાઉં, પરંતુ હું માનું છું કે, પ્રાણીમાત્રના મુડદાનું ભક્ષણ કરવું એના કરતાં તો મૃત્યુને ભેટવું લાખ દરજ્જે બહેતર છે.'

'મારી જીવનની અંતિમ ઇચ્છા એ છે કે, મારા મૃત્યુ બાદ ઘેટાં, બકરા, તથા દૂધ દેવા-વાળા સર્વે પશુ, તથા નાની નાની માછલીઓ વગેરે સર્વે જીવો મારા મૃત્યુનો શોક ન કરે, બલ્કે પોત–પોતાના ગળામાં સફેદ વસ્ત્રો બાંધી, એક એવી વ્યક્તિનું સન્માન કરે, કે જેણે જીવ–જંતુઓનું માંસ ખાવા કરતાં મરી જવાનું અધિક ઉત્તમ ગણ્યું છે.'

—બર્નાર્ડ શો.

## પશ્ચાદ્ બુદ્ધિના માનવોઃ 'એફેસીયા' રોગ

'આજનો જમાનો પશ્ચાદ્ બુદ્ધિના માન-

વોનો જમાનો છે. પોતાનાં અંતરાત્માને અનુલક્ષીને નહિ પણ પ્રસંગને અનુલક્ષીને બોલવું, અને વર્તવું એ આજના જમાનાનું પ્રધાન લક્ષણ છે. જેને 'એફેસીયા' નામનો રોગ જ કહી શકાય.

—સુપ્રસિદ્ધ અંગ્રેજ સાહિત્યકાર
**જે. કે. ચેસ્ટર્ટન**

## અન્નમાંથી પ્રગટેલી વાણી

૦ કાળી ધરતી પર અનાજ શ્રેષ્ઠ પાકે છે, સાદા દેખાતાં માણસોનું હૈયું વધારે સુંદર હોય છે.

૦ કેટલીક વખતે દેખાવમાં સુંદર લાગતી સ્ત્રી ડુંગળી જેવી હોય છે, એનામાં કશું ગંભીર પણું કે સત્ત્વ હોતું નથી, નિકટ પરિચયે આંખમાંથી તે આંસુ પડાવે છે.

૦ ડહાપણભર્યાં વિવેકી પુરુષોનાં શબ્દો શેરડીના મીઠા સાંઠા જેવા હોય છે, જે ચૂસતાં ચૂસતાં વધારે સ્વાદ આપે છે.

૦ મરીના દાણાનો એના કદ ઉપરથી કયાસ નહિ કાઢતા, એ ચાખો અને તમને ખબર પડશે કે તે કેવો તમતમતો છે? ભૂલ નાની છે, એ ન વિચારો, પણ તેનું પરિણામ શું આવશે? તેની કલ્પના કરો !

૦ ચમચામાં ભરાયેલા બધા ભાત મોઢામાં જતા નથી, કેટલાક લેતી વખતે તપેલીમાં પાછા પડે છે, કેટલાક થાળીમાં પડતાં બહાર વેરાય છે, ને કેટલાક હાથમાંથી મોઢામાં જતાં પડી જાય છે. વિચારો બધા અમલી બનતા નથી. કેટલાક આવતાં જ અટકી જાય છે, કેટલાક વાણી દ્વારા બહાર આવતાં પહેલાં વિસરાઇ જાય છે, ને કેટલાક બોલાયા બાદ વિખેરાઈ જાય છે.

૦ દાંત હોય ત્યાં સુધી ટોપરૂં ખાઇ લો, લક્ષ્મી મળી છે, શક્તિ મલી છે, ત્યાં સુધી સદુપયોગ કરી લો.

૦ ગરીબ ખોરાક શોધે છે. પૈસાદાર ભૂખ શોધે છે. ભૂખ્યો અન્ન શોધે છે. ખાનાર પેટ શોધે છે. ભાગ્યની લીલા વિચિત્ર છે !

૦ માછલી ગલને જૂએ છે, કાંટાને નહિ. મૂઢ સ્વાર્થને જૂએ છે, અનર્થને નહિ. બિલાડી દૂધ જૂએ છે, ડાંગ નહિ. લોભી ધનને જૂએ છે, ધર્મને નહિ.

૦ કયા ઘરમાં ઘડો કાણો નથી થતો? કોનાં જીવનમાં ક્ષતિઓ નથી થતી ? પણ તેને સુધારી લેવાની દૂરંદેશિતા જોઇએ.

૦ ભૂખ વિના જે ભોજન કરે છે, તે પોતાના મોઢાથી પોતાની કબર ખોદે છે. વિચાર્યા વિના જે બોલે છે, તે પોતાનાં જીવનમાં પોતે મુશ્કેલીઓ ઉભી કરે છે. સં૦ ક૦

## રાશિમાં રામાયણ

જબ તુલાને કુંભ ઉઠાયા, કર્ક ચલા તુલા સાથ;
મેષ તુલાકા યુધ્ધ ભયા જબ, મેષ ભયે અનાથ.

ભાવાર્થઃ તુલારાશિવાળા રાવણે જ્યારે કુંભ રાશિવાલી સીતાનું અપહરણ કર્યું, ત્યારે કર્ક રાશિવાળા હનુમાનની સાથે તુલારાશિવાળા રામચંદ્રજી નીકળ્યા. મેષરાશિવાળા લક્ષ્મણજી સાથે તુલા રાશિના રાવણનું યુધ્ધ થયું. અને મેષ રાશિવાળી લંકા નગરી અનાથ થઇ—અર્થાત્ લંકાનો સ્વામી રાવણ મરાયો. —કે૦

# ચ ૦ મ ૦ કા ૦ ર૦

## આવ્યા મળવા ને બેસાડયા દળવા

એક સદ્‌ગૃહસ્થ આમ વાતડાહ્યા અને પોતાની હોશિયારીનો વધારે પડતો ફાંકો રાખનારા. તેઓ. એક દિવસ સેવાગ્રામમાં ગાંધીજીને મળવા ગયેલા. ગાંધીજીની આગળ પોતાની કુશળતાના વખાણ કરતાં તેમણે કહેવા માંડયું; 'હું પાંચ-છ ભાષા જાણું છું, ઇંગ્લીશ ભાષા પરનો મારો કાબૂ સારો છે, કલાકના કલાક હું સારૂં બોલી શકું છું, હું લખી પણ સારૂં શકું છું. આપને કાંઈપણ કામ હોય તો ખુશીથી મને કહેજો. કોઈપણ કામને હું પહોંચી વળું છું.'

લગભગ ૧૫-૨૦ મીનીટનું આ ગૃહસ્થનું ભાષણ સાંભળી, ઠંડા કલેજે જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું: 'હા, કામ છે, જો સમય હોય તો....'

પેલા ગૃહસ્થે રૂવાબથી કહ્યું: 'ખુશીથી, જે કાંઇ કામ હોય તે જણાવો.'

ગાંધીજીએ કહ્યું; 'આશ્રમમાં ઘઉં દળવાના છે. આ કામ કરી શકશો ?' સાંભળતાં જ પેલા સદ્‌ગૃહસ્થનું લોહી ઉડી ગયું, ને ખસીયાણા પડી ગયા.

✤

## પણ એકે માથું મારા કામમાં નહિ આવે!

ઈંગ્લેંડના રાજા ૮ મા હેનરી અને ફ્રાંસના રાજા પહેલા ફ્રાંસીસ એ બન્ને વચ્ચે સખ્ત ખટપટ ચાલતી. એક-બીજા એક-બીજાનું ખરાબ કરવા પણ સજ્જ બનેલા. હેનરીએ પોતાના ખાસ ઉમરાવને સલાહસંપ કરવા ફ્રાંસ ખાતે ફ્રાંસીસ પાસે મોકલવા ઇચ્છા કરી પણ એ ઉમરાવને ફ્રાંસમાં જવું જોખમરૂપ લાગ્યું, તેણે હેનરીને વિનંતિ કરી કે, 'રાજન્ ! મને ત્યાં ન મોકલો તો સારૂં.'

આથી હેનરીએ ઉમરાવને કહ્યું: 'તમે ત્યાં જવા માટે ગભરાવ છો કેમ? જો ફ્રાંસીસ તમને મારી નાખશે, તો હું અહિં એનો જવાબ માંગનારો બેઠો છું, મારા તાબામાં જે પચાસ ફ્રાંસવાસીઓ રહ્યા છે, તે બધાયનાં માથાં કાપી નાખી, તમારી સાથે થયેલા અન્યાયનો બદલો લઇશ.'

એટલે તરત પેલા ઉમરાવે જવાબ આપતાં કહ્યું; 'આપ સાચું કહો છો મહારાજ! પણ એ પચાસમાંથી એકેયનું માથું મારા ધડ ઉપર ચોંટાડી નહિ શકાય, એ આપને ખબર છે?'

આ સાંભળી ઇંગ્લેંડનો રાજા ચૂપ બન્યો.

*

## હેટની કિંમત માફ!

પ્રોફેસર મધુસૂદન ગણિતના પ્રોફેસર હતા. કોલેજમાંથી ઘેર જતાં રસ્તામાં હેટ ખરીદી કરવા હેટવાળાની દુકાને ગયા. દુકાનદારે આપેલી એક પછી એક હેટ માથે મૂકતા જાય, ઉતારતા જાય, ને ઉંહું ઉંહુંની સાથે એ હેટ કેમ બરાબર નથી, તેનું લાંબું લચ ભાષણ કરતા જાય.

અંતે થાકેલા દુકાનદારે પ્રોફેસરની પાસે પડેલી હેટ આપીને કહ્યું; 'આ હેટ પહેરી જૂઓ.'

એ હેટ પહેરતાં જ પ્રોફેસર ખુશ થઇ ગયા. પ્રોફેસરે ખુશીમાં આવીને કહ્યું; 'સરસ આ તો મને એકદમ ફીટ આવી ગઇ, શું આપું?'

'કાંઈ નહિ' દુકાનદારે કહ્યું.

પ્રોફેસરે કહ્યું; 'કાંઇ નહિ એટલે? વ્યાજબી જે કિંમત હોય તે કહો.

પેલા દુકાનદારે કહ્યું; કાંઇ નહિ નો અર્થ

તમે હવે અહિંથી જઇ શકો છો. મારા બીજા ગ્રાહકો ખોટી થાય છે.'

''પણ હેટની કિંમત આપ્યા વગર....'

દુકાનદારે કહ્યું: 'સાહેબ ! તમે હવે જાવ. હેટની કિંમત માફ. કારણ કે, તમે જે હેટ પહેરીને આવ્યા હતા, તે જ એ હેટ છે. માટે હવે આપ પધારો.' ને તેણે પોતાની બધી હેટો ભેગી કરતાં પ્રોફેસરને વિદાય કર્યા.

卐

## મૂંગા રહેશો તો પ્રતિષ્ઠા જળવાશે !

પક્ષની ટીકીટ પર વિધાનસભામાં ચૂંટાઇ આવેલા સભ્યે સભાની ચાલુ ચર્ચામાં ભાગ લેવાની ઇચ્છાથી પક્ષના વડાને વિનંતિ કરી 'હું આજની ચર્ચામાં ભાગ લઉં, બે શબ્દો બોલું ?'

વડાએ જવાબમાં કહ્યું; 'તમે બેઠા બેઠા સાંભળો તેમાં જ પક્ષની, તમારી તથા અમારી શોભા છે. તમે મૂંગા રહીને જે પ્રતિષ્ઠા જાળવી શકશો, તે બોલીને નહિ.'

નવા સભ્યે ફરી કહ્યું; 'ત્યારે બસ, વિધાનસભામાં મારે મૌન રહેવાનું?'

જવાબમાં પેલા વડાએ કહ્યું; 'હા, ચૂંટાયા પહેલાં બોલવાનું ને ચૂંટાઇને આવ્યા પછી મૂંગા રહીને આંગળી ઉંચી કરવાની. આ જ તમારૂં કાર્ય.'

સાંભળીને નવા સભ્ય મૂંગા રહ્યા.

## આજની વાત :

મત અને મતાનો સરવાળો એટલે આજે સત્તા થાય છે.

શિખામણની જેને આજે વધારે જરૂર છે, તેને તે ઓછામાં ઓછી આજે ગમે છે.

બાલપણમાં બાળકો હુ તુતુતુ રમે છે, તે બાળકો મોટા થઇને આજે હુંહું અને તુંતું કરે છે.

આજે એવા કેટલાક માણસો છે, જેઓ ઇચ્છેલી વસ્તુ મેળવી શકતા નથી તેથી દુ:ખી છે, ને કેટલાક એવા પણ છે કે જેઓ ઇચ્છેલી વસ્તુ મેળવીને ભોગવી શકતા નહિ હોવાથી દુ:ખી થાય છે.

કોઇ પણ વાતને વહેતી કરવા માટે આજે ત્રણ સાધનો છે. ટેલીગ્રાફ, ટેલીફોન અને ટેલ એ વુમન–(સ્ત્રીને કહો.)

## આ જાણવામાં તમને રસ છે ?

તો જાણી લ્યો કે, દુનિયાની મહાન નહેરો આ રીતે છ છે.

| નામ; | દેશ; | માઇલનો વિસ્તાર: |
|---|---|---|
| એબ | જર્મની | ૪૧ |
| કીલ | ,, | ૬૧ |
| માંચેસ્ટ | ઇંગ્લેંડ | ૩૫ |
| પનામા | આફ્રીકા | ૫૦ |
| સુએઝ | ઇજીપ્ત | ૧૦૦ |
| વેલાંડ | ઇંગ્લેંડ | ૨૭ |

દુનિયામાં કુલ ૨૮૦૦ ભાષાઓ બોલાય છે. જેમાં સૌથી વધારે બોલાતી ભાષાઓ દશ છે. તે આ રીતે ઇંગ્લીશ, સ્પેનીશ, રશીયન, જાપાની, હીંદી, જર્મની, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, બંગાલી, ઇટાલી, અને ચીની. તેમાં ચીની ભાષા બોલનારા ૪૭ કરોડ માણસો છે.

ભારતમાં પોત–પોતાની પ્રાંતીય ભાષા અને ઈંગ્લીશ ભાષા જાણનારાઓની સંખ્યા તથા પ્રાંતની વસતિનો કોઠો આ મુજબ છેઃ—

| પ્રાંત— | વસતી— | પ્રાંતીયભાષા બોલનારા— | મેટ્રીક તથા વધુ ભણેલા |
|---|---|---|---|
| પશ્ચિમ બંગાળ– | ૨.૬૧,૦૬૨૫૫– | ૬૨૯૫૯૭૧– | ૬૦૪૧૧૧ |
| મુંબઈ– | ૪,૭૮,૫૦૨૫૪– | ૯૮૯૫૮૮૪– | ૪૫૫૭૦૭ |
| ઉત્તર પ્રદેશ– | ૬,૩૨,૧૫૭૪૨– | ૬૮૨૫૦૭૨– | ૫૧૮૩૨૬ |
| પંજાબ– | ૧,૬૧,૩૪૮૯૦– | ૨૪૫૭૪૯૬– | ૩૬૨૮૭૭ |
| મદ્રાસ– | ૩,૦૦૩૫૮૪૯– | ૬૫૫૫૮૩૯– | ૩૩૬૫૨૫ |
| બિહાર– | ૩,૮૯૩૦૦૦૦– | ૪૭૪૯૪૬૦– | ૨૫૬૯૩૮ |
| મૈસુર– | ૧,૮૯૭૪૯૭૨– | ૩૭૭૯૭૯૨– | ૨૩૬૧૫૯ |
| આંધ્ર– | ૩,૨૨૦૮૮૦૫– | ૪૧૭૮૦૮૪– | ૨૨૭૬૭૧ |
| કેરાલા– | ૧,૦૩૫૮૦૪૨– | ૫૦૭૧૩૩૭– | ૨૦૧૨૫૭ |
| મધ્યપ્રદેશ– | ૨,૬૧૦૦૦૦૦– | ૨૯૯૪૭૬૨– | ૧૯૪૬૭૮ |
| દીલ્હી– | ૧૭૪૪૦૭૨– | ૬૬૯૦૭૩– | ૧૬૨૬૭૮ |

બૃહદ્ મુંબઈમાં વસનારા ૩૦ લાખ માનવીઓમાં એકંદરે જુદી-જુદી ૬૭ ભાષાઓ પ્રચલિત છે. ૧૯૫૧ માં થયેલા વસતિપત્રક પ્રમાણે ૬૭ જુદી–જુદી ભાષાઓને પોતાની માતૃભાષા ગણાવનારા માણસોની સંખ્યા મુંબઈમાં આ રીતે છે. મરાઠા– ૧૨ લાખ ૩૦ હજાર, ગુજરાતી– ૫ લાખ ૨૦ હજાર, ઉર્દુ ૨ લાખ ૮૦ હજાર, હીંદી ૨ લાખ ૧૦ હજાર, કોંકણી ૧ લાખ ૩૦ હજાર, તેલુગુ ૭૮ હજાર, સીંધી–૬૬૭૧૪, તામીલ– ૫૯૨૯૫, કન્નડ–૫૨૦૧૧, કચ્છી–૪૨૮૫૨, અંગ્રેજી–૩૫૪૩૯, પંજાબી–૩૧૫૩૯, મલયાલમ–૩૧૫૧૩, રાજસ્થાની–૧૫૮૮૧, બંગાલી–૯૯૬૬, તુલુ–૮૬૦૧, ફારસી–૪૮૮૬, પુસ્તુ–૪૬૩૮, નેપાલી–૩૯૭૧, પોર્ટુગીઝ–૨૮૫૨, અરબ્બી–૨૨૫૮, ચીની–૧૬૨૩, ઉડીયા–૬૭૪, હીબ્રુ–૩૫૨, ફ્રેંચ–૨૩૪, સ્પેનીશ ૧૬૩, કુર્ગી–૧૧૫, ડેનીશ–૧૧૩, આસામી-૧૦૦, સિંહાલી–૯૯, બરમી–૯૯, રશીયન–૯૧, ઇટાલીયન–૮૪, બિહારી–૭૫, નોર્વેજીયન–૬૬, તુર્કી–૬૫, ગ્રીક–૬૦, આર્મનિયન–૫૩, ચેક–૫૦, પોલીશ–૪૦, ડચ–૩૭, સ્વીડીશ–૩૪, જાપાની–૨૭, મણિપુરી–૨૫, હંગેરીયન–૨૨, આફ્રીકન–૧૭, લહાંડા–૧૭, ગોંડી–૧૬, સીયામી–૫, સીરીયન–૫, ખાસી–૪, પાલી–૩, સંસ્કૃત–૧૦, માલ્ટીઝ–૬, મીસરી–૫, રૂમાનીયન–૩, ઇસ્થોનિયન–૩, અને જાપાનીઝ. ખેરવારી, ફીલીપનો દરેક બબ્બે, અને ફીનીશ, કારેન. ટીબેટીયન અને યુગોસ્લાવીયન દરેક એક. આ રીતે મુંબઇ શહેરમાં મરાઠી માતૃભાષાવાળા માણસોનું પ્રમાણ સેંકડે ૪૨ ટકા, અને ગુજરાતી માતૃભાષાવાળાનું સેંકડે ૧૮ ટકા જેટલું છે.

❋

**આગામી અંક તા. ૧૫–૪–૫૮ ના રોજ પ્રગટ થશે.**

૧૫ મા વર્ષનો ૧–૨ જો અંક સાથે પ્રગટ થશે. તા. ૧૫–૩–૫૮ નો અંક બંધ રહેશે.

# "જનતાની સલામતીનું અજવાળું કયારે થાય ?"

શ્રી ઉજમશી જુઠાભાઇ શાહ—અમદાવાદ.

વિવેકી પાત્રોને ધર્મના આદેશની અસર થાય છે. પરંતુ વિવેકહીણા પાત્રો પર ધર્મ ધારી અસર નિપજાવી શકતો નથી. ધર્મ તેઓને સદંતર કાબૂમાં લઇ શકતો નથી. પરિણામે સમૂહજીવનનું શિસ્ત સલામતિ અને શાંતિ ખોરવાઈ જવાનો ભય સદા ઉભો રહે છે. અને તે કારણે, સત્તા-રાજ્યની જરૂરત સદા ઉભી રહે છે.

સમસ્ત જનતા વિવેકી હોય તો રાજ્યતંત્રની કોઇ ઉપયોગિતા નથી. પરંતુ કદી એમ બનતું નથી. તે કારણે, રાજ્યતંત્રની પણ સદા આવશ્યકતા છે.

ધર્મ અને રાજ્યનું સ્થાપન જનતાનાં કલ્યાણ માટે જ હોય. જે ધર્મ કે રાજ્ય જનકલ્યાણને છેહ દે, તે વાસ્તવિક નથી ધર્મ કે નથી રાજ્ય.

ભૌતિક સાધનોની વિપુલતામાં જનકલ્યાણ નથી. જનતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ એ જ ખરૂં જનકલ્યાણ છે.

રાજ્યનું કાર્યક્ષેત્ર પ્રજાના શિસ્ત, સલામતી અને શાંતિ સાચવવા પુરતું જ મર્યાદિત હોવા છતાં તેનું અંતિમ લક્ષબિંદુ સીધી કે આડકતરી રીતે જનતાને આત્મિક સાધનામાં સહાયક કેમ બનાય ? તે અવશ્ય હોવું જોઈએ. જે રાજ્યતંત્રનું અંતિમ લક્ષબિંદુ તેથી વિરુધ્ધ હોય તે વાસ્તવિક દૃષ્ટિએ સુરાજ્ય નથી.

ધર્મ અને રાજ્યના નિર્માણનો હેતુ જો જનતા સમજે તો તે ઉભયના સિધ્ધાંતો, કાનૂનો અને નિયમોનું અંતિમ લક્ષબિંદુ વિશ્વમાં સર્વત્ર સર્વસામાન્ય રહે- અને વિશ્વની સમસ્ત પ્રજા એક બીજા સાથે સુમેળસંપથી સદા હળી-મળીને રહે. કુદરતી આફત વેળાએ એક બીજાને સહાયક બનવામાં, એક બીજી પ્રજા પોતાની ફરજ સમજે, તો આક્રમણાત્મક નીતિ નષ્ટ થાય.

સામાન્ય રીતે વિચારતાં જણાશે કે, ધર્મ નૈતિક માર્ગે ખડા રહેવાનો જનતાને આદેશ આપે છે. જ્યારે રાજ્ય નૈતિક માર્ગે ખડા રહેવાનો પ્રજાને હુકમ કરે છે. તે ઉભયનું કાર્યક્ષેત્ર ભિન્ન ભિન્ન હોવા છતાં, તે ઉભયનું લક્ષબિંદુ બહુધા સમાન છે.

માટે જ, સમૂહજીવનમાં ધર્મ કે રાજ્ય ઉભયમાંથી એકેની ઉપેક્ષા પાલવે તેમ નથી.

નિઃસ્પૃહી ધર્મપ્રચારકોને કોઇ લોભ કે લાલચ હોતા નથી. તેઓ તો સ્વપરના કલ્યાણ માટે નિરંતર મથતા હોય છે. તેથી તેઓની ચૂંટણીનો કોઇ સવાલ નથી. પરંતુ જ્યાં હુકમસત્તાથી કામ લેવાનું હોય છે, ત્યાં અનેક પ્રકારના અનિષ્ટો ફાલવાં-ફૂલવાંનો ભય છે. અને માટે જ, રાજ્યતંત્રમાં પ્રજાની અનુમતિ મુજબ સુયોગ્ય વ્યક્તિઓની ચૂંટણી ઉચિત છે.

રાજ્યની ધૂરા ઉપાડવાને તેઓ જ પાત્ર છે કે, જેઓ ગમે તેવા કટોકટીના સંજોગોમાં પણ હિંમત અને ધીરજ ખોવે નહિ. નીતિ-ન્યાય અને સદાચારના માર્ગથી ચળે નહિ. ભૂત અને વર્તમાન પરિસ્થિતિનો પૂરો ખ્યાલ કરી ભવિષ્યની યોગ્ય વિચારણા કરે. અને સલામતીનું સાવચેતીપૂર્વક ખડે પગે રક્ષણ કરે. વેવલાઓ રાજ્યની ધૂરા ઉપાડી શકે નહિ.

યાદ રાખવું જોઇએ કે, ધર્મ વિહોણું તે સમૂહતંત્ર વાસ્તવ સમવાય તંત્ર નથી. રાજ્યની અપેક્ષાએ ધર્મ એટલે કોઈ સાંપ્રદાયિક લક્ષ

બિંદુ નહિ. પરંતુ નીતિ-ન્યાય અને સદાચારના પરલોકલક્ષી સિદ્ધાંતોનું, સમૂહતંત્રનું અનુસરણ.

એટલે કે, કોઇ પણ સમવાય તંત્ર, દયા, દાન, શીલ, તપ, સંયમ સદાચાર, નીતિ-ન્યાય આદિની મર્યાદા ઓળંગી કાયદા કાનૂન ઘડી શકે નહિ. એ તત્ત્વોની મર્યાદા ઓળંગી જે કોઈ રાજ્યતંત્ર કાનૂનો ઘડે તે રાજ્યતંત્ર વાસ્તવ લોકતંત્ર નથી. પછી ભલે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા તે રાજ્યનું સંચાલન થતું હોય !

ઉત્તરોત્તર વારસા દ્વારા રામ રાજા બન્યા હતા, છતાં યે તેમનું રાજ્ય લોક-રાજ્ય હતું. કેમ કે, નીતિ, ન્યાય અને સદાચાર યુક્ત તેમનો રાજ્ય-કારોબાર હતો.

સુરાજ્ય તંત્ર, માનવતા પર નિર્ભર છે. જે ધર્મ છે. એટલે કે, ધર્મ એ જ સમૂહ જીવનનો ખરો રખેવાળ છે. અને માટે જ, જે કોઇ રાજ્ય એ ધર્મને અવગણે તે રાજ્ય વાસ્તવિક લોકરાજ્ય નથી જ.

પ્રજાનું નૈતિક-ધાર્મિક જીવન જેટલું વધુ પાંગરે તેટલું રાજ્યતંત્ર વધુ સુવ્યવસ્થિત રીતે ચાલે. અને તેટલું પ્રજાની શાંતિ અને સલામતિનું વધુ રખેવાળું થાય.

આજના વિષમ કાળમાં પણ માનવ જાત જે કંઇ થોડી ઘણી સલામતી અનુભવે છે, તે શું માત્ર રાજ્યસત્તાના બળને આભારી છે? નહિ જ. ધર્મનો પણ તેમાં મોટો ફાળો છે. લોકમાનસમાં ઉંડે ઉંડે પણ દયા, લજ્જા આદિ ધર્મના જે તત્ત્વો અપ્રગટપણે પડયા છે. તે કારણે જનસમૂહની કંઇક સલામતિ છે.

જો, તે તત્ત્વો આત્મધર્મના ઉપદેશ દ્વારા યોગ્ય રીતે ખીલવવામાં આવે તો સમૂહજીવન શિસ્તબદ્ધ બને. અને જનતાની સલામતિનું રખેવાળું થાય.

## 'પંચવર્ષીય યોજના' માં પ્રાપ્ત થયેલો વધુ સહકાર

'કલ્યાણ' આજે ચૌદ-વર્ષથી સમાજની નિઃસ્વાર્થભાવે સેવા કરે છે. શ્રદ્ધા, સંસ્કાર, શિક્ષણ તથા ધર્મભાવનાનો પ્રચાર કરતા 'કલ્યાણ' ને વધુ ને વધુ પગભર કરી, તેની સાહિત્યપ્રવૃત્તિનો વિકાસ કરવા, તથા તેને આર્થિક રીતે વિશેષ સમૃધ્ધ કરવા તેના હિતચિંતકોએ પંચવર્ષીય યોજના નક્કી કરેલ છે.

દિન-પ્રતિદિન દરેક ક્ષેત્રમાં મોંઘવારી વધતી જાય છે. કાગળ, છાપકામ તથા પોસ્ટેજમાં જે અતિશય મોંઘવારી વધી રહી છે, તે દૃષ્ટિયે 'કલ્યાણ' નો વિકાસ કરવા આ યોજના આવશ્યક બની છે.

રૂા. ૫૧, શેઠ અમરચંદ કુંવરજી સાવરકુંડલા.

રૂા. ૨૫, શાહ કસ્તુરચંદ છોટાલાલ સાડીવાલા ખંભાત.

રૂા. ૨૫, શાહ રામજીભાઇ દેવજી વિજાપુર (મ્હૈસુર)

રૂા. ૨૫, દોશી નાનચંદ જુઠાભાઇ મુંબઇ

ઉપરોક્ત યોજનાના આશ્રયદાતા ધર્માનુરાગી સાહિત્યપ્રેમી ઉદારદીલ પુણ્યવાનોએ અમારી અપીલને માન આપી જે ફાળો નોંધાવ્યો છે. તે માટે અમે તેમના ઋણી છીએ સં. કલ્યાણ




★

'કલ્યાણ' માં નિયમિત પ્રગટ થતા આ વિભાગ પ્રત્યે સર્વ કોઇ વાચકોનું આકર્ષણ રહ્યું છે. સ્થલસંકોચના કારણે એકાદ અંકમાં આ વિભાગ મુલત્વી રહ્યો હોય તો અનેક વાચકોને નિરાશ થવું પડે છે. કોઇપણ પક્ષની કે કોઈપણ પ્રકારની સત્તાની હરિફાઈ સિવાય, કેવળ શુદ્ધ ભાવે તથા શુભ-મને સમાજના કોઇ પણ સારગ્રાહી મધ્યસ્થ ધર્માનુરાગી વર્ગને વર્તમાન રાજકારણમાં, કોંગ્રેસીતંત્રના વહિવટમાં જે કાંઈ સાર અને અસાર જાણવા-સમજવા જેવું હોય છે, તે કેવળ અધ્યાત્મદૃષ્ટિને નજર સમક્ષ રાખીને નક્કર હકીકતોની સાક્ષી મૂકીને અહિં રજુ કરવામાં આવે છે.

આજે રજુ થતાં લખાણમાં, કોંગ્રેસી વહિવટમાં ભારતે જે જે નક્કર ને લાભદાયી વસ્તુઓમાં પીછેહઠ કરી છે, તે વસ્તુ દર્શાવવા પૂર્વક યોગ્ય માર્ગદર્શન આપવામાં લેખકે, સમતોલબુદ્ધિના વાચકોને વિચા-રણાની અનેક નવી નવી વાતો રજુ કરી છે, જેને સર્વ કોઈ સરલ ભાવે વાંચે વિચારે !

⚜

હિંદની રાજકીય સંસ્થા કોંગ્રેસનું ૬૩ મું અધિ-વેશન ગૌહત્તીની નજીકમાં પ્રાગજ્યોતિષપુર ખાતે ભરાઇ ગયું. કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઈનું ૬૩ હાથીઓથી સન્માન થવા પામ્યું. ભારતમાં જ્યારથી કોંગ્રેસ સત્તા પર આવી છે, અને સત્તાધીશ માનસ, કોંગ્રેસી કાર્યકરોમાં જ્યારથી આવ્યું છે, ત્યારથી દેશની દૃષ્ટિયે કોંગ્રેસની લોકપ્રિયતા દિન-પ્રતિદિન ઘટતી જાય છે. ચૂંટણીમાં કોંગ્રેસની જીત એ કાંઇ લોકપ્રિયતાની પારાશીશી નથી. ચૂંટણી તો આજે એક પ્રકારની મેલી રમતો રમવાનું ખાડું બની ગયું છે. દેશના કોઈ પણ રાજકીય પક્ષની લોકપ્રિયતા ચૂંટણીમાં બહુમતી મેળવવાથી કે ચૂટાઈને વિજય મેળવવાથી આવતી હોય તેવું માનવા જેવું હવે રહ્યું નથી. કારણ કે, હિંદના ૭ લાખ ગામડાઓમાં રહેનારી પ્રજાને કશી જ લાંબી સમજણ હોતી નથી. એક-બીજાની દેખાદેખી, દબાણ, લોભ, લાલચ, ભય, ઈત્યાદિના કારણે આજે મતદાનમાં હૃદય કે બુદ્ધિ બન્નેને છેહ દઈને પણ આજની પ્રજા ગમે તેને મત ફેંકી આવે છે. એટલે જ કોંગ્રસને ચૂંટણીમાં મળતો વિજય લોકપ્રિય-તાની પારાશીશી હરગીજ ન ગણી શકાય !-કોંગ્રેસ પ્રમુખ ઢેબરભાઇને ૬૩ હાથીઓનું સ્વાગત જ કહી આપે છે કે, કોંગ્રેસ પ્રત્યે દિન-પ્રતિદિન આકર્ષણ લોકોનું કેમ વધે? તે માટે હવે કોંગ્રેસ પણ આજે જ્યારે ચોમેર કરકસરની જરૂર છે, ત્યારે હાથી, ઘોડા અને અનેક પ્રકારના નિરર્થક ભપકાઓની પાછળ સમય અને શક્તિનો વ્યય કરી રહેલ છે. કોંગ્રેસ જેવી સંસ્થાના અસ્તિત્વની આજે દેશમાં કોઇ રીતે જરૂર છે ખરી? એમ છડેચોક વિચારક તથા દેશના ડાહ્યા માણસો પૂછી રહ્યા છે.

આજે સામાજિક, કે સાંસ્કારિક કોઈ પણ પ્રવૃ-ત્તિના કેંદ્ર તરીકે કે દેશના રાજકારણમાં નૈતિક કે આધ્યાત્મિક બળ તરીકે કોંગ્રેસ સંસ્થા સફલ બની શકી નથી. સરકારની પાછળ તેના પગલે પગલે ચાલી, સરકારની ખુશામત કરી, તેની ભૂલોને પણ, ક્ષતિઓ કે પહાડ જેવી ખામીઓને પણ ઢાંકવા મથતી, અને તે દ્વારા સત્તારૂઢ વર્ગની કૃપા મેળવી, પ્રજા તથા ન્હાના-ન્હાના અમલદારો પર શાસન કરવાની ભાવના ધરાવતી સંસ્થા કોંગ્રેસ છે. માટે જ આજે ગામે-ગામ, શહેરે-શહેર કોંગ્રેસના કાર્યકરો આવું વલણ ધરાવે છે. આ હકીકત કોંગ્રેસ જેવી સત્તાથી પર રહી, સત્તા-રૂઢ વર્ગને દોરવણી આપવાની ઉન્નત નીતિને વરેલી સંસ્થાને માટે કોઈ રીતે ઇચ્છનીય નથી. અમેરિકાનું

બંધારણ જુઓ ! જે દેશના બંધારણની નકલ કરવામાં આપણે ડહાપણ માનીએ છીએ, ને ગૌરવ લેતાં થાકતા નથી, તે દેશની આ એક નીતિ તરફ જરા દૃષ્ટિપાત કરો ! અમેરિકાનાં રાજતંત્રમાં તેનું સંચાલન કરનાર કે કાબૂ રાખનાર કોંગ્રેસનું વર્ચસ્વ કેટલું છે ? કોંગ્રેસ જે અમેરિકાના રાજતંત્રનો કાબૂ ધરાવે છે તે નામનો નહિ ! પ્રથમ કોંગ્રેસ નક્કી કરે, બાદ જ વડાપ્રધાન કે તેનું રાજ્યતંત્ર તે માર્ગને અનુસરે. જ્યારે ભારતમાં સર્વથા ઉંધું છે. સત્તા કોંગ્રેસ પક્ષની કહેવાય, તંત્ર કોંગ્રેસનું ગણાય. છતાં સત્તારૂઢ પ્રધાન મંડળ કે ધારાસભા જે કોઈ નીતિ નક્કી કરે તેને કેવળ ટેકો આપવાનું, બહાલી આપી તેના ગુણગાન કરવાનું કાર્ય ફક્ત કોંગ્રેસને કરવાનું ! ગૌહત્તીના ૬૩ મા અધિવેશને પણ એ જ કર્યું છે.

ઢેબરભાઇ ભલે કોંગ્રેસ પ્રમુખ કહેવાય, પણ સાચા પ્રમુખ વડાપ્રધાન નહેરૂ છે; એટલે કોંગ્રેસ સંસ્થાનું અસ્તિત્ત્વ આજે વાસ્તવિક રીતે નિરર્થક છે. માટે જ ગાંધીજીએ ૧૯૪૭માં કહ્યું હતું કે, 'જે ઉદ્દેશથી કોંગ્રેસ સંસ્થા ઉભી થઇ હતી, તે ઉદ્દેશ સિદ્ધ થઇ ગયો છે, માટે કોંગ્રેસે કાં તો રાજકારણમાંથી નિવૃત્તિ લેવી જોઇએ. કાંતો કોંગ્રેસ સંસ્થાનું વિસર્જન થવું જોઇએ.'

એ હકીકત ન બની, તેની અવગણના થઇ, આથી જ કોંગ્રેસનું કોઇ મહત્ત્વ કે કોઈ ગૌરવ સમગ્ર દેશમાં રહ્યું નથી. ને કોંગ્રેસના નામે અનેક અયોગ્ય તત્ત્વો સત્તાનાં સૂત્રો હાથમાં લઇ, પ્રજાના હિતની સામે અડપલા કરી રહ્યા છે, એ એટલું જ સાચું છે.

卐

તા. ૨૬-૧-૫૮ ના સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી થઇ. છાપાઓમાં એના વિસ્તૃત અહેવાલો પ્રસિદ્ધ થયા. સરકારી ઓફીસોએ આ ઉજવણીમાં ભાગ લઈ, સત્તારૂઢ પક્ષની વફાદારી જાહેર કરી, સ્કુલો, હાઈસ્કુલોના વિદ્યાર્થીઓએ એ દિવસોમાં રજાઓ ભોગવી, નાટક કે જલસાઓમાં ભાગ લીધો, આ રીતે સ્વતંત્ર ભારતે, પ્રજાસત્તાક હિંદે પોતાનો સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો; દેશને સ્વતંત્ર થયે આજે ૧૦-૧૦ વર્ષના વ્હાણાં વીતી ચૂકયા, છતાં દેશના કોઇ પણ ભાગમાં તમે જઇને ઉભા રહો ! દેશના કોઇપણ વર્ગના મોઢા પર સ્વાતંત્ર્યનું ખમીર, આઝાદીની ઉષ્મા કે આબાદિની આછી-પાતળી રેખા દેખાય છે ? આર્થિક, ઔદ્યોગિક કે સામાજિક યા નૈતિક કોઈપણ બાબતમાં દેશે કોઈપણ પ્રકારની નક્કર પ્રગતિ સાધી છે ? હિંદની સુપ્રીમ કોર્ટના સર્વ પ્રથમ વડા ન્યાયાધીશ શ્રી પતંજલિ શાસ્ત્રીએ બનારસ હિંદુ યુનિવર્સિટીના સમારંભ પ્રસંગે તાજેતરમાં જ જણાવ્યું હતું કે, **'ભારતના રાજકીય જીવનમાં ચારિત્ર્યની કટોકટી આવી રહી છે કેળવણીના સંસ્થાઓનું નૈતિક ધોરણ નીચે ઉતરી રહ્યું છે... દશ વર્ષનાં શાસનમાં દેશના નૈતિક ધોરણમાં નોંધપાત્ર પતન થયું છે, પ્રામાણિકતા, સચ્ચાઇ, ફરજની લાગણી અને નાગરિક જીવનની નિષ્ઠાનું ભાન ઘટી રહ્યુ છે.'** (તા. ૨૩-૧૨-૫૭ પી. ટી. આઇ.) આ ઉપરાંત, રાષ્ટ્રના ઉપપ્રમુખ સુપ્રસિદ્ધ ચિંતક એસ. રાધાકૃષ્ણને હમણાં જ એક સમારંભમાં બોલતાં જણાવ્યું છે કે. **દેશની રાષ્ટ્રીય આવક જેટલી વધી છે, તે કરતાં દેશનાં રાષ્ટ્રીય ચારિત્ર્યમાં કંઇ ગુણો ઘટાડો થયો છે.'** ભારતના વિચારક પુરુષોના આ શબ્દો શું સૂચવે છે ?

ભારતે દસ વર્ષમાં જે મેળવ્યું છે, તેની કિંમત કરતાં તેણે જે ગુમાવ્યું છે, તેની કોઇ અવધિ નથી. અસંયમ, અનાચાર, અસંતોષ, સત્તાલાલસા, તૃષ્ણા, વિલાસ, વ્યભિચાર, દંભ, નિર્દયતા તથા સ્વાર્થાંધવૃત્તિ ઇત્યાદિ અનેક દુષ્ટતત્ત્વો આજે ભારતમાં ચોમેર ફાલીફૂલી રહ્યા છે, તેનો વિચાર કોણ કરે છે ? છાપાઓમાં દરરોજ બનતા ખૂન, લૂંટ-ફાટ, છેડતી આદિના બનાવો આપણને શું કહી જાય છે ? વારે-તહેવારે લાંચ-રૂશ્વતના કિસ્સાઓ પકડાતા આપણે સાંભળીએ છીએ ! એ શું બતાવે છે ? મોટર, રેલ્વેના દર ત્રીજે દહાડે ગંભીર અકસ્માતો આપણને શું કહે છે ? આજે સમગ્ર ભારતમાં અરાજકતાનું વ્યાપક છતાં ધીમું આંદોલન ફેલાઇ રહ્યું છે. જવાબદારી, કર્તવ્યપાલન સ્વાર્થત્યાગ કે પ્રામાણિકતા જેવી કોઈ વાત જ નથી જણાતી. એક ન્હાની સત્તા હાથમાં લેવા માટે દેશમાં ચોમેર આજે જે પડાપડી થઇ રહી છે, તે શું બતાવે છે? બાર મહિને રૂા. પાંચ લાખનો વહિવટ કરનારી મ્યુનિસીપાલીટીના ફક્ત વીસ બેઠકો માટે

૮૦-૯૦ ઉમેદવારો જ્યારે આજે ભારતના સમગ્ર પ્રદેશમાં ઉભા રહેલા જાણીએ, સાંભળીએ ત્યારે ઘડીભર આપણને દુઃખ થાય છે કે, સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી હિંદમાં સત્તાલાલસાનો ચેપી રોગ કેટ-કેટલો ફાલી-ફૂલી રહ્યો છે. !

તેમાં યે કોંગ્રેસ જેવી સંસ્થા જ્યારે એક ૫૦૦ ઘરના ગામડાના સરપંચની ચૂંટણીથી માંડી, લોકલબોર્ડ, મ્યુનિસીપાલિટી, વિધાનસભા, લોકસભા એમ દરેકે દરેક ખુરશીઓ પર પોતાના માણસોને ઉઘાડી રીતે કે ખાનગી રીતે બેસાડી દેવાની પેરવી કરે ત્યારે ખરેખર સુપ્રસિદ્ધ અંગ્રેજી લેખકના એ શબ્દો યાદ આવે છે કે, 'All power corrupts Absolute power corrupts Absolutely' 'બધી જ સત્તા માનવને અધમ બનાવે છે, એકહથ્થુ સત્તા એને સૌથી વધુ અધમ બનાવે છે.

દેશમાં સત્તાલાલસાની સાથે નૈતિકતાની દૃષ્ટિયે પણ જે પતન થયું છે તે પણ ખૂબ જ ચિંતાજનક છે. અમદાવાદના અગ્રણી સામાજિક કાર્યકર શ્રી ચારૂમતી બ્હેન યોદ્ધાએ તાજેતરમાં પત્રકારો જોગ એક નિવેદનમાં જણાવ્યું છે કે, '**દિવસે દિવસે આપણે ત્યાં સામાજિક ઝઘડાઓ, અપહરણો, આપઘાતો અને છેડતીના બનાવો વધવા લાગ્યા છે. અને છેલ્લા પાંચેક વર્ષથી તો તેમાં ભારે વધારો થવા પામ્યો છે.**' આને અંગે તેઓ તેના કારણોને શોધીને જે કાંઇ જણાવે છે, તે આજે પ્રજાકલ્યાણની કે રાષ્ટ્ર અભ્યુદયની મોટી મોટી વાતો લાંબા-પહોળા હાથ કરીને કરનારા મહાનુભાવોએ વિચારવા જેવી છે. તેઓ કહે છે કે, 'આજની આર્થિક મુશ્કેલીમાં આવકના પ્રમાણ કરતાં ખર્ચનું પ્રમાણ વધી જતાં સામાજિક ગુન્હાહિત પ્રવૃત્તિઓ વધી રહી છે. વળી આજના હલકા પ્રકારના ચલચિત્રો-સીનેમા, તેની વેશભૂષાઓ પણ સામાજિક જીવનને નીચું લઇ જાય છે. તેમ જ આજે બ્હેનોની નૈતિક તાકાત પણ ઓછી થતી જણાય છે. અને તેના પરિણામે તેઓ અસામાજિક તત્ત્વોનાં હાથમાં ફસાઇ પાછળથી તેઓ બેહાલ થવાના કિસ્સાઓ પણ વધવા પામ્યા છે.' તેમણે કૌટુંબિક કલેશ, અપહરણ, છૂટાછેડા, અનીતિનો વ્યાપાર ઇત્યાદિના કેસોની સંખ્યા ગણાવતાં જણાવ્યું હતું કે, **૧૯૫૪ માં એવા કેસો અમદાવાદ ખાતે ફક્ત ૫૧૫ હતા. ૧૯૫૫ માં ૧૦૯૨ અને ૫૬ માં ૧૧૮૨** એ રીતે ઉત્તરોત્તર વધતા જ રહ્યા છે.'

આમ ચોમેર અનૈતિકતા, અનિષ્ટો કે દૂષિતતત્ત્વો દિન-પ્રતિદિન વધતા રહ્યા છે. તે હકીકત શું પૂરવાર કરે છે ? આ ઉપરાંત; અમદાવાદ મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના સંચાલક અને જાણીતા સામાજિક કાર્યકર શ્રી સરોજબ્હેન પટેલ છાપાજોગ નિવેદનમાં જણાવે છે કે, છેલ્લા થોડાક વર્ષોથી અમારી કામગીરી ખૂબ વધવા પામી છે. અમારે ત્યાં ચાલુ વર્ષે પણ અસામાજિક પ્રવૃત્તિઓના આંકડાઓ વધવા પામ્યા છે.' એ રીતે આપઘાતના કેસો અમદાવાદ જેવા શહેરમાં વધતા રહ્યા છે. આ દૃષ્ટિએ ઉંડા ઉતરીને વિચારીએ તો દેશના પ્રત્યેક પ્રદેશોમાં છેલ્લા દસ વર્ષમાં અનૈતિક તત્ત્વો દિન-પ્રતિદિન વધવા પામ્યા છે. જે પ્રજામાં નૈતિકતાનું, સંયમ, સાદાઇ કે સંતોષનું સાચું ખમીર નથી, તે પ્રજા કઇ રીતે આગળ આવી શકશે ? જે દેશની પ્રજાને પોતાના કર્તવ્યનું, ફરજ કે નિષ્ઠાનું ભાન નથી તે દેશ કઇ રીતે પ્રગતિ સાધશે ? આજે ૧૦ વર્ષ પૂરા થયા. ૧૧ મા વર્ષનો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો, પણ દસ-દસ વર્ષમાં પ્રજાએ શું પ્રગતિ કરી ? દેશે કયો વિકાસ સાધ્યો ? તેનું નૈતિક, આધ્યાત્મિક કે સાંસ્કૃતિક દૃષ્ટિયે સરવૈયું કોણે કાઢ્યું ? એ વિષે વિચાર જ કોણ કરે છે ? કેવળ એક પક્ષની સામે બીજો પક્ષ સત્તા મેળવવા હરિફાઈ કરી, એક-બીજા સામસામી મોરચાઓ ઉભા કરીને રાજકારણને ડહોળી નાખવા સિવાય આજના રાજકીય પક્ષો અન્ય કશું નક્કર કાર્ય કરતા નથી, તે ખૂબ ખેદ સાથે જણાવવું પડે છે. અને જેઓ સાચી પ્રજાકલ્યાણની, સમાજશ્રેયની નિઃસ્વાર્થભાવે કામના રાખીને દેશને હિત શિક્ષા આપી શકે તેમ છે, તેવા નિષ્કામભાવી સર્વ ત્યાગી ધર્મગુરૂઓને સાંભળવાની આજના દેશનાયકો કે રાજકારણના આગેવાનોને ફુરસદ જ કયાં છે ? અને પ્રજાનું શું કહેવું ? તેને કોઇ સિદ્ધાંત નથી. તેનો કોઈ ઉદ્દેશ નથી. શુદ્ધ આદર્શની નિષ્ઠા નથી. તેમ જ પ્રજાના કોઇ પણ વર્ગમાં

તેટલી શુદ્ધ સ્વાર્થત્યાગની ભાવના પણ આજે જોઇએ તેવી દેખાતી નથી. આ દૃષ્ટિએ દેશના સાર્વજનિક અભ્યુદયમાં કે સાંસ્કૃતિક ઉત્થાનમાં આજે કોઇ પણ રાજકીય પક્ષ સંતોષ આપી શકે તેમ નથી. એટલું જ નહિ પણ સામાજિક કે નૈતિક દૃષ્ટિયે સાચું તેમ જ હિતકારક માર્ગદર્શન આપી શકે તેમ નથી. એ એટલુંજ દુ:ખદાયી છે, કેવળ સત્તાની સાઠમારી સિવાય અન્ય કોઈ દૃષ્ટિ ભારતના રાજકારણમાં રહેલા જુદા-જુદા જુથોમાં રહી હોય તેવું મને જણાતું નથી.

આજે ભારતનાં રાજકારણની જ્યારે વાત નીકળી છે, તો કહેવાનું મન થાય છે કે, શું સત્તા પ્રાપ્ત કરવા સિવાય અન્ય કોઇ રીતે દેશની, કે સમાજની સેવા નહિ થઇ શકતી હોય? અને રાજકારણમાં સત્તા સિવાય અન્ય કોઈ ધ્યેય નથી એ ભારતનું દુર્ભાગ્ય ન કહેવાય? સમાજ, દેશ કે દેશના કોઈ પણ પ્રદેશની આજે આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક, કે શૈક્ષણિક દૃષ્ટિયે પ્રગતિનો કોઇને કેમ કાંઇ વિચાર આવતો નથી? ચોમેર સ્વાર્થાંધતા, સંકુચિતતા, ઇર્ષા, વૈર, દ્વેષ, ડંખ, અપ્રામાણિકતા, દંભ, ઇત્યાદિ દુષ્ટ તત્ત્વો ભારતમાં ફાલતા-ફુલતા રહ્યા છે, તેનો કેમ કોઇ વિચાર સુદ્ધાં કરતું નથી? કોમવાદ, જ્ઞાતિવાદ તથા સાંપ્રદાયિકવાદનો વિરોધ કરનારા, તેના પ્રત્યે સૂગ રાખનારા આજે ભારતના રાજકારણમાં તેને જ પંપાળીને સત્તા હાથ કરવા જે પછાડા મારી રહ્યા છે, તેની સામે પડકાર, નિડરતાપૂર્વકનો અવાજ આજે કેમ કોઇ ઉઠાવતું નથી? આજે આપણા ભારતમાં સ્વતંત્ર પત્રકારત્ત્વ કે સ્વતંત્ર નાગરિકત્ત્વ કે સ્વતંત્ર વ્યક્તિત્ત્વ જેવું રહ્યું છે કે દિન-પ્રતિદિન નામશેષ બનતું ગયું છે? અમને તો લાગે છે કે ૨૬ મી જાન્યુઆરીનો દિવસ કે ૧૫ મી ઓગસ્ટનો દિવસ ભલે રોશનીઓની લાંબી લાંબી હારોથી ઉજવાય! પણ ભારતની પ્રજા દિનપ્રતિદિન વધુ ને વધુ બૌદ્ધિક ગુલામીમાં ફસાતી જાય છે. પરદેશી ભાષાને દૂર કરવાનો વિચાર કરનારા કે ઠરાવ કરનારા કોંગ્રેસી સત્તાધીશોને આજે છેલ્લા દસ વર્ષમાં જે પરદેશી સંસ્કૃતિની ગુલામી આપણે ત્યાં વધતી જ રહી છે, પરદેશી સંસ્કારોની ગુલામી કરવાને આપણે ત્યાં જાણે હરિફાઈ જ ન મંડાઇ હોય તેવી દશા પ્રવર્તી રહી છે, તેનો કાંઇ વિચાર આવે છે? યૂરોપનાં સારાં તત્ત્વો તો આપણે વિચારી શકતા નથી, તેનું અનુકરણ કરવાની આપણે ત્યાં કોઇને ફુરસદ નથી, કેવળ ત્યાંના નવલા તત્ત્વો જે માનવને સભ્ય, સંસ્કારી કે નીતિમાન, સદાચારી બનાવવાને બદલે અસભ્ય જંગલી, વિલાસી અને અનાચારી બનાવવા તરફ જ દોરી જાય છે તેવા પ્રકારનો પ્રચાર આપણે ત્યાં ભારત સરકાર દ્વારા વધી રહ્યો છે, જેમ કે, 'સંતતિ-નિયમનના પ્રચાર, જેને માટે કોંગ્રેસી કાર્યકાર રાવજી-ભાઇ પટેલ જેવા સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, "બર્થકંટ્રોલ કે સંતતિનિયમનનાં સાધનોનો પ્રચાર અને કુટુંબ-નિયોજન યોજના, માનવજાતનું નૈતિક પતન કરનારી ઘણી ભયંકર યોજના છે. માણસમાં સંયમ ન હોય, અને આ યોજનાનો ઉપયોગ કરી પોતાની શક્તિનો દુરુપયોગ કરી પરિણામે સ્ત્રી કે પુરુષ દિનપ્રતિદિન ક્ષીણ તથા સામર્થ્યહીન બનતા ભારતભરમાં તદ્દન પામરતા પ્રગટશે. પુરુષ વિષયી પશુ બનશે, અને સ્ત્રી જાતિની શી દશા થશે તે તો કલ્પના બહારની વસ્તુ છે' (તા. ૨૦-૧૧-૫૭) આપણે ત્યાં આ કુટુંબ-નિયોજન યોજનાના બહાને ભારત સરકાર અનૈતિક પાપનો પ્રચાર કરી રહેલ છે, જેનો કોઇપણ સંસ્કૃતિમાં માનનાર સભ્ય માનવ વિરોધ કર્યા વિના નહિ રહી શકે! વિલાસ, કે વિષયી વૃત્તિ વધતી હોય તેવાં સાધનો પર અંકુશ આણો, પણ આ રીતે અનૈતિક પાપને પોષવાનો જે પ્રચાર થઈ રહ્યો છે, તે તદ્દન અનિચ્છનીય તેમ જ ભારતીય સંસ્કૃતિનું કલંક છે. આ થઈ સામાજિક સંસ્કાર અને નૈતિકતામાં આપણે જમા પાસાને બદલે છેલ્લા દસ વર્ષમાં ઉધાર પાસુ વધાર્યું છે તેની વાત; પણ આર્થિક વહીવટમાં ભારતે પ્રામાણિકતા વધારી છે કે અપ્રામાણિકતા? તેનું પણ નિરીક્ષણ પક્ષથી પર બનીને કોઇપણ પ્રકારના પૂર્વગ્રહ વિના કરવા જેવું છે. સરકારી કોઈપણ કોંટ્રાકટો, સરકારી કામકાજો, નહેરો, સડકો, પુલો, મકાનો બાંધવાના લાખ્ખોના કામો આજે કઇ રીતે થઇ રહ્યાં છે? ઠેઠ સરકારી ઈજનેરથી માંડીને કોંટ્રાક્ટર સુધીનું

સમગ્ર જુથ આજે ફરજ, નાગરિકધર્મ, પ્રજા તરીકેનું કર્તવ્ય કે રાષ્ટ્રપ્રેમ જેવી કોઇ વસ્તુમાં માને છે! પ્રામાણિકતા જેવું તત્ત્વ ત્યાં બેઠું છે? હજારો, લાખો કે કરોડો રૂ. ના ગોટાળા થયા જ કરે છે, લાગવગના બળે નમાલા માણસો ઠેઠ સત્તાના છેલ્લા શિખરે ચઢી બેસે છે, અને સંપત્તિની ટોચે પહોંચી જાય છે. પણ પ્રામાણિકતા, સેવા કે સ્વાર્થત્યાગનું તો કશું જ જાણે મૂલ્ય જ ન હોય, તે રીતે સમગ્ર રાજ્યતંત્રનો વહિવટ ચાલી રહ્યો છે, એ આજે કયાં કોઇથી અજાણ્યું છે? જીપગોટાળા, ખાંડ પ્રકરણ અને છેલ્લે મુંદ્રા જુથનું શેર પ્રકરણ આ બધું શું સૂચવે છે? જેમ આજે મુંદ્રા જુથના શેરપ્રકરણની જાહેર તપાસ થઇ રહી છે, તે જ રીતે કોઈપણ સરકારી અમલદારનાં હાથે એક પાઈનો પણ ગેરવહિવટ કોઈપણ કારણે થયેલ હોય, તો તેની આ રીતે જાહેર તપાસ કરવાનું મધ્યસ્થ સરકારે તથા પ્રાંતીય સરકારોએ જો પોતાનું વલણ કોઇની પણ શેહમાં દબાયા વિના શરૂથી જ રાખ્યું હોત તો પ્રજાના કરોડો રૂ. નો દુર્વ્યય થતો જરૂર અટકી ગયો હોત, તેમ જ સાથે સાથે એક પાઇના પણ દુર્વ્યયમાં જે કોઇ સંડોવાયેલ હોય તેને હોદ્દા પરથી ઉતારીને જાહેરમાં નિષ્પક્ષ રીતે તેની સામે કામ લેવાવું જોઇએ. તો જ આજના તંત્રનો ગેરવહિવટીય સડો દૂર થાય, તે સિવાય આર્થિક તંત્રનો ગેરવહિવટ નહિ દૂર થાય તેમ અમને લાગે છે. અને પ્રજાના દિલમાં જ અવિશ્વાસનું વાતાવરણ બેઠું છે તેમાં સુધારો નહિ થાય.

✿

રેઢીયારપણાની વાતના અનુસંધાનમાં રેલ્વેતંત્રનું દૃષ્ટાંત નજર સ્હામે છે. દર ત્રણ દિવસે રેલ્વેનો ગંભીર અકસ્માત તો ભારતમાં હોય, આવકની દૃષ્ટિએ ભારતીય રેલ્વે ખૂબ કમાણી કરે છે, ને તે ધૂમ કમાણી દિનપ્રતિદિન વધતી જ જાય છે. હમણાં તાજેતરમાં જાહેરાત થઇ છે કે, ભારતીય રેલ્વેઓએ ૧૯૫૭ ના એપ્રીલથી નવેંબરના આઠ મહિનામાં જે નફો કર્યો છે, તે ૧૯૫૬ના આઠ મહિનાના આ ગાળા કરતાં ૨૧ કરોડ ૬૩ લાખ રૂ. વધુ નફો કર્યો છે.' છતાં રેલ્વેતંત્રમાં સગવડ કે બીજી બાબતો કરતાં જાનની સલામતિ પણ જોખમાઇ રહી છે, તેનું શું કારણ? જાન્યુઆરી મહિનામાં જ જોઇએ, તો ત્રણ ગંભીર અકસ્માતો થયા છે. '(૧) નોર્ધન રેલ્વેના અંબાલા–દીલ્હી વચ્ચે મોહરી સ્ટેશને ભયંકર રેલ્વે અકસ્માત તા. ૧–૧–૫૮ ના થયો. મેલટ્રેન, પેસેન્જર ટ્રેનના પાટા પર ચડી જતાં બન્ને ટ્રેનો અથડાઈ, ને ૩૫ મરણ, ૧૦૦ લગભગને ઇજા, મિલ્કતમાં લાખ્ખોનું નુકશાન. (૨) ૯–૧–૫૮ ના મુજફરનગરથી ૭૦ માઇલ દૂર સીવાન સ્ટેશને સવારે ઉભી રહેલી ગુડ્ઝ ટ્રેન સાથે લખનૌ એક્સ્પ્રેસ અથડાઇને અનેકના મૃત્યુ, ઈજા, તથા મિલ્કતમાં લાખ્ખોનું નુકશાન. (૩) ૨૩–૧–૫૮ ઓરીસ્સાના ગંજમ જીલ્લાના ચત્રાપુર સ્ટેશનથી ૬ માઇલ દૂર નરશીંગ સ્ટેશન આગળ હૈદ્રાબાદ–હાવરા એક્સ્પ્રેસ અને હૈદ્રાબાદ પેસેન્જર ટ્રેન રાત્રે ૧૦ વાગ્યે અથડાઇ પડયા જેમાં ગંભીર અકસ્માત થયેલ છે.' આમ કેવળ એક મહિનામાં ત્રણ તો ગંભીર ગમખ્વાર અકસ્માતો થયા છે. જ્યારે ટ્રેનો પાટા પરથી ઉતરી જાય, ઈજીનનું પૈડું ખસી જાય, તથા ઈજીન ખસી મોડું પડે, રસ્તા વચ્ચે જંગલમાં ઈજીન ફેલ થાય ઈત્યાદિ તો રોજની હકીકત બને છે. છેલ્લા દસ વર્ષમાં ભારતીય રેલ્વેમાં ને તેના તંત્રવાહકોમાં બેદરકારી, ફરજને અદા કરવાની નિષ્કાળજી તથા કર્તવ્યનિષ્ઠાનો સદંતર અભાવ દેખાઇ રહ્યો છે, તે પ્રત્યે નહેરૂ સરકારે આંખમીંચામણા કરે નહિ પાલવે! સવા વર્ષના ટુંકા ગાળામાં રેલ્વેએ મોટા પાંચ ગંભીર અકસ્માતો કર્યા છે. જેમાં બે તો જાન્યુ૦ ના ૨૫ દિવસોમાં, તેમ જ બીજા ત્રણ ૧૯૫૬ ના ઓકટોબરની બીજી તારીખે મહેબુબનગર રેલ્વે અકસ્માત કે જે આખી ટ્રેન પુલ પરથી પાણીમાં સરકી ગયેલી. જેમાં ૧૧૨ મુસાફરો મૃત્યુ પામ્યા હતા, બાદ નવેમ્બરની ૨૩ મી તારીખે ટુકી કોરીન રેલ્વે એક્ષપ્રેસ પુલ પરથી ઉથલી પડતાં ૧૩૭ મુસાફરો મૃત્યુ પામ્યા હતા, ને ૧૦૮ ને ઇજા થયેલી. બાદ ૨–૬–૫૭ ના મુંબઈ–વડાલા આગળ બે ગાડીઓ અથડી પડતાં ૧૮ મુસાફરો મૃત્યુ પામ્યા, ૬૫ ઘાયલ થયા. અને હમણાં નવેંબર–૫૭ ની ૨૩ મી તારીખે કલકત્તામેલ પાટા પરથી ઈગતપુરી આગળ ઉતરી પડતાં નવ મુસાફરો મરણ પામ્યા, ૪૬ ઘાયલ થયા, આ સિવાય બોટાદથી ડ્રાઈવર વિના ઈજીને દોડી જઈ,

ગમખ્વાર અકસ્માત સર્જાયો, એ હકીકત તો હજુ ગઇ કાલે જ જાણે બની હોય તેટલી તાજી છે.

આ બધું કેમ બનવા પામ્યું ? શું બધું વ્યવસ્થિત હોય છે, છતાં અકસ્માતો થાય છે ? રેલ્વે તંત્રની કે તેના સ્ટાફની બેદરકારી નહિ તો બીજું શું ? આમાં રેઢીયાળ તંત્ર જ જવાબદાર છે કે અન્ય કોઇ ? વ્યવસ્થાની દૃષ્ટિએ પણ ભારતીય તંત્રે શું શું પ્રગતિ કરી ? તેનો જવાબ પ્રજાસત્તાક તંત્રની હદ ઉપરાંતની બોલ-બાલા ગાનારા બુદ્ધિશાળી માનવો છાતી પર હાથ મૂકીને અમને આપશે ને ?

**શિસ્ત** તથા ચારિત્ર્યની દૃષ્ટિયે પણ ભારતે કશો જ નોંધપાત્ર સુધારો કે આશાસ્પદ ભાવિ દેખાડયું નથી. ભારતના નવયુવાનો ચારિત્ર્યમાં દિન-પ્રતિદિન પછાત પડતા જાય છે. દેશના આજના નવયુવાનોમાં વિલાસ, ટાપટીપ, નખરા તથા આછકલાપણું, સ્વચ્છંદાચાર વધી રહ્યા છે. તેમ જ નાગરિક તરીકેની જવાબદારી જેવું પણ જણાતું નથી. આ પરિસ્થિતિ લગભગ મોટા ભાગની છે. આ નવયુવાનો, દેશની બહાર પરદેશમાં પણ તેમની અસભ્યતા, તથા નિર્નાયકદશાના કારણે કેટલા અળખામણા બને છે, તેનું એક તાજું ઉદાહરણ લઈએ ! હમણા રશિયાના પાટનગર મોસ્કોમાં છઠ્ઠો યુવક મહોત્સવ યોજાયો હતો. જેમાં ૧૭ દેશના યુવકો આવ્યા હતા. ભારતના યુવકો પણ ત્યાં ગયા હતા. જેમાં તે યુવકોનાં વર્તનને અંગે તેમની સાથે ગયેલા હિંદી પત્રકારે જે પોતાનો અનુભવ વર્ણવ્યો છે તે વાંચતાં આપણને જરૂર દુઃખ થશે, તે પત્રકાર લખે છે કે, **'યુવક મહોત્સવ માટે મોસ્કો ગયેલા ભારતના જુદા-જુદા પ્રતિનિધિમંડળોમાં એકતા નહોતી, એટલું જ નહિ પણ ભારતના નામને કલંક ન લાગે એટલું જોવાની પણ તેમનામાં ખેવના ન હતી...** આ જુદા-જુદા ભારતીય પ્રતિનિધિ મંડળો ભારતના નામ નીચે જ્યારે ભેગા થતા, ત્યારે એક બીજા પ્રત્યે ઇર્ષ્યાનો આતશ પ્રજળી ઉઠતો હતો. બોલાચાલી થતી હતી. અને એક વેળા તો હાથોહાથ મારામારીનો બનાવ પણ બન્યો હતો. કેટલાક તો એમ જ માનતા હતા કે તેઓ મોસ્કો મહોત્સવમાં ભાગ લેવા નહિ, પણ ફક્ત મોજમજાહ કરવા જ આવ્યા છે. **ત્યાં શરાબ મળે તો તે મર્યાદિત રીતે પીવાને બદલે હદ ઉપરાંત પીવાના કારણે આપણા ભારતીય યુવકો છાકટા થઇ રસ્તા પર પડવાના બનાવો પણ નોંધાયા હતા.** બીજા દિવસે દુભાષીઆઓ ભારતીય પ્રતિનિધિમંડળ સમક્ષ આ બનાવોનું વર્ણન કરતા હતા, ત્યારે હિંદી તરીકે મસ્તક શરમથી નીચું નમી જતું હતું, આ ઉપરાંત બીજી પણ કેટલીક ગેરવર્તણુક ચલાવ્યાના દાખલા નોંધાયા છે...... અહિંથી ગએલા પ્રતિનિધિમંડળો એક-બીજાને મદદ કરવાને બદલે પરસ્પર નિંદા અને ટીકા કરતા, અને એક બીજા તરફ જાત-જાતની ફરિયાદો કરતા, ત્યારે ત્યાં હાજર રહેલા અન્ય દેશોના પ્રતિનિધિ મંડળોમાં ભારત વિષે શું છાપ પડી હશે ? તેની કલ્પના કરવી કઠીન નથી' (મુંબઇથી મોસ્કો: લે. બરજોર પાવરી પેજ ૧૪) આ બનાવમાં ભારત સરકારનું પરદેશ ખાતું કેટલે અંશે જવાબદાર છે, તેમ જ ત્યાં પણ કેટ-કેટલી લાગવગ ઘૂસી ગઈ છે. તેનો ખ્યાલ આપતાં આ લેખક જણાવે છે કે, 'ભારતથી આવેલા પ્રતિનિધિમંડળોની પસંદગીમાં કોઈ વ્યવસ્થિત ધોરણ સચવાયું ન હોતું, મૂળ હકીકત એ બની હતી કે, યુવક મહોત્સવની આંતરરાષ્ટ્રીય તૈયારી સમિતિએ ભારતમાંથી બે હજાર પ્રતિનિધિઓ માટે વ્યવસ્થા કરી હતી, પરંતુ આર્થિક સ્થિતિ તેમજ અન્ય કારણોને લઈને ભારત સરકારે ૮૦ થી વધારે પ્રતિનિધિઓ નહિ મોકલવાનો નિર્ણય કર્યો હતો, પણ પાછળથી આ વ્યવસ્થામાં છૂટ-છાટ મૂકવામાં આવી હતી. અને લગભગ ૨૦૦ જેટલા પ્રતિનિધિઓ મોસ્કો ગયા હતા, તેમની પસંદગીમાં કોઇ-પણ જાતનું ધોરણ સચવાયું નહોતું, સરકારના આ પ્રકારનાં પગલાંને લઇને યુવક મહોત્સવમાં વધુ પ્રતિનિધિઓ કઇ રીતે મોકલાય તેવા માર્ગો શોધી કાઢવામાં આવ્યા હતા...... પણ ભારતના પ્રતિનિધિઓમાં શિસ્તનો અભાવ હતો. ભવિષ્યમાં કોઈ પણ મહોત્સવ કે આંતરરાષ્ટ્રીય પ્રસંગો માટે પ્રતિનિધિમંડળો મોકલવામાં આવે ત્યારે સત્તાવાળાઓએ તેમની પસંદગી માટે ખૂબ કાળજી રાખવી જોઈશે.'

આ છે આપણા નવયુવાનોનું શિસ્ત તથા ચારિત્ર્યનું માપ ! જો કે બધા આવા છે તેવું નથી. છતાં આજના ભારતીય તંત્રમાં આ માટે તકેદારી કે ખબરદારી જોવામાં આવતી નથી. પણ શિસ્ત તથા ચારિત્ર્યનું ધોરણ હલકું બને તેવું જ વાતાવરણ સરજાઇ રહ્યું છે. તે જ હકીકત સામે અમારો વિનમ્ર વિરોધ છે.

હવે આપણે ભારતના કોંગ્રેસી વહિવટની દસ વર્ષની કારકીર્દી ધાર્મિક દૃષ્ટિએ કે ભારતીય મૂલ સંસ્કૃતિની દૃષ્ટિયે વિચારીએ. તો ખૂબ જ દુઃખ સાથે કહેવું પડશે કે, ધર્મનું મૂળ અહિંસા, જીવદયા કે પ્રાણીમાત્ર પ્રત્યે જે કરૂણા–તે બધાં સુંદર તત્ત્વોનો ભયંકર ઉપહાસ છડેચોક આજે કોંગ્રેસી વહિવટમાં થઇ રહ્યો છે. પ્રારંભમાં અનાજના સંરક્ષણ માટે વાનરો, રોજ, હરણો વગેરેના હિંસાનો પ્રચાર કરવામાં આવ્યો. ખુદ ગાંધીજી તથા મશરૂવાળા હયાત હતા, ત્યારે તેમણે પણ ખેતીનાં રક્ષણ માટે વાનરોને, રોજ કે હરણોને મારવાની જોર શોરથી હિમાયત કરી હતી. આજે તે કોંગ્રેસી તંત્રમાં ખેતીવાડીના રક્ષણ માટે માણસને મારવામાં પણ કોઈ જાતની દયા, સંકોચ કે કોમળતા રહી નથી, બધું યે પરવારી ગયું છે. તે માટે અમે મોઢાની વાતો નથી કરતા પણ નક્કર પૂરાવા સાથે આ સત્ય આક્ષેપ કરીએ છીએ, તા. ૧૯–૧–૫૮ રવિવારના સંદેશમાં નીચેનો અહેવાલ પ્રગટ થયો છે: **"કપાસ લૂંટનારાને બંદૂકથી ઠાર કરનાર ખેડૂતને અભિનંદન: કલેકટરના પ્રમુખપદે સમારંભ: સંરક્ષણ માટે ધન્યવાદ.**

વડોદરા, તા. ૧૬–ગઇ તા. ૧૦–૧૨–૫૭ ની રાત્રે રાણીપુરા ગામની સીમમાં આવેલા નવનીતલાલ શેઠના ખેતરમાં કપાસ લૂંટવા માટે નાયકાઓનું એક ટોળું ઉતરી પડેલું. આ ટોળાંની સામે થઇને શ્રી રામાભાઇ નામના ખેડૂતે તેઓનો હિંમત ભર્યો સામનો કરીને એક **નાયકાને બંદૂકથી મારેલો** અને કપાસ લૂંટાતો બચાવેલો, **હિંમતભર્યો સામનો કરવા બદલ શ્રી રામાભાઇને સન્માનવા માટેનો એક સમારંભ આજે બપોરે ત્રણ વાગ્યે સમલાયા મુકામે** (વડોદરા) **જીલ્લા કલેકટર શ્રી રમેશચંદ્ર દેસાઇના પ્રમુખ પદે** યોજવામાં આવ્યો હતો.' (સંદેશ: તા. ૧૯–૧–૫૮ પેજ ૩)

આ શું બતાવે છે ? ખેતરમાં કપાસ કે પાક લૂંટવા આવનારા માણસોને પણ મારી નાખવા એ સન્માનની વસ્તુ બને છે ! આ ગુન્હો નહિ, પણ કોંગ્રેસી વહિવટમાં સન્માનપાત્ર લોકોપકારી કાર્ય ? બ્રિટીશ ગવર્નમેન્ટના ૧૫૦ વર્ષના ઇતિહાસમાં આવું બન્યું સાંભળ્યું છે ?માણસને મારવા સુધીની આજે માનવમાં નઠોરતા તથા નિર્દયતા પ્રવેશી ચૂકી છે, અને તે પણ ખેતરના પાકના રક્ષણના બ્હાને ? શું કાયદો આના માટે કોઈ બંધન નહિ બતાવતો હોય ? અમે કાયદાની કે જે માનવે પોતાના સ્વાર્થ માટે ઉભો કર્યો છે, તેની વાત વચ્ચે લાવતા નથી, પણ ધર્મ, સંસ્કૃતિ તથા જીવદયાના નામે બોલીએ છીએ. પણ જડવાદની સામે દલીલ ન હોઇ શકે. એ વાત કબૂલીએ છીએ, પણ જડવાદનો અંધાપો કોંગ્રેસી-તંત્રમાં આટલો બધો વ્હેલો આવશે, તેમ અમે માનતા ન હતા.

આજે ખેતીના પાકના બ્હાને એક માણસ, હાથમાં બંદૂક લઇને એક માણસને ઠાર કરી શકે, તો કાલે એક માણસને એક માણસ સાથે વેર છે, રોષ છે, ડંખ છે, અને તેના ખેતર પર થઈને પેલો માણસ ચાલ્યો જાય છે, તો પાકના રક્ષણનાં નામે તે માણસ આ માણસને ઠાર કરી દેશે, આ શું ન બને ? આમ જો બને તો હિંસાવાદ ભયંકર રીતે ભારતમાં ફાલે–ફૂલે તેનો અમને ખૂબ જ ભય છે. આ બનાવ વાંચતા વિચારતાં અમારા હૈયા પર કારી ઘા પડે છે. આત્માને આઘાત લાગે છે. આ બનાવને છાપામાં પ્રસિદ્ધ થયે આજે ૧૦–૧૦ દિવસે થયા છતાં કોઇ જીવદયાપ્રેમી કેમ પોકાર ન પાડે ? આ ઓછો દુઃખદ બનાવ નથી ? ખૂણે ખાંચરે આવા બનાવો બનતા હોય કે જેમાં જમીન ખાતર, ઢોર-ઢાંખર ખાતર કે ખેતરના પાક ખાતર એક માણસે એક માણસનું ખૂન કર્યું. પણ આ બનાવ તેવો નથી. એક માણસ કપાસ લૂંટવા આવ્યો, માણસોનું ટોળું લૂંટવા આવ્યું, પણ તેને બંદૂકથી ઠાર કરવા

સુધીની હદે જવું ને તેમાં જીલ્લા કલેકટરના પ્રમુખ પદે તેનું સન્માન કરવું, આ કેવી જીવદયાપ્રેમીઓ માટે દુ:ખદ અને હૈયાને હચમચાવી મૂકનારી હકીકત છે.'

જીલ્લા કલેકટર આ પ્રસંગે શું બોલે છે ? તે પણ આજના કોંગ્રેસી તંત્રના હિંસક માનસની છેલ્લી હદ આવી જાય છે: તેઓ કહે છે કે, "ગામના લોકોને એવી બીક રહેતી હતી કે, **સંરક્ષણ માટે ખુન કરવું એ ગુન્હો છે, પરંતુ એ વાત ખોટી છે. ખરેખર એ તો અભિનંદનની વાત છે.** આપણે આપણા સંરક્ષણનો હક્ક જતો કરવો જોઇએ નહિં."

કોંગ્રેસને માનનારા કે તેના ઉત્કર્ષની વાતો કરનારા આ શબ્દોનો ભાવ અમને સમજાવશે ? માણસે પોતાના સંરક્ષણ માટે, જમીન. જાગીર કે જાનમાલના રક્ષણ માટે બીજા માનવનું ખૂન કરવું એ શું સન્માનપાત્ર ગુણ છે ? કોંગ્રેસીતંત્રની આ કમનશીબ નબળાઇ છે, આજે તે તંત્રમાં રહેલાઓ જીવદયા, અહિંસા, સંસ્કૃતિ કે આધ્યાત્મિક હેતુઓ માટેના સદ્‌ગુણોને ઓળખતા નથી, સમજતા નથી કે તેમાં માનનારા સમાજની ભાવના તથા લાગણીને પણ સમજતા નથી આ કેવી દુર્દશા કહેવાય ? ભારતીય પ્રજાજનો માટે ખરેખર આ અતિશય શોચનીય ગણાય ! જીવદયામાં માનનારી પ્રજાએ આ બધી પરિસ્થિતિનો અભ્યાસ કરીને આજના તંત્રની સામે પડકાર કરવા જાગ્રત રહેવું પડશે. ભૂલે ચૂકે વર્તમાન કોંગ્રેસીતંત્રની આવી નીતિ-રીતિ માટે તેને સન્માનવા કે તેની હા' માં હા મેળવવાનું કદિયે અવિચારી પગલું ભરવું નહિ.

卐

આજના સત્તારૂઢ પક્ષની બીજી નબળાઇ એ છે કે, તેઓ દરેક બાબતમાં પોતાનું ડહાપણ ડહોળવા બેસી જાય છે. રાજકારણથી માંડીને દરેકે દરેક પ્રશ્નોમાં તેઓ પોતાની જાતને સર્વજ્ઞ તથા સર્વશાસ્ત્રપારગામી માનીને ચૂકાદો આપવા બેસી જાય છે, ત્યારે ઘડીભર એમ થાય છે કે, આ પ્રધાનો જો મૌન રહેતા હોય તો કેવું સારૂં ! હમણાં મુંબઇ ખાતે તા. ૧૧-૧-૫૮ ના દિવસે ભારતના મધ્યસ્થ ખેતવાડી ખાતાના નાયબ પ્રધાન શ્રી કૃષ્ણપ્પાએ ૨૪ મા પોલ્ટીશોનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે, '**ઇંડાઓમાં પણ કેટલાક ઇંડાઓ શાકાહારી હોય છે,** એ ઘણા લોકો જાણતા પણ નથી. આવા ઇંડાઓમાં જીવ હોતા નથી અને મરઘાં વગર તેમની ઉત્પત્તિ કરવામાં આવે છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, '**શાકાહારીઓએ આવા ઇંડાઓ ખાવામાં કાંઇ વાંધો લેવો જોઇએ નહિ,** કારણ કે, એમાં જીવની હત્યા થતી નથી. એમાં હિંસાનો પ્રશ્ન રહેતો નથી.' (મુંબઇ સમાચાર—તા. ૧૩-૧-૫૮)

ભારતના નાયબપ્રધાનને એ ક્યાં ખબર છે કે જીવવિજ્ઞાન શાસ્ત્ર એ તમારા જેવા રાજકારણી માણસોનો વિષય નથી. જીવ કોને કહેવાય ? એ જાણવા માટે તમારે હિંદનું પ્રાચીન જીવવિજ્ઞાનશાસ્ત્ર જાણવું પડશે ! આજે ટયુબ દ્વારા યૂરોપમાં પુરુષના સંસર્ગ વિના સંતાનની ઉત્પત્તિ થાય છે, તેવું પ્રયોગથી સિદ્ધ થયું છે, તેથી શું તે સંતાન મનુષ્ય કે સચેતન પ્રાણી ન ગણાય ? ટ્યુબ દ્વારા પશુઓની વસ્તી વધારવાનું યૂરોપમાં ચાલી રહ્યું છે, તેથી તે પશુઓ શું વનસ્પતિ કહેવાય ? મરઘાના સંસર્ગ વિના ઇંડા ઉત્પન્ન થાય છે, તે વાત સાચી છે, પણ તે ઇંડામાંથી મરઘાના બચ્ચા ઉત્પન્ન થાય છે કે નહિ ? તો તે ઇંડાનું ભક્ષણ પંચેંદ્રિયજીવની હત્યા જ કહેવાય કે બીજું કાંઇ ? **રાજકારણમાં હોશિયારી મેળવી લીધા પછી બધાયે વિષયોમાં ચૂકાદા આપવાનું, તેમાં યે ધર્મશાસ્ત્રો, કે હિંસા-અહિંસાના સિદ્ધાંતો વિષે નિર્ણય આપવાનું જે ગેર ડહાપણ આ મહાનુભાવોના હાથે થઇ રહ્યું** છે, તે ખરેખર ધર્મમાં માનનારા અને ધાર્મિક લાગણીથી ભાવિત ધર્માનુરાગી માનવોની કોમલ લાગણીને આઘાતજક છે. જીવદયાની વાતો કરનારા નાયબપ્રધાનના હવે પછીના શબ્દો જુઓ ! તેઓ કહે છે કે, '૨ કરોડ ૧૦ લાખના ખર્ચે બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન મરઘાં બતકોના ઉછેર માટેની ખીલવણીની યોજના ઘડવામાં આવી છે... મરઘા બતકાના ઉછેર અંગે પ્રાદેશિક ધોરણે પાંચ


પાંચ ખેતરો ઉભા કરવામાં આવ્યા છે. મરઘા–બતકો માટે બીજા ૩૦૦ મથકો ઉભા કરવામાં આવેલ છે. દરેક ખેતરમાં ૨૦૦૦ પ્રાણીઓને ઉછેરવામાં આવશે, અને ત્યાંથી એ પ્રદેશમાં વહેંચણી માટે ૭૦ થી ૮૦ હજાર મરઘા–બતકાનાં બચ્ચાંઓ પૂરા પાડવામાં આવશે, વળી એ યોજનામાં ઇંડાઓ ઉછેરવાનું પણ ધ્યાન આપવામાં આવશે, ઇંડા સેવવાની શક્તિમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવશે અને હાલમાં ૧ લાખ ઇંડા સેવવાની શક્તિ વધીને ૧૦ લાખ ઇંડા સેવી શકાશે.'' (મુંબઇ સમાચાર–સાપ્તાહિક તા. ૧૨–૧–૫૮)

ભારત સરકારના ખેતીવાડી ખાતાના નાયબ પ્રધાને રજુ કરેલી મરઘા–બતકા ઉછેરની આ યોજના મરઘા–બતકાના વિકાસની નહિ, પણ તેના ઘોર વિનાશની છે. આ છે કોંગ્રેસી તંત્રની નિર્દય રીતે વધતી જતી જીવહિંસાનો આઘાતજનક અહેવાલ: છતાં દુઃખ એ વાતનું છે કે, પ્રજાના જીવદયાપ્રેમી વર્ગને ધોળે દિવસે આંખે પાટા બંધાવે છે, ને ઇંડાને વનસ્પત્યાહાર ઠરાવે છે; તો પછી મરઘા–બતકાં શું કામ ઉછેરે છે? ઝાડ–પાન વાવોને? મરઘાં–બતકાને જન્મ આપનાર ઝાડ–પાન કે તેના બીયાનાં નામ તો બતાવો એટલે ખબર પડે કે અમુક બી વાવવાથી મરઘા બતકાના ઇંડા ઉત્પન્ન થાય છે. ખરેખર દેશની આ કમનશીબી છે કે, ધમધોકાર માંસાહાર તથા જીવહિંસાનો પ્રચાર વધી રહ્યો છે. અને તેને જીવદયા તથા અહિંસાની વાતો કરનારા તથા અશોકચક્રનું રાષ્ટ્રચિહ્ન રાખીને ફરનારા તંત્રવાહકોનાં રાજ્યમાં?

卐

૧૯૫૮ ની ૨૬ મી જાન્યુ૦ ના પ્રજાસત્તાક દિવસને ઉજવીને કોંગ્રેસતંત્રની અગણિત સિદ્ધિઓની બિરૂદાવલિ બોલનારા સહૃદય મહાનુભાવોને એજ કહેવાનું છે કે, તેઓ કોઇ પણ પ્રકારના પૂર્વગ્રહ સિવાય શાંત તથા સ્વસ્થચિત્તે, આ કોલમોમાં નિષ્પક્ષભાવે કોઇપણ જાતના પક્ષીય કે રાજકારણમાં સત્તા મેળવવાની કે હરિફાઇ કરવાની ભાવના વિના અમે જે જે ઉપરોક્ત હકીકતો નક્કર દાખલાઓ. પૂરાવાઓ સાથે રજુ કરી છે, તે પર વાંચે, વિચારે ને શુદ્ધ, સ્વચ્છ દિલે આ લખાણ લખનારનાં આશયને સમજી, સાર-અસારનો નિર્ણય કરવાનું તેઓ તથા સર્વ કોઈ સામર્થ્ય પ્રાપ્ત કરે એજ એક શુભ ભાવના !

તા. ૨૯–૧–૫૮



शास्त्रीय अने कलात्मक दृष्टिअे
तैयार थाय छे

**पालखी**

चांदी तथा जरमन पतराथी
के सीलवर ओइलपेइन्टथी
तैयार करी आपवामां आवे छे.

●

चांदीना रथ तथा इन्द्रध्वजा
वगेरे बनावनार

**मीस्त्री**
**व्रिजलाल रामनाथ**
**पालीताणा** [ सौराष्ट्र ]

# સ મા ચા ર સા ર

**દેરાસર તથા ઉપાશ્રય થયા :** પૂ૦ આ૦ મ૦ શ્રીમદ્ રંગવિમલસૂરીશ્વરજી મહારાજશ્રીને સપરિવાર કુચાવાડા પધારવા શેઠ મુલચંદભાઈ આદિની વિનંતિ હતી, આથી પૂ૦ આચાર્યદેવશ્રી સપરિવાર પોષ સુદિ ૧૦ ના કુચાવાડા પધાર્યા હતા. તેઓશ્રીનું ભવ્ય સામૈયું થયું હતું. ખીમતથી ૨૫૦ ભાઈ-બ્હેનો આવ્યા હતા. આખું ગામ શણગાર્યું હતું, શા રવચંદ પેથાચંદ તરફથી બંને ટંકનું સાધર્મિક વાત્સલ્ય થયેલ, સુદિ ૧૧ ના શા મુલચંદ પ્રેમચંદ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ, બંને દિવસે પૂજા ભણાવાઇ હતી, આબુરોડથી ડીસાના રસ્તે સાધુ-સાધ્વીજીની વિહાર ભૂમિ છે, તેમાં કુચાવાડા આવે છે,શ્રાવકોના ૧૨ ઘર છે, પણ દેરાસર તથા ઉપાશ્રય નથી, તે માટે પૂ૦ આચાર્યદેવશ્રીના સદુપદેશથી નીચેની રકમો ભરાઇ, અને બાર મહિનામાં તે કાર્ય પૂર્ણ કરવાનો નિર્ણય લેવાયો, રૂ. ૧૧૦૧ શા રવચંદ પેથાચંદ, ૮૦૧ શા છોગાજી લખમાજી તથા ૭૦૧, શા ધરમચંદ પ્રેમચંદ, ૫૦૧ શા ચેનાજી નવલાજી, ૩૫૧ શા પ્રતાપજી નવલાજી, ૩૫૧ શા પુનમાજી કસ્તુરજી, રૂા. ૩૦૧ શા વેનાજી દેવીચંદજી અને એ સિવાય અન્ય ૩ ભાઇઓએ ૫૦૦ ભરાવ્યા હતા.કુલ ૪૫૦૦ ઉપર રકમ ભરાઇ હતી. પૂ૦ આચાર્યદેવશ્રી તથા પૂ૦ મુનિરાજ શ્રી કનકવિમળજી આદિ શ્રી સંઘ સાથે વિરોલ પધાર્યા હતા, ત્યાં એક ટંકનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. ત્યાંથી તેઓ શ્રી ખીમત પોષ સુદિ ૧૪ ના પધાર્યા હતા. અત્રે સ્થિરતા થવા સંભવ છે.

**નવકારમંત્રનો અદ્દભુત પ્રભાવ** :પૂ૦ મુનિરાજ શ્રી પ્રીતિવિજયજી મહારાજશ્રી આદિ ઠા૦ ૨ ધમતરીથી કા૦ વદિ બીજના વિહાર કરી જગદલપુર તરફ પધારતાં રસ્તો જંગલ તથા પહાડોનો હોઇ હિંસક વાઘ આદિ પ્રાણીઓ રસ્તામાં સામે મળતાં. છતાં પૂ૦ મહારાજશ્રી નવકારમંત્રનું રટણ કરતા હતા, તેથી આવા વિકટ પ્રસંગોમાં નિર્વિઘ્ને તેઓ વિહાર કરતા. વાઘ આદિ છલંગ મારી દૂર ચાલ્યા જતા. પૂ૦ મહારાજશ્રી જગદલપુર સ્થિરતા કરી ઝાડી જેપુર પધારશે. નવકારમંત્રનો પ્રભાવ અદ્દભુત છે, તે શ્રદ્ધા આથી સર્વની વિશેષ દ્દઢ થઈ.

**વિદ્યાપીઠના કાર્યવાહકો તથા હિતેચ્છકોની મિટિંગ :** ભારતીય જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના કાર્યવાહકો તથા હિતચિંતકોની એક મિટીંગ પુનાના જજ શ્રી અમૃતલાલ કાળીદાસના પ્રમુખપદે પૂ૦ મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મ૦ શ્રીની શુભ નિશ્રામાં મુરબાડ ( જી. થાણા ) ખાતે ૧૨-૧-૫૮ ના રોજ યોજાઇ હતી. જુદા-જુદા સ્થલોયેથી હાજરી સારી હતી. શ્રી સંઘે સૌનું સન્માન કર્યું હતું. રતલામ મિટીંગનો અહેવાલ તથા રીપોર્ટ માનદ મંત્રી શ્રી બાબુભાઇ એન. મોદીએ વાંચેલ. સંદેશાઓનું વાંચન થયેલ. સંસ્થાની ઉપયોગિતા માટે સૌએ ભાર મૂકેલ. સંસ્થાને વધુ સદ્ધર બનાવવા તન, મન અને ધનથી સહાય કરવા સૌને આગ્રહભરી વિનંતિ થયેલ. અહેવાલ અને હિસાબને મંજુરી આપી સૌએ સંતોષ વ્યક્ત કરેલ.

**વાર્ષિક સ્નેહ સંમેલન :** ગોધરા ખાતે શ્રી ઋદ્ધિવિજયજી જૈન પાઠશાળાનું ૫ મું વાર્ષિક સ્નેહ સંમેલન લુણાવાડાની સડક પર આવેલા 'બાઇરાણી માતા' ના પુરાણા સ્થળે તા. ૨૯-૧૨-૫૭ રવિવારના યોજવામાં આવેલ. શાળાના ૨૭૫ જેટલા અભ્યાસકો તથા ખાસ આમંત્રિત પાઠશાળામાં રસ ધરાવનારા ૭૦ થી ૭૫ સદ્ગૃહસ્થો આવેલ. ધાર્મિક પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓને આવા સ્નેહસંમેલનોથી ઉત્સાહની વૃદ્ધિ થાય તે અંગે અધ્યાપક શ્રી ઉમંગલાલ જે. શાહે યોગ્ય વિવેચન કરેલ. વિદ્યાર્થીઓ સરઘસાકારે આવી પહોંચ્યા હતા. બાળકો માટે મોટરની વ્યવસ્થા થયેલ બપોરના ભોજન સમારંભ થયેલ. બાદ ૫.૨ વાગે બધા પાછા આવેલ. આ સમારંભનો ૩૦૦ રૂા. લગભગનો ખર્ચ શ્રી રમણલાલ ગીરધરલાલ દોશી તરફથી મલ્યો હતો.

**શ્રી જૈન સભા તરફથી અવધાન પ્રયોગ :** શ્રી જૈનસભા કલકત્તા તરફથી પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તીય પૂ૦ સાધ્વીજી શ્રી નિર્મલાશ્રીજીના શતાવધાન પ્રયોગો, જી. ડી. બીરલા હીંદી હાઇસ્કુલના હોલમાં રાખવામાં આવેલ; જેનું સંચાલન પં૦ શ્રી ધીરજલાલ ટોકરશી શાહે કર્યું હતુ.

**વર્ષો જૂનો કુસંપ દૂર થયો :** ખીમત (રાજસ્થાન) ના શ્રી જૈન સંઘમાં આકારાણી તથા જોગાણી કુટુંબમાં અમુક પ્રસંગને અંગે છેલ્લા સાત વર્ષથી પરસ્પર ભયંકર કુસંપ હતો. તેમાં સમાધાન કરાવવાના અનેક પ્રયત્નો થયેલ, પણ તે બધા નિષ્ફળ ગયેલ. વિ૦ સં૦ ૨૦૧૩ ના ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ૦ આચાર્ય મ૦ શ્રી રંગવિમલસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં અનેક ધર્મપ્રભાવના થયેલ. તેઓશ્રીની સતત શુભપ્રેરણાથી અને છ ઉપવાસ કરીને કહ્યું કે, 'સમાધાન કરો તો જ પારણું કરૂં' છેવટે તે તે પક્ષના બંને વડિલોને લવાદ સ્થાપ્યા, ને તેમણે પૂ૦ આ૦ મ૦ શ્રીની અધ્યક્ષતામાં જે નિર્ણય સંભળાવ્યો, તે સર્વેએ કબૂલ રાખ્યો, ને સંઘમાં શાંતિ સ્થપાઈ.

**પાનસર તીર્થની કમિટિમાં નિમાયા :** પાનસર તીર્થની વહિવટદાર કમિટિની ખાલી પડેલી ચાર જગ્યાએ નીચે મુજબ સદ્‌ગૃહસ્થોની નીમણુક થઈ છે. (૧) શેઠ રમેશભાઇ બકુભાઇ, (૨) શેઠ ચીમનલાલ કેશવલાલ કડીઆ, (૩) શેઠ મોહનલાલ જમનાદાસ અને (૪) શેઠ લાલભાઈ ગીરધરલાલ.

**મદ્રાસમાં વનસ્પત્યાહારી પરિષદ :** અત્રે વિશ્વવનસ્પત્યાહારી પરિષદ મળી ગઇ, તેને અંગેની વ્યવસ્થા આદિના ખર્ચાઓમાં ૭૦ ટકા જૈનોની રકમ વપરાઇ. પરિણામ ઉલટું આવ્યું, શાકાહાર પરિષદમાં જે જે કારણો માંસાહારની વિરૂદ્ધમાં આપ્યા તેનો અત્રે હિંદુ, ઇન્ડીયન એક્ષ્પ્રેસ, આદિ દૈનિક પત્રોએ માંસાહારની તરફેણમાં આપી લોકમાનસને ભ્રમિત કરવા પ્રયત્નો કર્યા. વનસ્પત્યાહારી પરિષદના નામે અહિં હિંસાવિરૂદ્ધ કશું જ આંદોલન જાગ્રત કરી શકાયું નહિ, ને હજારોનો ખર્ચ પ્રચાર માટે થયો, તે વધારામાં.

**ધાર્મિક પરીક્ષા અને મેળાવડા :** શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણા તરફથી પરીક્ષક રામચંદ ડી. શાહે પોષ સુદિ બીજ–ત્રીજે નારમાં જઇ, ત્યાં સ્થાનિક આગેવાનોને કહી પાઠશાળાની સ્થાપના માટે પ્રેરણા કરેલ. પટેલ સોમાભાઇ શિવલાલે એક વર્ષનો ખર્ચ આપવાનું નક્કી કરતા પાઠશાળાનું ઉદ્‌ઘાટન થયેલ. પતાસાં, આદિની પ્રભાવના થયેલ. સુદિ ૪ ના પેટલાદ–રતનપોળ જૈન પાઠશાળાની પરીક્ષા લીધેલ. અધ્યાપક શ્રી જયંતિલાલ સેવાભાવે શિક્ષણ આપે છે. પરિણામ સંતોષકારક આવેલ– ધાર્મિક શિક્ષણને અંગે સૂચના કરેલ. અભ્યાસકોને ઇનામો અપાયેલ. ત્યાં લીમડી શેરીમાં પાઠશાળા બંધ હતી, તે શરૂ કરાવવા પ્રેરણા કરી ને સુદિ પાંચમના શરૂ થઇ. અંતે પેંડાની પ્રભાવના થયેલ. પોષ સુદિ ૬ ના તારાપુર જૈન પાઠશાળાની પરીક્ષા લીધી. યોગ્ય પ્રેરણા કરી, ને અભ્યાસકોને પેંડાની પ્રભાવના થયેલ. પોષ સુદિ ૯–૧૦–૧૧ ના રોજ ડભોઇ શ્રી આત્માનંદ પાઠશાળાની પરીક્ષા લેવામાં આવેલ. પરિણામ સંતોષકારક આવેલ. વસતિનું પ્રમાણ વિશેષ હોવાથી અભ્યાસકોની સંખ્યા વિશેષ રહે છે, એટલે એક શિક્ષકથી પહોંચી વળાય તેમ નથી, આથી પાઠશાળા માટે અન્ય સહાયક શિક્ષકની જરૂર ખરી. પરીક્ષાનો મેળાવડો ચૈત્ર સુદિ ૧૩ ઉપર રાખેલ છે. પાઠશાળાની સભા બોલાવાયેલ, સૂચના થયેલ. પ્રભાવના થઈ હતી.

**વીશા શ્રીમાળી વણિક જૈન બોર્ડીંગ :** જામનગર ખાતે શ્રી માનસંઘ મંગળજી સૌરાષ્ટ્ર વી૦ શ્રી૦ વણિક જૈન બોર્ડીંગની કાર્યવાહક કમિટિની ત્રિમાસિક બેઠક તા. ૧૯–૧–૫૮ ના મળી હતી, હિસાબી કામકાજ ઉપરાંત ધાર્મિક પરીક્ષામાં બેસનાર તથા ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો સાથે રૂા. ૮૪, નું રોકડ ઈનામ પટેલ જેઠાભાઇ પાનાચંદ પડધરીવાળાનાં શુભ હસ્તે અપાવેલ. રૂા. ૩૦ તેઓએ પોતાના તરફથી આપેલ. છાત્રાલયમાં ધાર્મિક શિક્ષણને મહત્ત્વનું સ્થાન મલે છે, તે જાણી સૌએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

**માલવામાં પાઠશાળા માટે પ્રેરણા :** પૂ૦ મુનિરાજ શ્રી ચિદાનંદ મુનિજી મ૦ તથા બાલમુનિ પૂ૦ શ્રી મૃગેન્દ્રમુનિજી મહારાજ બદનાવર પધાર્યા હતા. ત્યાં તેઓશ્રીની પ્રેરણાથી જૈન પાઠશાળા શરૂ થઇ છે. વડનગરમાં તેઓશ્રીએ બાળાઓની ધાર્મિક પરીક્ષા લીધી હતી. અને શેઠ માનાજી કસ્તુરચંદજી તરફથી પ્રભાવના થયેલ. પૂ૦ મહારાજશ્રીએ બાળકોની પાઠશાળા માટે પ્રેરણા કરતાં શ્રી સાગરમલજીએ સેવા

ભાવે અધ્યાપન કરાવવાનું સ્વીકારેલ છે. માસિક ઈનામોની વ્યવસ્થા થઈ હતી. પૂ૦ મહારાજશ્રી ગૌતમપુરા પધારતાં પાઠશાળા માટે ઉપદેશ આપેલ. તરત જ શ્રી મનસુખલાલ મગનલાલભાઇએ ફંડ કરી, પાઠશાળા ચાલુ કરી કાયમી ચલાવવાની જવાબદારી લીધી. દેપાલપુરમાં પાઠશાળા બંધ હતી, પૂ૦ મહારાજશ્રીના ઉપદેશથી ફરી ચાલુ થઇ અને બે ટાઇમ માટે ભણાવવાનું શરૂ થયેલ છે. માસિક ઇનામ, માસ્તરનો પગાર ઈત્યાદિની વ્યવસ્થા થઇ છે. શ્રી તનસુખલાલભાઈ સારો રસ ધરાવે છે.

**છાણી ગામમાં ભવ્ય દીક્ષા મહોત્સવ :** પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર છાણીગામમાં પધાર્યા, ત્યારથી ધાર્મિક વાતાવરણ દિન-પ્રતિદિન ચૈતન્યવંતુ બનેલ. તેઓશ્રીની શુભનિશ્રામાં ઉપધાન તપ, ઉધાપન-માળારોપણ મહોત્સવ. પદપ્રદાન મહોત્સવ ઈત્યાદિ મહોત્સવો ભવ્ય સમારોહપૂર્વક ઉજવાયેલ. પાંચ-પાંચ પુણ્યવાન ભાઇ-બ્હેનોની દીક્ષાઓ પણ અદ્વિતીય મહોત્સવોથી થઇ. તેમાં માગશર સુદિ ૧૫ ના મહામંગલકારી દિવસે અત્રેના ધર્માનુરાગી શ્રેષ્ઠિવર્ય્ય શ્રી સોમચંદ ગીરધરભાઇના બાળબ્રહ્મચારી ૧૪ વર્ષની વયના સુપુત્ર ભાગ્યશાલી ભાઇ મહેશકુમારનો અદ્‌ભુત દીક્ષા મહોત્સવ બધા મહોત્સવોમાં અનુપમ હતો. સવારમાં નવ વાગે સોમચંદભાઇના ગૃહાંગણેથી વરઘોડો નીકળ્યો હતો. મહેશભાઇ છૂટે હાથે વર્ષીદાન આપતા હતા. પૂ૦ આચાર્યદેવેશની શુભ નિશ્રામાં વરઘોડો આવતાં વિશાલ વ્યાખ્યાન હોલમાં દીક્ષાની ક્રિયા શરૂ થયેલ. દિગ્બંધનાવસરે બાલમુનિશ્રીનું શુભ નામ વારિષેણવિજયજી રાખી, તેમને પૂ૦ મુનિરાજ શ્રી પુણ્યવિજયજીના શિષ્ય કરેલ પૂ૦ આચાયદેવે તથા પૂ૦ પંન્યાસજી મ૦ શ્રી વિક્રમવિજયજી ગણિવરે હિતશિક્ષા આપી હતી, જૈન બાલ-યુવક મંડળ તરફથી વૈરાગ્ય રંગથી રંગાયેલા ભાઈ મહેશકુમારને અંતરની ભાવોર્મિથી અભિનંદનપત્ર અપાયેલ. જેનો તેમણે સુંદર શબ્દોમાં જવાબ આપેલ. આ અવસરે વડોદરા, મુંબઇ આદિથી ઘણા ભાવિકો પધાર્યા હતા. માગશર વદિ ત્રીજના પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ સપરિવાર વિહાર કરી વડોદરા-મામાની પોળે પધાર્યા, છે. ત્યાંથી તેઓશ્રી પાદરા પધાર્યા હતા.

**'જિન પૂજાપદ્ધતિ' પુસ્તિકાને અંગે કદાગ્રહ :** વર્ષોથી રાજસ્થાનના પ્રદેશોમાં વિચરી રહેલા પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કલ્યાણવિજયજીએ જિનપૂજાની પદ્ધતિ પુસ્તિકા લખીને પોતાના એકાંગી જ્ઞાનનો વિકૃત પરિચય સમાજને કરાવ્યો છે. જૈન શ્વે૦ મૂર્તિપૂજક સમાજમાં પૂ૦ સુવિહીત પાપભીરૂ મહાપુરુષોની પરંપરાથી ચાલી આવતી નિત્ય અષ્ટપ્રકારી પૂજાની વિધિ સામે જે કાંઈ અશાસ્ત્રીય પ્રચાર કરી, સમાજના અજ્ઞાન ભદ્રિક વર્ગને ઉંધી દોરવણી આપવા તેઓએ પ્રયત્ન કર્યો છે, તે સામે રાજસ્થાન સંસ્કૃતિરક્ષક સભા-બ્યાવરનું પ્રતિનિધિમંડળ મહારાજ શ્રી પાસે તા. ૧૦-૧૨-૫૭ના રોજ જાલોર ગયેલ. અને પૂ૦ આ૦ મ૦ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ, આદિ સમાજના અગ્રગણ્ય આચાર્યદેવોના અભિપ્રાયો દર્શાવ્યા હતા. તેમ જ જાલોરના શ્રી નંદીશ્વરદ્વીપ જિનાલયમાં જે અશાસ્ત્રીય પ્રવૃત્તિ દાખલ થઈ છે, તે માટે પ્રતિનિધિમંડલે જિનાલયના વ્યવસ્થાપકોની પણ મુલાકાત લઈ, જિનાલયમાં જે અશાસ્ત્રીય પદ્ધતિ હમણાં દાખલ થઈ છે, તે બંધ કરવા સમજાવ્યું, છતાં પં૦ શ્રી કલ્યાણવિજયજી મહારાજે પોતાને આગ્રહ મૂકયો નહિ. જૈન સમાજના લગભગ પ્રતિષ્ઠિત આચાર્યોના અભિપ્રાયો નિત્ય સ્નાત્ર પૂજા માટે હોવા છતાં તેની અવગણના કરવામાં આવી. આ પ્રતિનિધિ મંડળમાં બ્યાવર, જોધપુર આદિના જૈન સદ્‌ગૃહસ્થો હતા.

**માલવ પ્રદેશમાં ભવ્ય પ્રવેશ મહોત્સવ :** પૂ૦ આચાર્ય મ૦ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂ૦ ઉપાધ્યાયજી મ૦ શ્રી ચારિત્રવિજયજી ગણિ આદિ વિશાલ શિષ્ય પરિવાર સાથે ઝાંસીથી વિહાર કરી, શિવપુરી, ગુના વગેરે સ્થળોમાં વિહાર કરતાં પોષ સુદિ ૧૪ શનિવારે બ્યાવરા પધાર્યા હતા. સુદિ ૧૫ રવિવારના ત્યાં તેઓશ્રીનાં દર્શનાર્થે ઉજ્જૈન, દેવાસ ઈત્યાદિ ગામોના સંઘો આવ્યા હતા. ત્યાંથી પૂ૦ શ્રી સાજાપુર પધારતાં દેવાસ શ્રી સંઘ તરફથી નાથુલાલ દલીચંદ ચોધરી આદિ તથા ઉજ્જૈનથી શેઠ ડુંગરશીભાઇ આદિ ગયેલ. બધા સંઘોની વિનંતિનો જવાબ મક્ષીજી તીર્થમાં આપવા જણાવ્યું હતું. પોષ

વદિ ૭ ના પૂ૦ આચાર્યદેવશ્રી સપરિવાર મક્ષીજી પધારતાં ઉજ્જૈન, રતલામ, ઇંદોર, દેવાસ, ટોંક ઇત્યાદિના લગભગ ૪૦૦ થી ૫૦૦ ભાઇઓ પૂ૦ શ્રીની સામે ગયા હતા. સામૈયાપૂર્વક આચાર્યદેવનો પ્રવેશ થયેલ. શ્રી જિનમંદિરમાં દર્શન–ચૈત્યવંદનાદિ કરી, ધર્મશાળામાં પધાર્યા ને ત્યાં દેશના આપેલ. તેજરાજજી આદિ રતલામ શ્રી સંઘના આગેવાનભાઈઓનો અતિશય આગ્રહ રતલામ માટે હતો. છતાં પૂ૦ શ્રીએ વર્તમાન વાતાવરણમાં રતલામ જવું લાભદાયી છે કે નહિ તે વિચાર્યા વિના ઉતાવળથી જવાબ નહિ આપવા કહેલ. પણ જ્યારે રતલામ સંઘ ખૂબ જ ખીન્ન થઈ ગયો, ત્યારે તેમની કેવળ પ્રસન્નતા ખાતર આગ્રહ સ્વીકાર્યો. ગોધરા સંઘના ભાઇઓ પણ આવેલ. મક્ષીજીમાં ઉજ્જૈનથી શેઠ ચતુરદાસ પરશોતમની પેઢી તરફથી શેઠ ડુંગરશીભાઇ, શેઠ બબાભાઇ, શેઠ ત્રિકમલાલભાઈ શાહ કસ્તુરચંદ નાનાલાલ આદિ ગયેલ. રતલામ સંઘ તરફથી તેજરાજજી ગાંધી, ધુળજીભાઇ, શ્રી જૈન સંયુક્ત સંઘનું બેંડ પણ આવેલ. દેવાસવાળા શેઠ નાથુલાલ આદિ આવેલ. વદિ ૭ ના ઉજ્જૈન સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયેલ. દેવાસ, ઇંદોર, ઉજ્જૈન અને રતલામ સંઘની વિનંતિનો સ્વીકાર થયો હતો, ગોધરા શ્રી સંઘ તરફથી પણ ત્યાં કેટલાક ભાઈઓ આવ્યા હતા, વદિ ૧૦ ની બપોરના મક્ષીજીથી વિહાર કરી, પૂ૦ શ્રી વદિ ૧૨ ના દેવાસ પધાર્યા હતા. ઠાઠપૂર્વક સામૈયું થયેલ. બહારગામથી સંખ્યાબંધ ભાઇઓ આવ્યા હતા. દેવાસથી પૂ૦ પાદ શ્રી ઇંદોર પોષ વદિ ૦)) રવિવારના ભવ્ય સ્વાગત પૂર્વક પધારેલ. મહા સુદિ બીજના ત્યાંથી વિહાર કરી, માહ સુદિ ૫ ના ફીગંજ–માધવનગર પધાર્યા હતા. બીજે દિવસે ઉજ્જૈનમાં ભવ્ય સામૈયાપૂર્વક તેઓશ્રીનો પ્રવેશ થયો હતો. ઠેર-ઠેર ગંહૂલિઓ થઇ હતી. વ્યાખ્યાનમાં ઇતર દર્શનીઓએ પણ સારો લાભ લીધેલ. સુદિ ૭ ના તેઓશ્રી ઉજ્જૈનથી વિહાર કરી માહ સુદિ ૧૩ રવિવારના રતલામ પધારનાર છે. ત્યાંથી વદિ ૧૩ તા. ૧૬–૨–૫૮ રવિવારના ગોધરા, ત્યાંથી લડિમાદ, માતર થઈ તેઓશ્રી ફાગણ વદના પહેલા અઠવાડીયામાં અમદાવાદ પધારવા સંભવ છે.

**પરીક્ષાઓ અને મેળાવડા :** શ્રી મહેસાણા પાઠશાળા તરફથી રામચંદ ડી. શાહ પોષ સુદિ ૧૧ થી ૧૩ છાણી ખાતે ગયેલ. અહિં જૈન પાઠશાળા જે આઠ મહિનાથી બંધ હતી, તે શરૂ કરાવેલ. બાદ અભ્યાસકોને શ્રી સંઘ તરફથી પ્રભાવના થયેલ. સુદિ ૧૪–૧૫ તેઓ પાદરા ગયેલ. જૈન પાઠશાળાની વીઝીટ લીધી. પાઠશાળા અવ્યવસ્થિત છે. પ્રેરણા કરી બ્હેન શિક્ષિકાનું નક્કી કરેલ છે. દરાપુરા પોષ વદિ ૧ ના આવ્યા, પાઠશાળાની પરીક્ષા લીધી. પરિણામ ઠીક આવ્યું. ઈનામો અપાયેલ. માસર રોડ પોષ વદિ ૨–૩ ના રોજ પાઠશાળા માટે શ્રી સંઘને સૂચના કરી, એક વર્ષનું ફંડ નક્કી થયું, એ રીતે ભરૂચ શ્રીમાળી પોળમાં પાઠશાળા શરૂ કરાવી. જંબૂસર, આમોદ, ભરૂચ–વેજલપોર, પાલેજ, કરજણ, મીયાગામ, સીનોર આ બધા ગામોમાં પરીક્ષકે પાઠશાળાઓની પરીક્ષા લીધી હતી. પરિણામ ઠીક આવેલ. પરીક્ષકની પ્રેરણાથી મેળાવડા થયેલ ને અભ્યાસકોને પારિતોષિકો વહેંચાયેલ.

**પૂ૦ સ્વ૦ આચાર્યદેવની સ્વર્ગારોહણ તિથિ:** પૂ૦ સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીની ૨૨ મી સ્વર્ગારોહણતિથિની ઉજવણી ખંભાત અમર જૈન શાળામાં મહા સુદિ બીજના ઉજવવામાં આવેલ. પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી મહારાજે ચતુર્વિધ સંઘ સમક્ષ પૂ૦ સ્વર્ગીય સૂરીશ્વરજીના જીવન પ્રસંગો પર મર્મસ્પર્શી વિવેચન કર્યું હતું. પૂ૦ સૂરિદેવશ્રીના હૃદયની સરળતા. સંયમીજીવનની દૃઢતા, આશ્રિતો પ્રત્યે નિષ્કામ હિતવત્સલતા ઇત્યાદિ ગુણો વિષે પૂ૦ મહારાજશ્રીએ પ્રેરણા આપેલી. બપોરે પૂજા ભણાવાઈ હતી, અત્રેના જ્ઞાનભંડારોની મુદ્રિત તથા હસ્તલિખિત પ્રતો, પુસ્તકોની વ્યવસ્થાના કારણે પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી સપરિવાર રોકાયેલા. તેઓશ્રી મહા સુદિ ૧૩ ના પૂ૦ પં૦ મ૦ શ્રી સુબુદ્ધિવિજયજી, પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી આદિ ઠા૦ ૭ સાથે બોરસદ બાજુ વિહાર કરી પધારશે. પૂ૦ મુનિરાજ શ્રી પૂર્ણભદ્રવિજયજીએ ૪૪, ૪૫, ૪૬ ઓળીઓ અહિં કરેલી, તેઓને ૪૭ મી ઓળી હાલ ચાલુ છે. પૂ૦ મુનિરાજ શ્રી પૂર્ણાનંદવિજયજીએ ૨૭,

૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ ઓળીઓ અહિં કરી છે, હાલ તેઓશ્રીને ૩૩ મી ઓળી ચાલે છે.

**પટણાથી કાનપુર :** પૂ૦ આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી ઠા૦ ૧૩, પટણાથી કાર્તિક વદિ ૬ના વિહાર કરી, બાંકીપુરા પધાર્યા હતા. ત્યાં શ્રી સંઘ તેઓશ્રીને વળાવવા આવેલ. ત્યાંથી તેઓ શ્રી દાનાપુર પધાર્યા, હંમેશાં લગભગ દસ માઇલ ઉપરાંતનો વિહાર કરતાં તેઓશ્રી ચંદ્રાવતી નગરીમાં મહા સુદિ ૮ ના પધાર્યા. શ્રી ચંદ્રપ્રભ સ્વામીનાં ચાર કલ્યાણકોથી પવિત્રભૂમિની સ્પર્શના કરી, પ્રભુના દર્શન કર્યા, બાદ સિંહપુરી, શ્રી શ્રેયાંસનાથ પ્રભુનાં ચાર કલ્યાણકોથી પવિત્ર તીર્થભૂમિમાં પધાર્યા. બાદ ભેલુપુર, ભેદિની થઇ બનારસ પધાર્યા. મૌન એકાદશી અહિં કરી, બાદ પોષ દસમીએ અયોધ્યા પધાર્યા. અત્રેથી કાનપુર થઇ ભોપાલના રસ્તે તેઓશ્રી માલવામાં પધારશે.

**રતલામમાં ફરી શિવલિંગ જિનમંદિરમાં :** રતલામ શ્રી શાંતિનાથજી જિનાલયના પ્રકરણમાં તોફાન કાંઈ શાંત પડયું હતું. ૧૫૪ મી કલમનો અમલ ચાલુ હતો. ને કોઇ અસંતુષ્ટ માણસ તા. ૨૪-૧૨-૫૭ ની રાત્રે શાંતિનાથજી ભ૦ ના જિનાલયમાં જ્યાં સરકારી સખ્ત જાપ્તો છે, ત્યાં શિવલિંગ મૂકી આવેલ છે, રતલામ ડીસ્ટ્રીક પોલીસે આ માટે નિવેદન પ્રસિદ્ધ કરી, આ કૃત્ય કરનારને પકડવા પોલીસ તપાસ કરી રહી છે એ જણાવેલ છે. અને શિવલિંગ હઠાવી દીધું છે, તેમજ જિનાલયમાં બિરાજીત મૂર્તિઓ બરાબર છે તેમ જણાવે છે.

**કોર્ટ તિરસ્કાર માટે સજા :** રતલામના 'જન ઘોષ' દૈનિક પત્રના સંપાદક ઇશ્વરલાલ પલ્લીવાલ તેમણે જનઘોષ પત્રમાં 'હરહર મહાદેવ' નામની કવિતા છાપી હતી, જેમાં ઇંદોર કોર્ટના શાંતિનાથ જિનાલયના ચૂકાદા માટે કોર્ટનું અપમાન થાય તેવી હકીકત છપાઇ હતી. આને અંગે રતલામના ચાંદમલ જૈને ઇંદોર કોર્ટમાં કેસ દાખલ કરેલ. કોર્ટે તેનો ચૂકાદો તા. ૯-૧-૫૮ ના આપેલ છે. ને આરોપીને ૩ મહિનાની સાદી કેદની સજા તથા ૫૦ રૂા. નો દંડ કર્યો છે, સજાની ખબર રતલામ મળતાં રતલામના કેટલાક સનાતનીઓ ખળભળી ગયેલા.

**ટી. બી. તથા કેન્સર માટે આયુર્વેદીય ઔષધો :** ભારતના પ્રાચીન આયુર્વેદીય ઉપચારો ક્ષય તથા કેન્સર જેવા દર્દોમાં પણ સચોટ અસરકારક હતા, તે જેમ આપણે સાંભળીએ છીએ, તેનું પ્રત્યક્ષ પ્રમાણ પુના પાસે કામસેટવાળા વૈદરાજ સુંદરલાલ ઓશવાલ જૈને આપ્યું છે, તેઓ દીલ્હી-મધ્યસ્થ સરકાર તરફથી જામનગર આયુર્વેદ હોસ્પીટાલ ખાતે ટી. બી. તથા કેન્સરના દર્દીઓને પોતાના ખાસ આયુર્વેદિક દવાના ઉપચારો કરી, ૩-૪ વર્ષથી પીડાતા દરદીઓને તેમણે ઇંજેકશનો વિના કેવલ આયુર્વેદીય ઉપચારોથી નવજીવન આપેલ છે. એક જ મહિનામાં દરદીઓને આરામ થઈ ગયેલ. પ્રાચીન કાળના સાદા પણ સાત્વિક ઉપચારોમાં જે તાકાત છે, તે આજના વૈજ્ઞાનિક ખર્ચાળ ઉપચારોમાં નથી તે આથી સાબીત થાય છે.

**અમદાવાદ ખાતે પૂ૦ આચાર્યદેવોનાં આગમન :** ફાગણ મહિનાના વદિ પક્ષમાં અમદાવાદ ખાતે પૂ૦ પાદ ધર્મધુરંધર આચાર્યદેવોનું શુભાગમન થવાના સમાચાર જે ઉપલબ્ધ થયા છે, તે મુજબ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ પૂ૦ આ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ૦ તથા પૂ૦ આ૦ મ૦ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ આદિ સપરિવાર પધારનાર છે. હાલ પૂ૦ આ૦ મ૦ શ્રી માણેકસાગરસૂરિજી મ૦ પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ૦ શ્રી પધાર્યા છે.

**અમદાવાદમાં માલારોપણ મહોત્સવો:—** અમદાવાદ નરોડાખાતે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી ધર્મસાગરજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં ઉપધાન તપની આરાધના ૩૭૫ પુણ્યવાનોએ કરેલ, જેમાં માળા પહેરનારા ૧૧૫ પુણ્યવાનો હતા. તેમનો માલારોપણ મહોત્સવ શાંતિસ્નાત્ર, અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક ઉજવાયેલ. પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી ઋદ્ધિસાગરસૂરી-

શ્વરજી મહારાજ, પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ૦. પૂ૦ ઉપાધ્યાય મ૦ શ્રી કૈલાસસાગરજી મ૦ આદિની અધ્યક્ષતામાં માગશર સુદિ ૧૦ ના માલારોપણ થયેલ. ઉપજ સારી થઇ હતી.

**યોગ્ય તપાસ માટે આંદોલન ઉઠાવો:—** રતલામ ખાતે ઇંદોર હાઇકોર્ટનો ચુકાદો આવતા છતાં શાંતિનાથજી ભ૦ ના જિનાલયનો કબ્જો હજુ જૈનોને મળતો નથી, તે માટે જૈનસમાજે સખ્ત આંદોલન ઉઠાવવું જરૂરી છે. તા, ૨૩ મી ડીસેંબરે શિવલિંગ જિનમંદિરમાં સ્થાપવાનો પ્રસંગ બન્યો, તેમાં પોલીસની વ્યવસ્થા તદ્દન શિથિલ છે, એ કારણ છે. હાઇકોર્ટને ચુકાદો આપતી વખતે સરકારી વકીલે જ્યારે એમ કહ્યું હતું કે, 'આપના ચૂકાદાનો અમલ ન થઈ શકે' એનો અર્થ એકજ રતલામ ખાતે સરકારી તંત્રનું વલણ જૈનસમાજને માટે વિશ્વાસપાત્ર નથી. માટે જ્યાં સુધી પોલીસખાતું કે તેના અધિકારી બદલાય નહિ ત્યાં સુધી જૈનસમાજે શ્રી રતલામ જૈન સંયુક્ત સંઘની પડખે રહી, આ બધી ગેરવ્યવસ્થા તથા અન્યાયી વલણ માટે મધ્યપ્રદેશ ભોપાલના મેં૦ ચીફ મીનીસ્ટરની સમક્ષ વિરોધ નોંધાવવો જરૂરી છે.

**ભવ્ય ઉપધાનતપ મહોત્સવ:-** અમદાવાદ શાહપુર ખાતે શેઠશ્રી માણેકલાલ મનસુખભાઇના બંગલે પૂ૦ પાદ ઉપાધ્યાયજી મ૦ શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજની શુભ નિશ્રામાં ઉપધાનતપનો ભવ્ય મહોત્સવ થયેલ. જેમાં ૨૦૩ માળવાળા મહાનુભાવો, ૧૦૨ પાંત્રીશવાળા, ૫૨ અઠ્ઠાવીશાવાળા, કુલ ૩૫૭, જેનાં શેઠશ્રી માણેકલાલના ગં૦ સ્વ૦ ધર્મપત્ની સૌભાગ્યલક્ષ્મીબેન તેમના સુપુત્રી ઇંદુબેન, તથા તેમના પુત્રવધૂ આદિ યુવાન, પ્રૌઢ અને બાળવયના સંખ્યાબંધ ભાગ્યશાળીઓ જોડાયા હતા. તેનો માલારોપણ મહોત્સવ પૂ૦ આ૦ મહારાજશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦ ના વરદ હસ્તે માહ સુદિ ૫ ના અદ્દભુત રીતે ઉજવાયેલ. જેનો સુંદર વરઘોડો ચઢેલ. માલની ઉપજ રૂા. ૫૯ હજાર થયેલ. ઉપધાનમાં રહેલા મહાનુભાવોએ સાધારણખાતાની ટીપ પણ કરેલી. જેમાં ૧૫ હજાર થયેલા. આમાંથી ૬ આની સાધર્મિકભક્તિમાં અને ૧૦ આની તપસ્વીઓને બહુમાનપૂર્વક, પ્રભાવના કરવામાં ખર્ચાશે તેમ નક્કી થયેલ છે. સાધ્વીજી શ્રી રંજનશ્રીજી મ૦ ની પ્રેરણા આ પ્રસંગે મહત્ત્વની હતી. તેઓશ્રીને છ મહિનાના આયંબિલની તપશ્ચર્યાનું પારણું તે પ્રસંગે હોવાથી સિદ્ધચક્ર બૃહત્ પૂજન, શાંતિસ્નાત્રાદિ ભવ્ય રીતે ઉજવાયેલ.

**ઉમેટામાં શાંતિસ્નાત્ર—દીક્ષા મહોત્સવ:-** પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦ સપરિવાર છાણીથી પોષ સુદી ૩ ના વિહાર કરી વડોદરા મામાની પોળના ઉપાશ્રયે ત્યાંના શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પધાર્યા હતા. છાણીનો સંઘ દૂર દૂર સુધી પૂ૦ શ્રીને વળાવવા આવેલ. પોષ સુદિ ૧૫ ના તેઓશ્રી સપરિવાર જાની શેરી ઉપાશ્રયે ત્યાંના શ્રી સંઘની આગ્રહપૂર્વકની વિનંતીથી પધાર્યા હતા શ્રી સંઘમાં ભારે ઉત્સાહ વ્યાપી રહ્યો હતો. વ્યાખ્યાન પૂ૦ પં૦ મહારાજશ્રી પ્રવિણવિજયજી ગણિવર આપતા હતા. પોષ વદિ ૨ ના પૂ૦ મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજને ભગવતી સૂત્રના યોગની પૂર્ણાહુતિ નિમિત્તે મામાની પોળમાં પૂજા આદિ ભણાવાયેલ. પૂ૦ શ્રી પોષ વદિ ૧૧ ના વિહાર કરી પાદરા પધાર્યા હતા. ત્યાં શ્રી સંઘે સામૈયું કર્યું હતું. ત્યાંથી તેઓશ્રી પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયભુવનતિલકસૂરિજી મહારાજ આદિ પરિવાર સાથે માહ સુદિ ૭ ના વિહાર કરી ઉમેટા પધાર્યા છે. પૂ૦ પાદ શ્રીની શુભનિશ્રામાં અહિં શાંતિસ્નાત્ર જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાશે. દીક્ષા તથા વડીદીક્ષા થનાર છે. બાદ પૂ૦ શ્રી બોરસદ, પેટલાદ, નડીયાદ, થઇ માતર તીર્થની યાત્રા કરી અમદાવાદ પધારનાર છે.

**મુંબઇમાં જાહેર વ્યાખ્યાનો:-** પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રી સપરિવાર દાદરથી વિહાર કરી મુંબઇ લાલબાગ જૈન ઉપાશ્રયમાં પધાર્યા હતા. ત્યાં તેઓશ્રીના તથા પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજના વ્યાખ્યાનો દરરોજ થતા. માનવમેદની ચિક્કાર રહેતી, પ્રીન્સેસ સ્ટ્રીટ તથા કોટ ખાતે પણ તેઓશ્રીનાં વ્યાખ્યાનોમાં માનવમેદની ભરચક રહેતી પૂ૦ પાદ આચાર્યદેવશ્રીએ દાદર થઇ અમદાવાદ બાજુ

સપરિવાર વિહાર કર્યો છે. તેઓશ્રીના દાદર ખાતેના ચાતુર્માસમાં અગણિત ઉપકારો થયેલા દાદર ખાતે શ્રી આયંબીલખાતાની કાયમી સ્થાપના થઇ છે જે અપૂર્વ કાર્ય થયું છે.

**ભવ્ય ઉદ્યાપન મહોત્સવ.** મુંબઇ કોટ ખાતે માંગરોલ નિવાસી ધર્માનુરાગી શ્રેષ્ઠી શ્રી નેમિદાસ અભેચંદભાઇએ પોતાના તથા તેઓશ્રીના ધર્મશીલ ધર્મપત્ની શ્રી પ્રભાવતીબેનનાં તપના ઉદ્યાપનનો ભવ્ય મહોત્સવ યોજેલ, અનેક મહામૂલ્ય છોડો, સાતક્ષેત્રની ભક્તિનાં ઉપકરણો આદીથી આ સમારંભ અદ્વિતિય બન્યો હતો. પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂ૦ આચાર્યદેવશ્રી શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી તેઓશ્રીની વરદ છત્રછાયામાં આ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો. શાંતિસ્નાત્રાદિ ધર્મકાર્યો તેઓશ્રીએ સુંદર રીતે ઉજવેલ.

**વાંકાનેરમાં દીક્ષા—મહોત્સવ** વાંકાનેરખાતે શ્રી જેચંદભાઈ લખમીચંદના બાલબ્રહ્મચારિણી સુપુત્રી હીરાબ્હેનની દીક્ષા પોષ વદિ ૧૧ ના પુણ્ય દિવસે ભવ્ય–મહોત્સવ પૂર્વક થઇ હતી ગામમાં સર્વ કોઇનો ઉત્સાહ અપાર હતો. પૂ૦ મુનિરાજશ્રી હંસસાગરજી મહારાજશ્રીનાં વરદ હસ્તે દીક્ષા થઇ હતી. ઉપકરણોની ઉછામણીમાં ૧૭૦૦ ની ઉપજ થઇ હતી નૂતન–દીક્ષિતનું નામ હિતજ્ઞાશ્રીજી રાખી, તેઓ સાધ્વીજીશ્રી સુમલયાશ્રીજીના શિષ્યા થયેલ.

**લીંચમાં માળારોપણ મહોત્સવ** લીંચ ખાતે પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઉપધાન તપ થએલ, સારી સંખ્યામાં ભાઈ-બહેનોએ હાજરી આપેલ પૂ૦ પં૦ મહારાજશ્રી કાંતિવિજયજી ગણિવરશ્રીની છત્રછાયામાં પોષવદિ ૧૧ ના માળારોપણ થયેલ. જે પ્રસંગે પૂ૦ મુનિરાજ શ્રી હેમેંદ્રવિજયજી મહારાજશ્રીને છસો લગભગ આયંબીલનું પારણું શાંતિપૂર્વક થયેલ

**મોરબીમાં દીક્ષા**—મોરબીખાતે પૂ૦ મુનિરાજ રોહિતવિજયજી ગણિવરશ્રીની શુભનિશ્રામાં પૂ૦ મુનિરાજશ્રી મહાનંદવિજયજી મ૦ (જેઓ સંસારીપણા અત્રેના વતની છે.) ના સંસારી સુપુત્રી બાલબ્રહ્મચારિણી શ્રી સરસ્વતીબેનનો દીક્ષા–મહોત્સવ માહ સુદિ ૬ થી શરૂ થયેલ છે તેઓની દીક્ષા મહા સુદિ ૧૩ ના થશે. તેઓ વાગડવાળા ચતુરશ્રીજી મ૦ ના સમુદાયમાં સાધ્વીજીશ્રી સરસ્વતીજીની પાસે દીક્ષા અંગીકાર કરશે. પૂ૦ મુનિરાજશ્રી મહાનંદવિજયજી આદિ પધાર્યા છે. તેમને હાલ ૧૦૦ મી ઓળી ચાલું છે. તેઓની સાથે પૂ૦ મુનિરાજશ્રી ચંદ્રયશવિજયજી મહારાજને લગભગ ૧।। વર્ષથી ઉપવાસ ઉપર આયંબિલો ચાલે છે અહિંથી વિહાર કરી તેઓશ્રી અમદાવાદ પધારશે.



**આગામી અંક તા. ૧૫–૪–૫૮ ના પ્રસિદ્ધ થશે.** ધર્મ, સમાજ, સાહિત્ય, સંસ્કાર તથા રાજકારણના પ્રશ્નોમાં અધ્યાત્મદૃષ્ટિનું સંદેશવાહક 'કલ્યાણ' માસિક આજે ૧૪ વર્ષ પુર્ણ કરે છે. આગામી અંકે તે ૧૫ મા વર્ષમાં પદાર્પણ કરશે. અનેક દૃષ્ટિએ ઉપયોગી વૈવિધ્યભર્યો તેનો આગામી અંક તા. ૧૫–૪–૫૮ ના સંયુક્તાંક તરીકે પ્રસિદ્ધ થશે તેની નોંધ લેવા સર્વે શુભેચ્છક મહાનુભાવોને વિનંતિ છે.

તા. ૩૧–૧–૫૮

## સૂત્રલેખન અને ભક્તિગીત લેખન પારિતોષિક યોજનાની તારીખ લંબાય છે.

ઘણા ભાઇ–બ્હેનો તરફથી તારીખ લંબાવવા અંગેની માંગણી થતાં તા. ૧૫–૪–૫૮ સુધી સૂત્રો તથા ભક્તિ ગીત લખીને મોકલી શકાશે. વિશેષ માહિતિ માટે ડીસેમ્બર ૧૯૫૭ નો અંક જુઓ.

**સંપાદક.**

## ભેટ મળશે

જેઓએ શ્રી વર્ધમાનતપની ૫૦ થી અધિક ઓળીનું આરાધન કર્યું હોય તેઓને અમદાવાદ નિવાસી **શેઠ શ્રી જેચંદભાઇ કેવળદાસ** તરફથી **શ્રી વર્ધમાન તપ માહાત્મ્ય** નામનું ૪૦૦ પાનાનું પુસ્તક ભેટ મળશે. સીરનામું તથા ઓળી કેટલામી છે જણાવવું જરૂરી છે.

**કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા**

## * દેશ અને દુનિયા * શ્રી સંજય

ભારતની રાષ્ટ્રીય કોંગ્રસનું ૬૩ મું અધિવેશન શ્રી ઉછરંગરાય નવલશંકર ઢેબરના પ્રમુખપદે ઓરિસા ખાતે ગોહત્તીમાં મળ્યું. મુખ્યત્વે રાષ્ટ્રભાષાના પ્રશ્ને આ અધિવેશનમાં ગરમી આણી હતી. હાજરી ઘણી રાંક હતી. હિંદીને રાષ્ટ્રભાષા બનાવવાની જોરદાર હિમાયત કરનારાઓ મોટે ભાગે ઇંગ્લીશમાં જ બોલતા હતા.... કોંગ્રેસ પ્રમુખે આ અધિવેશનમાં એક વાત એ કહી કે, આવતા પાંચ વર્ષ સુધીમાં આપણે હજુ એક ક્રોડ દશ લાખ ટન અનાજ પરદેશથી આયાત કરવું પડશે, જેના આપણે ૫ અબજ રૂા. ચૂકવવા પડશે, અનાજનો પ્રશ્ન હલ કરવામાં નહિં આવે તો કઈ દિશામાં આપણે જઇ રહીશું એ સમજવું મુશ્કેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં આપણે અનાજના જહાજી નૂર પેટે ૭૦ ક્રોડ રૂા. ચૂકવ્યા છે.—દેશમાં આટ-આટલી હિંસા વધતી જ રહી છે, ત્યાં દેશના શ્રેયની આશા રાખવી ઝાંઝવાના નીર જેવી છે.... મધ્યસ્થ સરકારના નાણા ખાતા તરફના સમાચાર વહેતા થયા છે કે, 'નવા બજેટમાં ૨ અબજના નવા કરવેરા નંખાશે' ખરેખર આજનું તંત્ર કારભાર નથી કરતું પણ કેવલ કરભાર કરે છે, એવું લાગે છે........ તા. ૩૧-૧-૫૮ ની રાત્રે અમેરીકાએ પોતાના શસ્ત્રમથક પરથી ૩૦ રતલનો એકસપ્લોરર ઉપગ્રહ આકાશમાં જ્યુપીટર રોકેટ દ્વારા વહેતો મૂકયો છે, જે પૃથ્વીથી ઉપર એક હજાર માઇલ આકાશમાં ૧૯ હજાર માઈલની ઝડપે પ્રદક્ષિણા ફરી રહ્યો છે, જે ૯૦ મીનીટમાં પૃથ્વીની આસપાસ ફરે છે. આવતા એપ્રીલમાં બીજો ઉપગ્રહ આકાશમાં તરતો મુકાશેઃ—આ બધા આકાશમાં ઉપગ્રહ તરતો મૂકવાના પ્રયત્નોથી વિશ્વની વર્તમાન તંગદીલી સહેજે હળવી બનતી નથી ઉલટું રશિયા અને અમેરિકા વચ્ચે શસ્ત્રાસ્ત્રોની હરિફાઇ વધુ ઉગ્ર બને છે.

૫૭ના એપ્રીલથી નવેંબર સુધી ૮ મહિનામાં ભારતી રેલ્વેઓએ ગઈ સાલ ૫૬ ના આ ગાળા કરતાં ૨૧ ક્રોડ ૩૩ લાખ રૂા. ની વધુ ઉપજ કરી હતી. છતાં સગવડ તથા નિયમીતતાની દષ્ટિએ દિન-પ્રતિદિન પાછળ પડતી જાય છે, તે ભૂલવા જેવું નથી...અમેરિકાએ ભારતને ૧ અબજ ૭ ક્રોડની લોન આપી છે. ફ્રાંસે ભારતને ૬ ક્રોડ ડોલરની લોન આપવાની જાહેરાત કરી છે, અને જાપાન ભારતને ૧૮ અબજ યેનની લોન આપશે. રશિયા જર્મન પણ ભારતને વિકાસમાં લોન આપનાર છે. આ બધું દેવું ભારતે વ્યાજ સહિત ચૂકવવાનું રહેશે. અત્યાર સુધી ભારતે પરદેશી સરકારોનું ૬ અબજનું દેવું કર્યું છે. આમ ઉપરાઉપરી દેવું વધતું જાય છે, ત્યારે આયોજનપંચના ભારતના અર્થશાસ્ત્રીઓએ તાજેતરમાં જાહેર કર્યું છે કે, પરદેશ તરફથી જ્યાં સુધી ૭૦ અબજની મદદ નહિ મળે ત્યાં સુધી તેની વિકાસ યોજનાઓનો પ્લાન સફળ નહિ બને. ભારતમાં એક બાજુ તેના વિકાસની યોજનાઓ હાથ ધરાય છે, બીજી બાજુ ભારતના માનવો અસહિષ્ણુ, તામસી તથા વગરવિચાર્યું પગલું ઉતાવળે ભરનારા બનતા જાય છે, જેના પરિણામે ભારતમાં આપઘાતના બનાવો ઝડપી બનતા જાય છે. આસામમાં ૧૯૫૩ માં ૪૦૦ આપઘાતો થયેલા તે વધીને ૫૭ માં બે હજાર થયા. બિહારમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩ હજાર આપઘાતો થયા, આંધ્રમાં ૫૫-૫૬માં ૫ હજાર અને ઉત્તર પ્રદેશમાં કેવલ ૫૭ માં ૩ હજાર આપઘાતો થયા છે. જે છેલ્લા દશવર્ષના રેકર્ડમાં ઉત્તરોત્તર વધતા હોવાનું સાબિત

થયું છે.

છેલ્લા ૨ા વર્ષમાં સોવિયેટ રશિયાએ યુરોપ–એશીયાના દેશોને પોણા બે અબજ લશ્કરી ડોલરની સહાય કરી છે. તેટલા સમય દરમ્યાન અમેરિકાએ એક અબજ ડોલરની સહાય કરી છે, તેમ અમેરિકાએ જાહેર કર્યું છે. અમેરિકાના લોકોએ ૨ ક્રોડ ૪૦ લાખ સાલમુબારક કાર્ડ મોકલી ૫ ક્રોડ ૨૦ લાખ ડોલરનું ફોગટિયું ખર્ચ કરેલ છે. આ ખર્ચ ૪૭ ની સાલ કરતાં ડબલ અને ૫૬ કરતાં થોડું વધારેઃ આજ અમેરિકાના બેકારોની નોંધ આપતાં ત્યાંની સરકારે જાહેર કર્યું છે કે, અમેરિકામાં ૩૩ લાખ ૭૪ હજાર બેકારો ૫૭ ની આખરે નોંધાયા છે, જે ગઇ સાલ કરતાં ૭ લાખ વધારે છે. અમેરિકામાં બધા સુખી નથી તે આથી સાબિત થાય છે. ખરેખર ઘેરઘેર માટીના ચૂલા કહેવાય છે તે કાંઇ ખોટું નથી.

વિશ્વ વનસ્પત્યાહાર કોંગ્રેસના મુંબઇ અધિવેશનમાં ભાગ લેવા આવેલા સ્વીઝર્લેન્ડના પ્રતિનિધિ બ્હેને અમદાવાદના પત્રકારોને મુલાકાત આપતાં સ્પષ્ટ રીતે કહ્યું હતું કે, ' અમે વનસ્પત્યાહારને ઉત્તેજન આપીએ છીએ, તેમાં મારા જેવાને તો જન્મથી માંસાહાર પ્રત્યે ચીડ છે, તેથી હું વનસ્પત્યાહારમાં માનું છું. છતાં ઈંડા વાપરવામાં અમે કશો બાધ માનતા નથી, કેમકે તેને અમે વેજેટેરીયન માનીએ છીએ. વિશ્વ–વનસ્પત્યાહાર કોંગ્રેસ માટે જેઓ ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરતાં રહ્યા છે, તે લોકોએ આ હકીકતને સાવચેતી પૂર્વક ધ્યાનમાં લઇ સ્પષ્ટતા કરવી જરૂરી છે. નહિતર દળી–દળીને કુલડીમાં જેવું ન બને !

૧૯૫૬ માં ભારતે ૩ અબજ ૫૨ ક્રોડ પાઉંડ ચાહ પરદેશ મોકલી, ૧ અબજ અને ૪૨ ક્રોડ રૂા. ની ઉપજ કરી છે. તે રીતે ૫૭ માં ૭૨ લાખ ૪૫ હજારનું પરદેશી હુંડીયામણ ફીલ્મોના વેચાણથી ભારતે પ્રાપ્ત કરેલ છે. ભારતખાતે હમણાં હમણાં યુરોપ અને એશીયાદેશોના સત્તાધીશો આવવા લાગ્યા છે. જેને ભારતના પત્રકારો શુભેચ્છા મીશન કહે છે. પણ આ આવનાર બધા શુભેચ્છા લઇને આવે છે કે અશુભેચ્છા તે તો નીવડે વખાણઃ આ સાલના જાન્યુ૦ મહિનામાં બ્રિટનના વડાપ્રધાન મેકમીલન ભારતમાં ૪ દિવસ માટે આવીને ગયા. ઝેકવડાપ્રધાન સીરોકી પણ વિદાય થયા. ઇન્ડોનેશીયાના પ્રમુખ સુકર્ણો પણ ભારતની મુલાકાત લઇને વિદાય થયા.

છેલ્લા બે મહિનામાં આપણી આસપાસ અકસ્માત મૃત્યુના હૃદય દ્રાવક બનાવો ઝડપી બની ગયા, જે જ્ઞાની પુરુષોએ કહેલી સંસારની અસારતા તથા આયુષ્યની ક્ષણભંગુરતા તેમ જ માનવની અશરણ દશાનો પરચો આપી જાય છે.

(૧) મુંબઇ ખાતે બોંબે રીફાઇનરી તથા ચાંદી બજારની મોટી પેઢીના ભાગીદાર બાબુલાલ જયંતીલાલ સાંજના ફરવા જતાં અચાનક ફક્ત ૪૩ વર્ષની વયે ઢળી પડયા, કોઇ દીવો કરનાર કે પ્રભુનું નામ સ્મરણ કરાવનાર ન મળે.

(૨) મુંબઇની હાઇકોર્ટના ન્યાયાધિશ એમ. સી. શાહ રાજકોટ ખાતે રજા ગાળવા આવ્યા ને તે જ દિવસે સાંજે ઢળી પડયા.

(૩) અમદાવાદના મીલમાલિક તથા રોટરી કલબના પ્રમુખ કાન્તિલાલ મુન્શા ઈંદોરની મીટીંગમાંથી પાછા ફરી ઘેર આવ્યા ને સાંજે ઢળી પડયા.

(૪) સુરતના ધર્મનિષ્ઠ ભાઇ મણિલાલ

મગનલાલ, પૂ૦ આં૦ મ૦ શ્રીમદ્ વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજશ્રીને કાનપુર ખાતે વંદન કરી પાછા ફરતાં પોતાના વડિલભાઈને ઈંદોર મલી, સુરત પાછા આવતાં રતલામ ખાતે ગાડી બદલતાં જ અચાનક ઢળી પડયા, પણ તેમની ધર્મનિષ્ઠા તથા શુભ પ્રવૃત્તિમાં મનોવૃત્તિ હોવાથી તેઓ તો પોતાના મૃત્યુને પણ સફળ બનાવી ગયા છે.

(૫) અમદાવાદ કોર્ટમાં પોતાના અસીલ તરફથી દલીલ કરતાં બાબુરાવ વકીલ તાજેતરમાં જ કોર્ટમાં ઢળી પડયા.

(૬) ઊંઝામાં છાપાના એજંટ પોતાના ગ્રાહકોને છાપા આપવા જતાં ઢળી પડયા. આવા તો સંખ્યાબંધ બનાવો રોજ-બરોજ આપણી આસપાસ બનતા આપણે જાણીએ છીએ. એ શું કહે છે ? એ સમજાય છે ? માનવ ગમે તેટલા ઉધમાતો કરે, ઠેઠ ચંદ્રલોકમાં પહોંચવાની યોજનાઓ કરે છતાં તે હજુ પામર છે, અશરણ છે, જ્યાં સુધી ધર્મના શરણને તે નહિ સ્વીકારે, દયા, દાન તથા તપ, જપને જીવનમાં નહિ આચરે ત્યાં સુધી તે અશરણ છે.

રશીયાએ તાજેતરમાં નવું રોકેટ શોધ્યું છે. જે આકાશમાં ૬૦ માઈલ ફેંકી શકશે, એમાં સોડીયમ ધાતુથી મિનિટો સુધી પૃથ્વી પર હજારો ચોરસ માઈલના વિસ્તારમાં પ્રકાશ ફેલાશે, ને આકાશના ઓકસીઝન અણુઓ સાથે તે ધાતુ મળતાં સળગી ઉઠશે.—આ બધાયનું પરિણામ કેવળ વિનાશ સિવાય કાંઇ જ નહિ !

રશિયાના પ્રથમ ઉપગ્રહનું તા. ૪-૧-૫૮ ના વિસર્જન થયું છે, ઓકટોબરની ૪ થી તારીખે તેને વહેતું મૂકેલ, તે ત્રણ મહિના સુધી ફર્યું, તેણે ૧૪૦૦ વાર પૃથ્વીની પ્રદક્ષિણા લીધી, ને ૩ કરોડ ૭૦ લાખ માઇલની તેણે મુસાફરી કરી....

તા. ૨૪-૧-૫૮ સુધી બીજા ઉપગ્રહે ૧૧૬૨ વખત પૃથ્વીની પ્રદક્ષિણા લીધી છે, તેમ રશીયાએ જાહેર કર્યું છે, ને તે આવતા એપ્રીલમાં પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશશે. રશીયા હવે ત્રીજો ઉપગ્રહ આકાશમાં તરતો મૂકશે. પોતાના આ ઉપગ્રહોને આકાશમાં મૂકવા પાછળ ખાસ કોઈ ઉદ્દેશ નથી એમ કહેનાર રશીયાના માંધાતાઓ હવે ફરી ગયા છે.

તા. ૮-૧-૫૮ ની મોસ્કોની જાહેરાત જણાવે છે કે, રશીયન સેનાપતિએ જણાવ્યું છે કે, કૃત્રિમ ઉપગ્રહો દ્વારા શત્રુ પ્રદેશો પર અમે અણુબોંબો છોડી શકીશું અને નિરીક્ષણનું પણ કાર્ય કરી શકીશું. અમેરિકા ને રશીયા આ બે પાડે-પાડા કોઇ દિવસ લડશે, ને બીજા નાના દેશોની લાખોની વસતિનો ખોડો નીકળી જશે.

અમેરિકામાં ૧૯૫૭ ના વર્ષ દરમ્યાન ૭ હજાર ટન એસ્પીરીન વપરાઇ છે, જે દેશના દરેક સ્ત્રી-પુરુષ તથા બાળક દીઠ વર્ષ દરમ્યાન ૧૦૦ ટીકડીઓ ગણાય આટ-આટલો પૈસો છતાં અમેરિકા કેટલું દુ:ખી છે, ત્યાંના માણસો માથાના દુ:ખાવાથી કેવા પીડાઇ રહ્યા છે, તેનું આ પ્રતિક છે.

ગત વર્ષ દરમ્યાન અમેરિકામાં આગથી ૧૧૩૦૦ માણસો મૃત્યુ પામ્યા હતા. મકાનોની આગથી ૬૮૦૦ મૃત્યુ થયેલ, એ સિવાય વિમાનો, મોટરો તથા જંગલોની આગથી મૃત્યુ નોંધાયા છે. ને ૩૦ કરોડ ડોલરનું નુકશાન થયું છે.

સેંટ્રલ વેલફેર બોર્ડના મધ્યસ્થ સમાજ કલ્યાણ કેંદ્રના ચેરમેન શ્રીમતી દુર્ગાબાઇએ હૈદ્રાબાદ ખાતે તાજેતરમાં જણાવ્યું છે કે,

'ભારતમાં વેશ્યાવૃત્તિ દિનપ્રતિદિન વધતી જાય છે, જ્યાં સરકાર પોતેજ સ્વચ્છંદાચારને ઉત્તેજન આપે, સંયમની વાત કોરાણે મૂકવાનું કહે, કુટુંબ નિયોજનના બહાને સંતતિ-નિયમન દ્વારા કેવલ વિલાસવૃત્તિને ઉત્તેજે તેનું પરિણામ શું હોઇ શકે ?'

તા. ૯–૧–૫૮ ના મુજફ્ફરનગરથી ૭૦ માઇલ દૂર સીવાન સ્ટેશને સવારે ઉભી રહેલી ગુડઝ ટ્રેઇન સાથે લખનૌ એક્સ્પ્રેસ અથડાઈ પડીને ગંભીર અકસ્માત થયો. તા. ૨૧–૧–૫૮ ના ઓરિસ્સાના ચત્રાપુર સ્ટેશનથી ૬ માઇલ દૂર નરસીંગપુર સ્ટેશને હૈદ્રાબાદ હાવરા એક્સ્પ્રેસ અને હૈદ્રાબાદ પેસેંજર ટ્રેઇન રાતે ૧૦ વાગે અથડાતાં ગંભીર અકસ્માત થયેલ. અને તા. ૧–૧–૫૮ ના અંબાલા દીલ્હી વચ્ચે જે અકસ્માત થયેલ તે સહિત એકજ મહિનામાં ત્રણ ગંભીર અકસ્માતો રેલ્વે ખાતામાં થયા છે. એજ આજના તંત્રનીવ હિવટી ખામીને સ્પષ્ટ રીતે જાહેર કરે છે.

છેલ્લા દશ વર્ષમાં પરદેશથી અનાજ ભારત સરકારે ૨ ક્રોડ ૫૪ લાખ ટન આયાત કરેલ છે. આ અનાજ ખરીદવામાં જે ખર્ચ થયું છે તે જુદું, પણ ભારતના પ્રસિધ્ધ ઉદ્યોગપતિ તથા વહાણવટાના પ્રસિધ્ધ અનુભવી શ્રી એમ. એન. માસ્તર જણાવે છે તે મુજબ ભારત સરકારને પરદેશથી આ અનાજ લાવવામાં ૧ અબજ ૬૯ ક્રોડ રૂા૦ નું જહાજી નુર ભરવું પડયું છે, તેમાં ભારતીય સ્ટીમર કું૦ ઓને માત્ર ૧૧ ક્રોડ ૨૮ લાખ રૂપિયા મળ્યા છે, એ સિવાય ૧ અબજ ૫૭ ક્રોડ પરદેશી હુંડીયામણ ખર્ચી નાંખવું પડયું છે. ૫૭ ના જાન્યુ૦ થી ઓક્ટો૦ સુધીના દશ મહિનામાં ૨૪ લાખ ૭૨ હજાર ટન ઘઉં, અને ચોખા પરદેશથી આવ્યા તેમાં ૩૧ ક્રોડ રૂા૦ પરદેશી સ્ટીમર કુંપનીઓને મળ્યા છે, અને માત્ર ૨૫ લાખ દેશી સ્ટીમર કુંપનીઓને મળ્યા છે. આ તો ઘાટ કરતા ઘડામણ મોંઘું ના જેવો ખેલ બને છે. આવા વહિવટમાં હિંદ ક્યારે ઉંચે આવશે.

કલકત્તાના પ્રસિધ્ધ ઉદ્યોગપતિ હરિદાસ મુંદ્રાની કું૦ ઓમાં ભારત સરકાર હસ્તક જીવન વીમા કોર્પોરેશને રોકેલા ૧ ક્રોડ ૩૫ લાખ રૂા૦ વાળા પ્રકરણને અંગે મુંબઇમાં ચાગલા કમીશન સમક્ષ અનેક જુબાનીઓ થઇ ગઇ, ને હવે થોડા દિવસોમાં તેનો ચૂકાદો ભારત સરકારને સોંપાશે. બંધારણ પ્રમાણે પ્રધાનમંડળ સમગ્રપણે આવા બનાવોમાં જવાબદાર ગણાય છે. એટલે કેવળ નાણાપ્રધાન ટી. ટી. કૃષ્ણમાચારી નહિ, સમગ્ર પ્રધાનમંડળ આને અંગે જવાબદાર, ગણાય, આ કારણે આગલા કમીશનનો ચૂકાદો આવ્યા બાદ મધ્યસ્થપ્રધાન મંડળ પોતાનું રાજીનામું આપી દેશે બાદ પં૦ જવાહરલાલજી નવેસરથી પ્રધાન–મંડળ રચશે, જાણવા મળે છે તે મુજબ આજે મધ્યસ્થ સરકારના વહિવટમાં પ્રધાનો તથા નાયબ પ્રધાનો ખૂબ વધી ગયા છે. ૧૩ મુખ્ય પ્રધાનો, ૧૪ રાજ્યપ્રધાનો, અને ૧૨ નાયબ પ્રધાનો મળી કુલ ૩૯ પ્રધાનો તેમના મંત્રીઓ સેક્રેટરીઓ, ઇત્યાદિ લાંબી વણજારના કારણે વહિવટ પાંગળો બનતો જાય છે, એટલે હવે થોડાજ દિવસોમાં આમાં ધરમૂળથી ફેરફાર થશે.

અખિલ ભારતિય દિગંબર જૈન મહાસભાના મુખપત્ર જઈન ગેઝેટ દિલ્હીના જણાવ્યા પ્રમાણે પાંચમી સદીમાં થયેલા જૈનાચાર્ય શ્રી કુમુદેંદુસૂરિજી રચિત 'ભૂવલય' ગ્રંથના પ્રથમ ભાગનો અનુવાદ કાનડી, હિંદી તથા

ઇંગ્લીશ ભાષામાં તૈયાર થઇ રહ્યો છે, તેમાં હિંદી ગ્રંથનું ઉદ્ઘાટન આચાર્ય મ૦ શ્રી દેવભૂષણસૂરિજીની અધ્યક્ષતામાં કોંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઇની હસ્તે તા, ૨૨-૧૨-૫૭ ના રોજ દીલ્હીમાં થયું છે. આ ગ્રંથ વિશ્વનું આઠમું આશ્ચર્ય છે. જેમાં ૧ થી ૬૨ સુધીના આંકડાઓમાં ભિન્ન-ભિન્ન વિષયોનું નિરૂપણ છે. મૂલશાસ્ત્રની હસ્તપ્રતનું વજન ૭ મણ છે. આ આંકડાઓથી ૧૮ મોટી ભાષા તથા ૭૦૯ બીજી ભાષાઓમાં આ ગ્રંથ વાંચી શકાય છે. આના અનુવાદનું કાર્ય જૈનાચાર્ય શ્રી દેશભૂષણસૂરિજી મ૦ કરી રહ્યા છે. આની પાછળ અથાગ પરિશ્રમ લઇ આ ગ્રંથને અક્ષરાત્મક પ્રસિદ્ધિમાં લાવનાર બેંગલોર નિવાસી પં૦ અલપ્પા શાસ્ત્રી ગત ૧૯૫૭ ના ઓકટોબર મહિનામાં દીલ્હી ખાતે સ્વર્ગવાસ પામ્યા છે. હાલ શ્રી દેશભૂષણસૂર મહારાજશ્રીના પરિશ્રમથી આ ગ્રંથના મંગલાચરણ રૂપ મંગલપ્રભાતના ૧૪ અધ્યાયોનું હિંદી ભાષાંતર પ્રથમ ખંડ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. આ ગ્રંથમાં જૈનધર્મ, વૈદિકધર્મ, આયુર્વેદ, વિજ્ઞાન આદિ અનેક શાસ્ત્રગર્ભિત વિવિધ વિષયો સુસંકલિત છે. તા૦ ૩-૨-૫૮

## ચૌદમા વર્ષની વિદાય વેળાએ

'કલ્યાણ' ના ૧૪ મા વર્ષનો ૧૨ મો અંક આજે પ્રસિદ્ધ થાય છે, જૈન સમાજમાં ધર્મ, સમાજ, સાહિત્ય, શિક્ષણ, સંસ્કાર તથા રાજકારણને સ્પર્શવા પૂર્વક સ્વસ્થ તથા સ્વચ્છ અધ્યાત્મદૃષ્ટિ પૂર્વક માર્ગદર્શન આપતા એકના એક સામયિકને સમાજના સર્વ કોઇએ જે ઉમળકાભેર આવકાર્યું છે, તે માટે અને ગૌરવ લઇએ છીએ.

છતાં અમારે આપ સર્વને એક જ કહેવાનું રહે છે કે, અમે અમારી સાહિત્યપ્રવૃત્તિમાં વિકાસ કરવા ઇચ્છીએ છીએ, આજે દરમહિને લગભગ ૯ ફૂરમા ઉપરાંતનું મનનીય વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય તથા સ્વસ્થ સાહિત્ય આપતા 'કલ્યાણ'ને જો પ્રત્યેક વાચક પોતાના તરફથી એક નવા ગ્રાહકની ભેટ ધરે તો અમને અમારી પ્રવૃત્તિમાં વધુ વેગ મળે.

અમે અમારી બડાઇ માટે નહિં પણ વાસ્તવિકતાની દૃષ્ટિયે જણાવીશું કે, ૧૨ મા વર્ષમાં ૮૧૦ પેજ, ૧૩ મા વર્ષમાં ૮૫૦ પેજ અને ૧૫ મા વર્ષમાં ૧૧ અંક સુધી અમે ૮૦૨ પેજ આપેલ છે, ને ૧૨ મો અંક આપની સમક્ષ છે. અમે કેવળ જેમ બને તેમ વધુ ને વધુ વાંચન આપવાના જ પ્રયત્નમાં રહીએ છીએ, તેનું આ સ્પષ્ટ પ્રમાણ છે. કાર્યાલયનો ખર્ચ તદ્દન કરકસર પૂર્વક ચલાવીને અમે 'કલ્યાણ' ને સમૃદ્ધ બનાવવા જે કાંઈ કરી રહ્યા છીએ, તે માટે હાથનાં કંકણને આરીસાની જરૂર ન હોઇ શકે એ સ્પષ્ટ છે.

ફક્ત આપ સર્વને વર્ષની વિદાયવેળાએ એટલું જ જણાવીએ છીએ કે, 'જેમ બને તેમ 'કલ્યાણ' ની ગ્રાહક સંખ્યા તથા વાચક સંખ્યા વધારવા આપ સર્વ શક્ય સઘળું કરશો, એ સિવાય અમારે આપ સર્વ શુભેચ્છકોને અન્ય કશું કહેવાનું રહેતું નથી. સર્વ કોઇનું કલ્યાણ હો એ અભિલાષા સહ 'કલ્યાણ' પ્રત્યે આપ સર્વ સવિશેષ આત્મીયભાવ રાખો એ જ વિનમ્ર વિનંતિ. સંપાદક: તા. ૫-૨-૫૮

# સર્જન અને સમાલોચના

શ્રી અભ્યાસી.

**ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સ્મૃતિ ગ્રંથ :** સંપા૦ પૂ૦ મુનિરાજ શ્રી યશોવિજયજી મ૦ પ્રકા૦ યશોભારતી પ્રકાશન ઠે૦ રાવપુરા, વડોદરા. મૂલ્ય રૂ. ૧૨-૮-૦

ક્રા૦ ૮ પેજી ૩૪+૨૯૦+૧૯૬ પેજનો, અનેક સુંદર ચિત્રોથી સુસમૃધ્ધ આ સ્મૃતિગ્રંથ, પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીનાં વ્યક્તિત્વને, તેઓશ્રીનાં મહામૂલાં જીવન તથા કવનને મૂલવનો ખરેખર અદ્વિતીય બન્યો છે. પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીનાં વ્યક્તિત્વ પર અનેકાનેક વિદ્યમાન પૂ૦ આચાર્યદેવાદિથી માંડી સર્વ કોઇ તેઓ શ્રીમદ્ પ્રત્યેના ગુણાનુરાગી ચતુર્વિધ સંઘે આ ગ્રંથમાં પોત–પોતાની હૃદયોર્મિ, અનુભવ, અભ્યાસ, શ્રદ્ધા, ભક્તિ ઇત્યાદિથી પ્રેરાઈને વ્યક્ત કરી છે. તદુપરાંત અનેક ચિંતન–મનન પ્રધાન તથા સંશોધનાત્મક સાહિત્ય પણ બીજા વિભાગમાં અહિં પ્રસિદ્ધ થયેલ છે. પાછળના ભાગમાં પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રી પ્રત્યેની અપ્રતીમ ભક્તિથી પ્રેરાઈને તેઓ શ્રીમદ્દની મૂર્તિની પ્રતિષ્ઠા તથા સારસ્વતસત્ર ઇત્યાદિ જે સત્કાર્યો થયેલા, તેનો વિસ્તૃત અહેવાલ પણ આ ગ્રંથમાં પ્રસિદ્ધ થયો છે.

એકંદરે પ્રસ્તુત ગ્રંથ સર્વાંગસુંદર તથા પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીનાં અસીમ ઉપકારોની પુણ્યસ્મૃતિને અર્ઘ્યાંજલિ આપનારો મહામૂલ્ય તથા ચિરંજીવ બન્યો છે. સંપાદક પૂ૦ મહારાજશ્રીનો પરિશ્રમ અનેક રીતે પ્રશંસનીય તથા અભિનંદનીય બન્યો છે. આ ગ્રંથ પ્રત્યેક જૈનના ઘરમાં હોવો આવશ્યક છે, જેથી, પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીએ પોતાના જીવન તથા સર્જન દ્વારા જૈનશાસન પર, જૈનસંઘ પર, સમાજ પર યાવત્ સંસાર સમસ્ત પર જે અનંત ઉપકારોની અમીવૃષ્ટિ કરી છે, તેની શુભ સ્મૃતિ આ ગ્રંથને હાથમાં લેતાં, જોતાં, વાંચતાં વિચારતાં સર્વ કોઇ ભક્તિ-શ્રદ્ધા ભાવિત આત્માઓને અવશ્ય જાગ્રત થશે. આ સ્મૃતિગ્રંથની પાછળ જે કોઇનો પરિશ્રમ છે, તે સર્વ અભિનંદનના અધિકારી બને છે.

**દક્ષિણમાં દિવ્ય પ્રકાશ :** લે૦ પં૦ ધીરજલાલ ટોકરશી શાહ પ્રકા૦ શ્રી આત્મ-કમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર, ૯. એસ-લેન, દાદર, મુંબઇ. મૂલ્યઃ રૂ. ૭–૮–૦

ક્રા૦ ૮ પેજી ૧૨+૪૦૮ ફેરીન ઉંચા સફેત કાગળો પર છપાયેલા, અનેક પ્રાસંગિક ફોટાઓથી સમૃધ્ધ આ ગ્રંથમાં, મુખ્યત્વે પૂ૦ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીએ દક્ષિણ મહારાષ્ટ્ર, મ્હૈસુર સ્ટેટ, બેંગલોર તથા મદ્રાસ આદિના પ્રદેશોમાં સપરિવાર વિચરીને જૈન–જૈનેતર સમાજ પર જે અનેકવિધ ઉપકારો કર્યા છે, તેનું સુંદર, સચોટ તથા તલસ્પર્શી વર્ણન સ્વચ્છશૈલીમાં લેખકે પરિશ્રમપૂર્વક આલેખ્યું છે, વર્ણનોમાં વૈવિધ્ય છે. ભાષા ભાવવાહી છે. સાથે સાથે તત્કાલીન ઇતિહાસ, ભૌગોલિક પરિસ્થિતિ, તેમ જ સમાજનો પરિચય પણ અપાયો છે, પૂ૦ આચાર્યદેવશ્રીના કવિપ્રવર શતાવધાની પૂ૦ મુનિવર્ય્ય શ્રી કીર્તિવિજયજી મહારાજશ્રીએ પણ પોતાની સાહિત્યિક પ્રવૃત્તિ દ્વારા અને કથાગીતોની કાવ્યકૃતિઓને મધુર કંઠે વ્યાખ્યાનાદિમાં ગાઈને જે અનેકવિધ ધાર્મિક જાગૃતિ આણી છે, તેનું રસમય વર્ણન અહિં આલેખાયું છે. ગ્રંથમાં પ્રાસંગિક તાત્વિક ચર્ચા, તથા અનેક ચર્ચાત્મક સૈધ્ધાંતિક વિષયો પર વિવેચન થયેલું છે. એકંદરે ગ્રંથ સુવાચ્ય બન્યો છે. પ્રસ્તુત ગ્રંથના યોજકો, પ્રેરકો સર્વ કોઇનો

પરિશ્રમ સ્તુત્ય છે.

**અંતરનાં અજવાળાં** : લે૦ પૂ૦ મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ: પ્રકા૦ ઉપર મુજબ.

પ્રાચીન ધર્મકથાઓને નૂતન રાગ-રાગિણી પૂર્વક ભાવવાહી શૈલીમાં પૂ૦ મહારાજશ્રીએ આલેખી છે. ક્રા૦ ૧૬ પેજી ૨૪ ૨૮૪ પેજના આ ગ્રંથમાં જે જે કથાગીતો પ્રસિધ્ધ થયા છે, તે ભાષા તથા શબ્દોની ગુંથણીની દૃષ્ટિએ મનોમુગ્ધકર તથા ભાવપ્રધાન છે. નવીન રાગો હોવા છતાં કયાંયે શબ્દોમાં આછકલાપણું કે ભાવોનું કૃત્રિમપણું નથી. ઉપરાંત સ્વાભાવિક રીતે રચનાશૈલી વહી જાય છે. લેખક મહારાજશ્રીનું ભાષા પર પ્રભુત્વ અનુપમ છે. પ્રત્યેક કથાગીતનો ભાવાર્થ કથાના સાર રૂપે આ ગ્રંથમાં સંકલિત કરેલ છે, જે અતિ ઉપયોગી છે. મંગલવચનમાં પૂ૦ પંન્યાસજી મ૦ શ્રી કનકવિજયજી મહારાજે વિસ્તારપૂર્વક પ્રસ્તુત કથાગીતોને મૂલવ્યા છે. ને ધર્મકથાનુયોગની મહત્તા પર સુંદર પ્રકાશ પાડયો છે. છાપકામ સુંદર છે. પૂ૦ મહારાજશ્રીનો પરિશ્રમ સ્તુત્ય છે, આ પ્રકાશન સર્વ કોઇએ વાંચવા-વિચારવા જેવું છે.

**આર્હતધર્મપ્રકાશ** : લે૦ તથા પ્રકા૦ ઉપર મુજબ.

જૈન ધર્મના સિધ્ધાંતો તથા તેના આચાર-વિચારોની ટુંક પણ ઉપયોગી રૂપરેખા પૂ૦ મહારાજશ્રીએ આ ગ્રંથમાં આલેખી છે. ભાષા સરલ તથા લોકભોગ્ય છે. જૈન કે જૈનેતર સર્વ કોઇને જૈનધર્મનું તત્ત્વજ્ઞાન, તેના આચારો તથા તેની વિચારશ્રેણી જાણવા-સમજવા માટે આ પ્રકાશન આશીરૂપ છે. ક્રા. ૧૬ પેજી ૧૪ પેજના આ પ્રકાશનમાં ૧૪ પરિચ્છેદો દ્વારા જૈન ધર્મ પર લેખક મહારાજશ્રીએ સારો પ્રકાશ પાથર્યો છે. પાછલા પેજોમાં જૈન ધર્મ અંગેના પાશ્ચાત્ય તથા પૌર્વાત્ય વિદ્વાનોના મનનીય વિચારો પ્રસિદ્ધ થયા છે. પ્રસ્તુત પ્રકાશન પ્રત્યેક જૈનના ઘેર પોતાના ધર્મની પિછાણ કરવા-કરાવવા માટે હોવું આવશ્યક છે. ટુંકમાં જૈનધર્મરૂપ સાગરને ગાગરમાં સમાવવા માટેનું લેખન કૌશલ્ય પૂ૦ મહારાજશ્રીએ જે કેળવ્યું છે, તે માટે તેઓશ્રીને અભિનંદન !

**आर्हत धर्म प्रकाश** (મરાઠી આવૃત્તિ) લે૦ પ્રકા૦ ઉપર મુજબ.

આર્હત ધર્મ પ્રકાશ ગુજરાતી પુસ્તકનો મરાઠી અનુવાદ આ ગ્રંથમાં પ્રસિદ્ધ થયો છે. અનુવાદક ભાઈ સદાશિવ જ્ઞાનોબા કાકડે (નિપાણી હાઇસ્કુલ શિક્ષક) એ આ ભાષાંતર સુવાચ્યશૈલીએ તથા મૂલના આશયને સ્પષ્ટ કરનારી પદ્ધતિથી કર્યું છે. પ્રાક્કથનમાં મદ્રાસ જૈન માર્ગ પ્રભાવક સભાના મુખ્ય સંચાલક, પ્રસિધ્ધ ચિંતક ભાઈ શ્રી રૂષભદાસજી જૈને જૈનધર્મને અંગે સુંદર વિચારો વ્યક્ત કર્યા છે. જૈનધર્મ કઇ રીતે વૈજ્ઞાનિક ધર્મ છે, એ હકીકત તેઓએ સિધ્ધ કરી છે ક્રા૦ ૧૬ પેજી ૮૪ પેજના આ પ્રકાશનમાં પાછળના લગભગ ૩૦ પેજ સુધી જૈનેતર ઈતર વિદ્વાનોએ જૈનધર્મને જે હૃદયની સરળતાથી ભવ્ય અંજલી અર્પી છે, તે હકીકત આલેખાઈ છે. મરાઠી ભાષાના જાણકારોને- મુખ્યત્વે મહારાષ્ટ્રીય પ્રજાને જૈનધર્મની પીછાણ કરાવવા આ પ્રકાશન ઉપયોગી બનશે, તે નિશંક છે.

Jainism in nut-shell લે૦ તથા પ્રકા૦ ઉપર મુજબ.

'આર્હત ધર્મ પ્રકાશ' ગ્રંથનો ઇંગ્લીશ

ભાષામાં અનુવાદ, આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયો છે. અનુવાદક શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી ( B. A. B. sc. BAR. AT. LAW ) જે. પી. (સ્મોલ કોઝ કોર્ટ જજ, મુંબઈ) એ સરલ તથા સુવાચ્યશૈલીયે અનુવાદ કર્યો છે, જેનું પુરોવચન–PRELUDE શ્રી રીષભદાસજી જૈને લખ્યું છે. ક્રા૦ ૧૬ પેજી ૮૦ પેજનું આ પુસ્તક ઇંગ્લીશભાષામાં જૈનધર્મની રૂપરેખા દર્શાવે છે. પૂ૦ મહારાજશ્રીના આ પ્રકાશનની ગુજરાતી, હીંદી, તામિલ, ઇંગ્લીશ, કાનડી, મરાઠી, તેલુગુ–એમ ભારતની ૮ ભાષામાં કુલ ૫૫ હજાર નકલો પ્રસિદ્ધ થઇ છે. તે જ આ પુસ્તકની સર્વજનોપયોગિતા તથા મહત્તા પૂરવાર કરે છે. અનુવાદકે પ્રયત્ન સુંદર કર્યો છે.

જૈનધર્મ જેવા વિશ્વકલ્યાણકર ધર્મના પ્રચારને તથ પ્રભાવને વેગ આપનારા તથા જગતના મૌલિક ધર્મનાં રહસ્યને પ્રસિદ્ધ કરનારાં આ પ્રકાશનોની પૂંઠે ખર્ચાતા તન, મન, તથા ધન ખરેખર સફલ બને છે.

**ત્રણ મહાપુરુષો** : લે૦ પૂ૦ પાદ આ૦ મ૦ શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ૦ સંપા૦ પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મ૦ પ્રકા૦ ઉપર મુજબ મૂ૦ આઠ આના.

વીસમી સદીના મહાન ઉપકારક ન્યાયાંભોનિધિ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (પૂ૦ આત્મારામજી મ૦) મહારાજ, નિઃસ્પૃહ શિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ તથા જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦—આ ત્રણે ઉપકારી પૂજ્ય મહાપુરુષોની ટુંક જીવનરેખા આ પ્રકાશનમાં લેખક પૂ૦ આચાર્ય મહારાજશ્રીએ આલેખી છે. પ્રારંભના ૧૬ પેજમાં પૂ૦ આત્મારામજી મહારાજ તથા પૂ૦ આ૦ મ૦ શ્રી વિજયકમલસૂરીશ્વરજી મ૦ ના જીવન પ્રસંગોનું અતિ ટુંકું વર્ણન કર્યું છે. બાદ ૧૭ થી ૮૭ પેજમાં પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીનું જીવનચરિત્ર આલેખાયું છે. પૂ૦ ઉપકારી મહાપુરુષોના ગુણોની સ્તવના એ કૃતજ્ઞ આત્માઓનું કર્તવ્ય છે. આ દૃષ્ટિએ પૂ૦ આચાર્યદેવશ્રીનો પરિશ્રમ સફળ છે. ક્રા૦ ૧૬ પેજી ૮×૮૮ પેજનું આ પ્રકાશન પૂ૦ સૂરિદેવોનાં મહાન વ્યક્તિત્વનો સુંદર પરિચય આપવા પૂર્વક તેઓશ્રીની પ્રભાવકતા પ્રત્યે અહોભાવ જાગ્રત કરનારૂં છે.



**નૂતન જિન સ્તવનાવલી** : લે૦ પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મ૦ પ્રકા૦ ઉપર મુજબ.

નૂતન રાગ–રાગિણીમાં પ્રભુભક્તિના ગીતો પૂ૦ મહારાજશ્રીએ આ લઘુ કૃતિમાં રચ્યાં છે. બાલજીવોને આ દ્વારા પણ શ્રી જિનેશ્વર ભગવંતનું નામ સ્મરણ રહે, રટણ તથા ભકિતભાવ હૈયામાં સ્થાપિત થાય, આ જ એક ઉદ્દેશ આ પરિશ્રમ પાછળ રહેલો છે. ક્રા૦ ૧૬ પેજી ૩૨ પેજના આ પ્રકાશનમાં ૪૧ પ્રભુભકિત ગીતો પ્રસિદ્ધ થયા છે.

**જૈનાચાર્ય શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી** : લે૦ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ પ્રકા૦ ઉપર મુજબ.

પૂ૦ પાદ આચાર્ય મ૦ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજશ્રીનાં પ્રભાવક તથા તેજસ્વી વ્યકિતત્વનો ટુંક પરિચય આ પુસ્તિકામાં પણ હૃદયંગમ શલીમાં આપ્યો છે. લેખક શ્રી શતાવધાની તથા વિદ્વાન લેખક છે. તેઓનો પરિશ્રમ સારો છે. ક્રા૦ ૧૬ પેજી

૨૨ પેજની આ પુસ્તિકામાં પૂ૦ પાદ સૂરિદેવ-શ્રીની જીવન રેખા કુશળતા પૂર્વક આલેખાઈ છે.

**કવિકુલ તિલક પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મ૦** લે૦ તથા પ્રકા૦ ઉપર મુજબ.

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયલક્ષ્મણ-સૂરીશ્વરજી મહારાજશ્રીના શતાવધાની કવિકુલ-તિલક પૂ૦ મુનિપ્રવર શ્રી કીર્તિવિજયજી મ૦ ના જીવન તથા કવનની અનેકવિધ હકીકતો ટુંકમાં પણ સરળ ભાષામાં આ પુસ્તિકામાં આલેખાઇ છે. પૂ૦ મહારાજશ્રીનાં સાધુ જીવ-નની તથા સાહિત્ય સાધનાની સુરેખ છબી આ પ્રકાશનમાં આલેખાઇ છે. ક્રા૦ ૧૬ પેજી ૩૨ પેજના આ પ્રકાશનમાં લેખકે પૂ૦ મહારાજ-શ્રીનો ઉપયોગી જીવન પરિચય આપ્યો છે.

**પ્રતિષ્ઠાકલ્પાદિ અત્યુપયોગી વિધિઓ :** (ભાગ ૨ જો) સંયો૦ પ્રકા૦ શ્રી સોમચંદભાઈ હરગોવિંદદાસ છાણી. અને શ્રી છબીલદાસ કેશરીચંદ સંઘવી. ખંભાત. મૂલ્ય: પ્રથમ અને દ્વિતીય ભાગ બન્નેના રૂા. ૧૧)

જૈન શ્વે૦ મૂ૦ સમાજમાં પ્રચલિત કુંભ-સ્થાપનાની વિધિનાં અનુષ્ઠાનોથી માંડી જિન-બિંબ પ્રવેશ, પ્રાસાદ અભિષેક, પ્રભુપ્રતિષ્ઠા આદિ અનેક અનુષ્ઠાનોની શાસ્ત્રીય વિધિ આ પ્રતાકાર ગ્રંથમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે. લેજર પેપરો પર ૧૨×૧૩૦ પેજ પર છપાયેલી આ પ્રતમાં; વર્ષોથી સમાજમાં વિધિવિધાનોના અનુષ્ઠાનો કરાવનારનું સંયોજન-સંપાદન છે, તે દૃષ્ટિએ આ પ્રકાશન ઉપયોગી બને છે, નંદ્યા-વર્ત યંત્રનું તથા વીસસ્થાનક યંત્રનું ચિત્ર પણ આ પ્રતમાં મૂકેલ છે. સંપાદકોનો પરિશ્રમ સારો છે. પ્રચલિત વિધિ-વિધાનો માટેના સર્વ સંગ્રહરૂપ આ ગ્રંથ અનેક રીતે ઉપયોગી બન્યો છે. શુધ્ધિ માટે લક્ષ્ય રાખ્યું છે. કેટલાક પ્રચ-લિત રીવાજોમાં સુધારો કરવાની સૂચના આપી છે. ‘ભુવણદેવી’ની સ્તુતિમાં ‘ભુવન’ ના ‘સ્થાને’ ‘ભવણ’ શબ્દ મૂકયો છે. એટલે ‘ભવણદેવયા’ શબ્દ આજે પ્રચલિત છે, તે વિચારણા માગે છે. એકંદરે વિધિ-વિધાનો માટે આ ગ્રંથ ઉપ-યોગી છે. સંપાદક-સંયોજકોનો પરિશ્રમ સારો છે. અત્યાર અગાઉનાં બધાં પ્રકાશનોમાં આ પ્રકાશન, સવિશેષ ઉપયોગી બનશે, એ નિઃશંક છે.

**ષોડશક પ્રકરણ વ્યાખ્યાન સંગ્રહ:** (ભા૦ ૨) દેશનાકારઃ પૂ૦ પાદ સાગરાનંદ-સૂરીશ્વરજી મહારાજ, સંશોધકઃ પૂ૦ શ્રી ચંદન-સાગરજી ગણિવર્ય. પ્રકા૦ શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા. મૂલ્ય ૨-૧૨-૦

પૂ૦ સ્વર્ગીય આચાર્યદેવ શ્રીમદ્‌ સાગરા-નંદસૂરીશ્વરજી મહારાજશ્રી, બહુશ્રુત, આગમ-તત્ત્વવેત્તા તથા સૂક્ષ્મ વિવેચક તેમ જ સમર્થ વ્યાખ્યાનકાર હતા. તેઓશ્રીની વ્યાખ્યાનશકિત ઉંડી, ગંભીર તથા તાત્ત્વિક હતી. તર્કબદ્ધ પ્રજ્ઞાનો વૈભવ તેઓશ્રીને વરેલો હતો. આવા સમર્થ સૂરિદેવશ્રીએ પૂ૦ આચાર્યદેવશ્રી હરિ-ભદ્રસૂરીશ્વરજી મહારાજના ષોડશક પ્રકરણને અનુલક્ષીને આપેલાં ૩૫ મનનીય, બોધક તથા તાત્ત્વિક વ્યાખ્યાનોનો અત્યુત્તમ સંગ્રહ અહિં પ્રસિધ્ધ થયો છે. આ બીજા ભાગનો પ્રથમ ભાગ, વિ૦ સં૦ ૨૦૦૫ ની સાલમાં ષોડશક ઉપરનાં પૂ૦ પાદ સૂરિદેવશ્રીનાં વ્યાખ્યાનોનો જેમાં ૧ થી ૨૪ વ્યાખ્યાનો હતા, તે પ્રસિધ્ધ થયેલો. બાદ ૨૦૧૩માં આ બીજો ભાગ ૨૪ થી ૫૮ વ્યાખ્યાનો સુધીનો પ્રસિદ્ધ થાય છે. વ્યા-ખ્યાનો ખૂબ જ સચોટ તથા ઉદ્‌બોધક છે. અવતરણકાર પૂ૦ મુનિરાજ શ્રી સૌભાગ્યસાગર-

જીએ પરિશ્રમ સારો લીધો છે. ક્રા૦ ૧૬ પેજી ૪×૩૩૬ પેજના આ ગ્રંથમાં પૂ૦ સ્વર્ગીયસૂરિદેવશ્રીનાં ષોડશક પ્રકરણના સદ્ધર્મદેશના અધિકાર ૫૨ ૩૫ પ્રવચનો છે. અને પાછળના પેજોમાં તે સૂરિદેવશ્રીના આગમાધિકાર ષટ્ત્રિંશિકા તથા આગમસ્તવ નામના બે સંસ્કૃત પ્રકરણો અર્થ સહિત પ્રસિદ્ધ થયાં છે. એકંદરે આ ગ્રંથ સર્વ કોઇ જિજ્ઞાસુ ધર્મશીલ વર્ગને મનનીય તથા રસપ્રદ બનશે, એ નિઃશંક છે.

**શ્રી વ્રજપાલ સ્વામી ચરિત્ર :** સંપા૦ મુનિ શ્રી પૂનમચંદ્રજી મ૦ પ્રકા૦ સમયધર્મ કાર્યાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) મૂલ્ય ૧-૮-૦

કચ્છના આઠ કોટિ મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં થઈ ગયેલા પ્રસિદ્ધ આચાર્ય શ્રી વ્રજપાલ સ્વામીનું જીવન ચરિત્ર સરલ ભાષામાં તથા સ્વચ્છ શૈલીમાં અહિં આલેખાયું છે. સ્થા૦ જૈનાચાર્ય શ્રી વ્રજપાલજી સ્વામી મૂર્તિપૂજામાં શ્રધ્ધા ધરાવનારા સરલ સ્વભાવી તથા તેજસ્વી વ્યકિત હતા. શરૂમાં તેઓને તેરાપંથી મતની શ્રધ્ધા હતી. બાદ તેઓને જેમ જેમ વસ્તુ યથાર્થ સમજાતી ગઇ તેમ તેમ તેઓ સ્થાનકવાસી સંપ્રદાયમાં હોવા છતાં મૂર્તિના વિષયમાં શ્રધ્ધા ધરાવનારા બન્યા હતા. તેમને તેમના પૂજ્ય શ્રી સાથે આ વિષે જ્યારે ચર્ચા થયેલી, ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે, એ વાત સાચી છે કે, મૂર્તિ અનાદિકાળની છે. જેમ નામ વંદનીય છે, તેમ મૂર્તિ પણ વંદનીય છે. એમ અમે માનીએ છીએ (પેજ ૧૦૪) જીવન ચરિત્રનો આ ગ્રંથ વિષયવર્ણનમાં સરળપણે પ્રવાહબધ્ધ વહે છે, છતાં કેટલીક બાબતોમાં લેખકે વર્તમાન પ્રવાહની સમીક્ષા કરતાં પોતાના વિચારો રજૂ કરવામાં ગ્રંથની સરળ શૈલીમાં ડોળાણ કર્યું છે, તે અનાવશ્યક હતું. ક્રા૦ ૧૬ પેજી ૨૬+૨૨૪ પેજનો આ ગ્રંથ છાપકામ ગેટ-અપ આદિથી આકર્ષક બન્યો છે.

**સંભવનાથસ્વામી સ્તવનાવલી અને ચરિત્ર :** પ્રકા૦ શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધાર ફંડ માટે: શેઠ ભાઇચંદભાઇ નગીનભાઇ ઝવેરી સુરત. મૂલ્ય ૧૨ આના.

સુરત ખાતે ગોપીપુરામાં ઝવેરી મંછુભાઈ તલકચંદનું પોતાનું ભવ્ય ઘર દેરાસર છે, જેમાં મૂલનાયક શ્રી સંભવનાથ સ્વામીની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૬૩ જેઠ સુદિ બીજના થયેલી. તેને વિ૦ સં૦ ૨૦૧૩ જેઠ સુદિ બીજના શુભ દિવસે ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. તેની શુભ સ્મૃતિ નિમિત્તે આ ગ્રંથનું પ્રકાશન થયું છે. આ ગ્રંથમાં વિ૦ સં૦ ૧૬૫૮ થી માંડી વિ૦ સં૦ ૨૦૦૭ સુધી રચાયેલાં ભ૦ શ્રી સંભવનાથ સ્વામીના ૯૮ સ્તવનો, ચૈત્યવંદનોનો સુંદર સંગ્રહ પ્રસિધ્ધ થયો છે. તેમ જ આલોચના રૂપ શ્રી સીમંધર જિન સ્તવન, પુણ્ય પ્રકાશનું સ્તવન, પણ સાથે છે. તથા ભ૦ શ્રી સંભવનાથ સ્વામીનું ટુંકું જીવનચરિત્ર, જે પંન્યાસજી મ૦ શ્રી દક્ષવિજયજી ગણિવરે લખેલું છે, તે તથા સુરતના જિનાલયોની નોંધ, ચોવીશ તીર્થંકરોના ૭ વસ્તુનો કોઠો ઇત્યાદિ ઉપયોગી સંગ્રહ પ્રસિધ્ધ થયો છે, પ્રારંભના પેજોમાં છંદ-સ્તોત્રો છે. બાદ શ્રી સંભવનાથ જિનાલયની ટુંક રૂપરેખા આલેખાઇ છે. ઉંચા ફેરીન એન્ટીક કાગળોમાં સમગ્ર પુસ્તક, સુંદર છાપકામથી સુશોભિત બન્યું છે. ક્રા૦ ૧૬ પેજી ૫૮+૧૭૬ પેજનો આ ગ્રંથ સળંગ છીંટના પાકા બાઇન્ડીંગથી મજબૂત તથા સુંદર બન્યો છે. પુસ્તકના પ્રકાશન પાછળ તન, મન તેમ જ ધનનો વ્યય સફલ બન્યો છે.

**વિબુધાનંદ નાટક :** મૂલ લે૦ પૂ૦ શ્રી શીલાંકસૂરિજી મ૦ અનુવાદક-સંપા૦ પુરુષોત્તમચંદ્ર જૈન શાસ્ત્રી. પ્રકા૦ હરિયાના બુક ડીપો, દેહલી રોડ, રોહતક. (મધ્ય પ્રદેશ)

આચારાંગસૂત્ર પર ટીકા રચનાર પૂ૦ આ૦ મ૦ શ્રી શીલાંકસૂરિજી મહારાજશ્રીનું રચેલ આ કરૂણાંત નાટક સંસારની અસારતા પ્રબોધી જાય છે. રાષ્ટ્રકૂટ રાજવંશનો રાજકુમાર લક્ષ્મીધર પિતાથી રીસાઇને રાજ્યશેખર રાજાના રાજ્યમાં આવે છે, તે રાજાની કુમારી બંધુમતીની સાથે તેનો સ્નેહ બંધાય છે, લગ્નનું નક્કી થાય છે, મહોત્સવ મંડાય છે, ને અચાનક આભૂષણોની પેટીમાં રહેલા સર્પના દંશથી રાજકુમાર મૃત્યુ પામે છે. તેની ચિતામાં બંધુમતી પડીને મૃત્યુ પામી પ્રાંતે રાજા-રાણી વૈરાગ્યવાસિત બની દીક્ષા અંગીકાર કરે છે. ગ્રંથકારે 'ચઉપણ્ણ મહાપુરુસ ચરિયં' ગ્રંથ •રચ્યો છે, તેમાં પ્રસ્તુત નાટક આલેખ્યું છે. તેમાંથી સંપાદકે પરિશ્રમપૂર્વક મૂલ નાટક, તેનો છાયાનુવાદ તથા હિંદી અનુવાદ આ લઘુ પુસ્તિકામાં પ્રસિદ્ધ કર્યો છે. ગ્રંથકાર પૂ૦ આચાર્યદેવશ્રીનો સમય વિ૦ ના દશમાં શતકનો પ્રારંભ કાલ ગણાય છે. કારણ કે, આચારાંગ સૂત્રની ટીકાનો કાલ વિ૦ સં૦ ૯૦૭ થી ૯૩૩ સુધીનો ગણાય છે, ક્રા૦ ૧૬ પેજી ૪૮ પેજની આ પુસ્તિકામાં ૯ પાત્રોવાળું પ્રાચીન સંસારસ્વરૂપદર્શક, બોધક નાટક પ્રસિધ્ધ થયું છે. સંપાદકનો પરિશ્રમ પ્રશંસાઈ છે. સંપાદક રોહતકની વૈશ્યકોલેજના પ્રોફેસર છે.

**સાગરનાં મોતી :** લે૦ પૂ૦ મુનિરાજ શ્રી ભાનુચંદ્રવિજયજી મહારાજ. પ્રકા૦ શાહ કેશરીચંદ જવારમલજી લલવાણી. આત્માનંદ જૈન લાયબ્રેરી, ૧૧૧, વેતાલપેઠ, પુના. ૨: મૂલ્ય: ૧-૯-૦

સંસ્કારપ્રેરક પ્રાચીન તથા અર્વાચીન કથાઓને અદ્યતન ઢબે સરલ છતાં તેજસ્વી શૈલીયે આલેખીને પૂ૦ લેખક મહારાજશ્રીએ સુંદર વાર્તા સંગ્રહ અહિં રજુ કર્યો છે, 'કુલદીપક' કથા આર્યરક્ષિતનાં જીવનનો બોધક સંદેશ આપે છે.• એ સિવાય અન્ય ~~બોધ~~ કથાઓ જીવનમાં સાંસ્કારિક બોધ આપે છે. ભાષા સરળ છે. શૈલી સ્વચ્છ અને ભાવવાહી છે. ક્રા૦ ૧૬ પેજી ૮+૧૫૨ પેજનો આ ગ્રંથ છાપકામ આદિથી આકર્ષક છે. લેખક પૂ૦ મહારાજશ્રી પ્રાચીન કથાઓને અદ્યતન ઢબે ધર્મકથાનાં મૂલ પ્રાણને જાળવીને આલેખે તો વધુ લાભદાયી બનશે, એ નિઃશંક છે. આપણી પ્રાચીન કથાઓમાં પણ શિક્ષણ, સંયમ, સંસ્કાર, તપ, ત્યાગ ઇત્યાદિના તત્ત્વો સુંદર રીતે સંકળાયેલાં છે, 'સેવાસમાજ' પત્રમાં આ કથાઓ પ્રસિધ્ધ થયેલી હતી, તેનું અહિં પુનર્મુદ્રણ થયેલ છે.

## સા ભા ર સ્વી કા ર

**(૧) જૈન દૃષ્ટિયે ક્રમિક આત્મવિકાસ:** લે૦ શ્રમણ શિશુ. પ્રકા૦ શેઠ પુરુષોત્તમદાસ સુરચંદ જૈન બોર્ડીંગ ધ્રાંગધ્રા (સોરાષ્ટ્ર) મૂલ્ય: ૧ રૂા. ક્રા૦ ૧૬ પેજી ૨૪-૧૨૮ પેજ

**(૨) શ્રી પૂજા પદ્ધતિકી સમાલોચના :** લે૦ પૂ૦ આચાર્ય મ૦ શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય પૂ૦ મુનિરાજ શ્રી અભ્યુદયસાગરજી મ૦ પ્રકા૦ રાજસ્થાન જૈન સંસ્કૃતિ રક્ષક સભા. બ્યાવર (રાજસ્થાન) મૂ૦ ૧ રૂા. ક્રા૦ ૧૬ પેજી ૪-૧૪૨ પેજ.

**(૩) મૂર્તિપૂજા કા શાસ્ત્રોક્ત મહત્વ:** પ્રકા૦ શ્રી જૈન સાહિત્ય પ્રસાર સમિતિ, બ્યાવર (રાજસ્થાન) મૂ૦ ૧૨ આના.